Website : www.rakhewaldaily.com
Email : rakhewal@gmail.com

વર્ષ : ૩૪ ● અંક : ૧૦૯
તા.૨૫-૦૫-૨૦૧૮, શુક્રવાર
સંવત ૨૦૭૪ અધિક જેઠ સુદ - ૧૧
પાના : ૮ ● કિંમત રૂા.૨-૦૦

સૂર્યોદય : ૦૫:૫૬ સૂર્યાસ્ત : ૦૭:૧૭

તાપમાન
ડીસા ૪૩.૪
અમદાવાદ ૪૨.૫
ગાંધીનગર ૪૩.૬
વડોદરા ૪૧.૮
સુરત ૩૪.૬
નલિયા ૩૭.૬

ચાંદી : ૪૦૫૦૦ સોનું : ૩૨૦૦૦

P.R.No. GBK/06/2018-20 RNI No 20508/71
Facebook.com/rakhewal

ઉત્તર ગુજરાતનું પ્રથમ દૈનિક

રખેવાળ

સંવર્ધક તંત્રી : અમૃતભાઈ શેઠ
પો.બો. નં. ૧, માનવ મંદિર - ડીસા, ફોન : ૨૨૦૨૬૪, ૨૨૨૭૬૪ ફેક્સ : (૦૨૭૪૪) ૨૨૦૬૮૪ પાલનપુર ફોન-૨૫૩૦૦૪, અમદાવાદ ફોન. ૨૬૪૦૭૧૪૭
જનસેવાની પરંપરાના ૭૩ વર્ષ...

સાવધાન : ગુજરાતમાં ચાર દીવસ સુધી હિટવેવ રહેશે

આગામી ચાર દિવસ લોકોને વધુ મુશ્કેલી પડવાના સંકેત : રાજયમાં સૌથી વધુ તાપમાન કંડલા એરપોર્ટ પર ૪૩.૮ ડીગ્રી

અમદાવાદ

અમદાવાદ સહિત ગુજરાતના મોટાભાગના વિસ્તારોમાં મહત્તમ તાપમાનમાં બુધવારની સરખામણીમાં આજે ગુરુવારે આંશિક ઘટાડો થયો હોવા છતાં લોકોને આગઝરતી ગરમીનો અનુભવ થયો હતો. મહત્તમ તાપમાન મોટાભાગના વિસ્તારોમાં આજે ૪૧થી ૪૩ ડિગ્રીની આસપાસ રહ્યો હતો. આજે રાજયના વિવિધ ભાગોમાં મહત્તમ તાપમાન ૪૧થી ૪૩ વચ્ચે રહ્યું હોવા છતાં જનજીવન ઉપર યથાવત અસર થઈ હતી. બપોરના ગાળામાં લોકોએ આગઝરતી ગરમીનો અનુભવ કર્યો હતો. આગામી બે દિવસ દરમિયાન પારો ૪૦થી ૪૪ની વચ્ચે રહી શકે છે. હવામાન વિભાગ તરફથી આગામી ચાર દિવસ માટે હિટવેવની ચેતવણી જારી કરવામાં આવી છે. જેના લીધે તંત્ર વધારે સાવધાન થઈ ગયું છે. આજે અમદાવાદમાં મહત્તમ તાપમાન ૪૨.૫ ડિગ્રી અને લઘુત્તમ તાપમાન ૨૬.૮ ડિગ્રી નોંધાયું હતું. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા લોકોને રાહત આપવા માટે જુદા જુદા વિસ્તારમાં પાણીની વિશેષ વ્યવસ્થા પણ કરવામાં આવી છે. ઘણી જગ્યાઓએ પાણીના જગ મુકાયા છે. સ્વૈચ્છિક સંસ્થાઓ પણ અનેક વિસ્તારોમાં સક્રિય થયેલી છે. જેના પરિણામ સ્વરૂપે લોકોને તીવ્ર ગરમી વચ્ચે મદદ કરવામાં આવી રહી છે. આવતીકાલે અમદાવાદમાં મહત્તમ તાપમાન ૪૩ની આસપાસ રહી શકે છે. ઉત્તર ગુજરાત અને સૌરાષ્ટ્રમાં પણ આજે તીવ્ર ગરમીનો અનુભવ થયો હતો. બપોરે ગરમ હવાના કારણે લોકો ત્રાહિમામ પોકારી ગયા હતા. હવામાન વિભાગ તરફથી હિટવેવને લઈને કોઈ ચેતવણી જારી કરાઈ નથી પરંતુ લોકો જોખમ લઈને બહાર નીકળવા માટે તૈયાર નથી. ગરમીના કારણે ઈન્ફેકશનની શક્યતા પણ દેખાઈ રહી છે. તંત્ર તરફથી પણ બિનજરૂરી રીતે લોકોને બહાર ન નિકળવા માટે સૂચના આપી દેવામાં આવી છે. તીવ્ર ગરમી વચ્ચે સાવચેતી રાખવા જરૂરિયાત દેખાઈ રહી છે.

એકની લાશ મળી, એક હજુ લાપતા...

લુદરા કેનાલમાં બે આદિવાસી યુવતીઓ ડુબી જતાં દોડધામ

તાલુકા પ્રતિનિધી દીઓદર

દીઓદર તાલુકાના લુદરા કેનાલ પાસે રેલ્વે ઓવર બ્રીજનું કામ કાજ ચાલી રહ્યું છે.જ્યાં આદિવાસી મજુરો દ્વારા કામ કરાઈ રહ્યું છે.ત્યાં મજુરી કામ કરતા માતાને ૨ દિવસ પહેલા જ મળવા માટે આવેલ દાહોદ જિલ્લાના અનાસ કોટડા ગામના મેડા (આદિવાસી) લક્ષ્મીબેન મકનભાઈ (ઉ.વ. ૧૩) તેમજ પીન્કાબેન મકનભાઈ ડામોર (આદિવાસી) (ઉ.વ.૧૩) બંને યુવતીઓ તા.૨૪-૫-૨૦૧૮ના રોજ સાંજના ૪ વાગ્યાના સુમારે લુદરા પાસે આવેલી નર્મદા કેનાલમાં નહાવા માટે પડી હતી.તે સમય દરમ્યાન નહાતા સમયે એક યુવતી કેનાલમાં ડુબવા લાગતાં બીજી યુવતી તેને બચાવવા જતાં જોત જોતામાં બંને યુવતીઓ કેનાલમાં ડુબી ગયેલ.આ ઘટનાની જાણ બાજુમાં રહેતા લોકોને થતાં તેઓએ તાત્કાલીક સ્થાનિક લોકોને જાણ કરતાં ઘટના સ્થળે મોટી સંખ્યામાં લોકોના ટોળે ટોળા દોડી આવેલ અને લાશની શોધખોળ હાથ ધરેલ. શોધખોળ દરમ્યાન લક્ષ્મીબેન મકનભાઈ (ઉ.વ.૧૩)ની લાશ મળી આવેલ છે અને પીન્કાબેન મકનભાઈની લાશ આ લખાય છે ત્યાં સુધી મળી આવેલ નથી.લાપતા થયેલ યુવતીને શોધવા માટે તરવૈયાઓની પણ મદદ લેવામાં આવી છે.આ સમયે સ્થાનિક લોકોએ ૧૦૮ને જાણ કરતાં ૧૦૮ના પાયલોટ દિનેશભાઈ નાઈ તેમજ ઈ.એમ.ટી.મુકેશભાઈ ગૌસ્વામીએ ઘટના સ્થળે જઈ એક યુવતીને રેફરલ હોસ્પિટલ ખાતે ખસેડેલ.આ ઘટના બનતાં વતનીમાંથી માતાને મળવા આવેલી પુત્રી કેનાલમાં ડુબી જતાં માતા ચોધાર આંસુએ રડી પડેલ.

વિચાર વૈભવ...

વિશ્વાસના વહાણ

ગુજરાતીઓની સંસ્કૃતિ છેલ્લા હજારેક વર્ષમાં મુખ્યત્વે સમુદ્રની સપાટી પર ઘડાયેલી સંસ્કૃતિ છે. આપણા ઘણા સંસ્કારો, પરંપરાઓ, ભાષા અને રીત રિવાજો, દરિયા પાસેથી આપણે પ્રાપ્ત કર્યા છે. આપણી ઉદારતા, સહનશીલતા, પરોપકારવૃત્તિ, સજ્જનતા, વ્યાપાર કુશળતા, અને સાહસિકતા પણ સમુદ્રએ જ આપણને ભેટ આપેલો ગુણરત્નભંડાર છે. એમાંનો સૌથી મોટો ગુણ વિશ્વાસ છે. ગુજરાતીઓ બીજા પર બહુ જ ઝડપથી વિશ્વાસ મૂકી શકે છે. એટલુ જ નહિ બીજાએ મુકેલા વિશ્વાસને સાચો પાડવા માટે તે આકરી મહેનત કરે છે. સુર્ય અને ચંદ્ર ખોટા પડે તો ભલે પણ વિશ્વાસ ખોટો પડવો ન જોઈએ એ આપણી વ્યક્તિગત અને જાહેર જીવનની પ્રમુખ આચારસંહિતા છે. આર્થિક ઉથલપાથલોથી ભરેલા વર્ષો જ્યારે જગતના સમયચક્રમાં આવી રહ્યા છે. ત્યારે પ્રજાને તેના આ મુખ્ય સદ્‌ગુણનું પુનઃ સ્મરણ કરાવવું જરૂરી છે. બધું તૂટી જવા દેજો, બધું ભાંગી જવા દેજો પરંતુ વિશ્વાસ તૂટવા દેશો નહિં.

- ગિજુભાઈ ભરાડ

સાર સમાચાર...

બિટકોઇન કેસ : ૧૦ આરોપી વિરૂદ્ધ સમન્સ જારી

અમદાવાદ

ગુજરાતભરમાં ખળભળાટ મચાવનારા બિટકોઈન કૌભાંડમાં મૂળ ફરિયાદી એવા કહેવાતા બિલ્ડર શૈલેષ ભટ્ટ જ મુખ્ય સૂત્રધાર આરોપી તરીકે નીકળ્યા બાદ અને શૈલેષ ભટ્ટ સહિતના ૧૦ આરોપીઓ સામે ખંડણી, અપહરણ સહિતના ગંભીર ગુનાની નવી ફરિયાદ દાખલ થયા બાદ હવે કેસના નવા ડેવલપમેન્ટમાં સીઆઈડી ક્રાઈમ દ્વારા શૈલેષ ભટ્ટ સહિતના દસ આરોપીઓને તપાસનીશ એજન્સી સમક્ષ હાજર થવા માટે સમન્સ જારી કરાયા છે. બીજીબાજુ, આ કેસમાં હવે નાસતો ફરતો શૈલેષ ભટ્ટ હવે ભૂગર્ભમાં ઉતરી ગયો છે અને વિદેશ ભાગી જવાની ફિરાકમાં છે, તેથી સીઆઈડી ક્રાઈમે શૈલેષ ભટ્ટને ઉઠાવવા માટે અલગ-અલગ આઠ ટીમો બનાવી દોડતી કરી છે. શૈલેષ ભટ્ટને પકડવા માટે સીઆઈડી ક્રાઈમ દ્વારા દિલ્હી, મુંબઈ, ચંદીગઢ સહિતના સ્થળોએ તપાસ કરવામાં આવી રહી છે.

મોરીયા ફાયરિંગ વીથ લૂંટ કેસમાં ક્રાઈમ બ્રાંચે એક શખ્સને ઉઠાવ્યો હોવાના અહેવાલ

ધનાલી ગામના શકમંદ શખ્સની ધરપકડ કરાઇ હોવાની ચર્ચા

તા.પ્રતિ. વડગામ

વડગામ તાલુકાના મોરીયા ગામની દૂધમંડળીના મંત્રી તેમના મિત્ર સાથે દસ દિવસ અગાઉ સવારના સુમારે ધનાલી ગામે આવેલી બેંકમાંથી પશુપાલકોના દૂધના નાણાંની રકમ રૂપિયા ૧૮ લાખ બાઈક ઉપર લઈને પરત ફરી રહ્યા હતા. ત્યારે ધનાલીથી મોરીયા વચ્ચે કારમાં આવેલા અજાણ્યા શખ્સો હવામાં ફાયરિંગ કરી મંત્રી ઉપર હૂમલો કરી તેમની પાસેથી રૂપિયા ૧૮ લાખની લૂંટ કરી ફરાર થઈ ગયા હતા. આ ઘટનાને પગલે સમગ્ર જીલ્લામાં ચકચાર મચી જવા પામી હતી. ફાયરીંગ વીથ લૂંટના આ ચકચારી કિસ્સામાં અમદાવાદ ક્રાઈમ બ્રાંચની ટીમે ગુરૂવારે ધનાલી ગામના એક શખ્સની અટકાયત કરી હોવાનું ચર્ચાઈ રહ્યું છે. વડગામ તાલુકાના ધનાલી ગામે આવેલી બનાસડેરીની દૂધમંડળીની શાખાના મંત્રી જગદીશભાઈ લોહ અને તેમના મિત્ર બાઈક લઈ પશુપાલકોના દૂધના નાણાં લેવા માટે ધનાલી ગામે આવેલી બીડીસીસી બેંકમાં ગયા હતા. જ્યાંથી રૂપિયા ૧૮ લાખની રકમ થેલામાં મુકી બાઈક ઉપર પરત આવી રહ્યા હતા. ત્યારે ધનાલીથી મોરીયા વચ્ચે ભોખરી ગામના પાટીયા પાસે વળાંકમાં પાછળથી સફેદ કલરની કારમાં આવેલા અજાણ્યા શખ્સોએ બાઈકને આંતરીને ઉભુ રખાવ્યું હતુ. અને બાઈક સવાર બંનેને રિવોલ્વર બતાવી નીચે પાડી દીધા હતા. જોકે, જગદીશભાઈ લોહ નાણાં બચાવવા માટે થેલો લઈને ભાગ્યા હતા. પરંતુ લૂંટારૂઓએ તેમની પાછળ પડી હવામાં ફાયરિંગ કરી થેલો આંચકી નાસી છુટ્યા હતા. ઘટનાની જાણ થતાં સમગ્રપંથકમાં ભારે ઉત્તેજના પ્રસરી જવા પામી હતી.

અનુસંધાન પાના નં.૬

કોલકત્તા અને હૈદરાબાદ વચ્ચે આજે ફાઈટ ટુ ફિનિશ જંગ

કોલકત્તા

ઈન્ડિયન પ્રિમિયર લીગ-૧૧ની બીજી ક્વાલિફાયર મેચમાં હવે આવતીકાલે કોલકત્તા નાઈટ રાઈડર્સ અને સનરાઈઝ હૈદરાબાદ વચ્ચે રોમાંચક જંગ ખેલાશે. એલિમિનેટર મેચમાં કોલકત્તા નાઈટ રાઈડર્સે રાજસ્થાન રોયલ્સ પર ૨૫ રને જીત મેળવીને બીજી ક્વાલિફાયરમાં એન્ટ્રી કરી લીધી છે. રાજસ્થાન રોયલ્સના પડકારનો આની સાથે જ અંત આવ્યો હતો. આ મેચમાં રાજસ્થાનની ટીમે કોઈ લડાયક દેખાવ કર્યો ન હતો. વિકેટો હાથમાં હોવા છતાં કોલકત્તા સામે જીત મેળવવા માટે પ્રયાસ કર્યા ન હતા.

સામઢીમાં ઢોલ વગાડવા મુદ્દે વાલ્મિકી યુવક પર હૂમલો થયાના ગંભીર આક્ષેપો

અંદરો–અંદરના ઝઘડામાં છોડાવવા ગયેલા સરપંચ સહિત પાંચ સામે ફરિયાદ : ત્રણની અટકાયત

પાલનપુર

પાલનપુર તાલુકાના સામઢી ગામે ગત રાત્રે દલિત યુવક પર ઢોલ વગાડવાના મુદ્દે હુમલો કરાયો હોવાના કિસ્સાને લઈ પોલીસ દોડતી થઈ ગઈ હતી. જોકે, પતિ- પત્નિના અંદરો–અંદરના ઝઘડામાં વચ્ચે છોડાવવા ગયેલા ગામના સરપંચ અને તેમના પુત્ર સહિત પાંચ શખ્સો ઉપર ખોટી ફરિયાદ કરવામાં આવી હોવાના ગ્રામજનો દ્વારા આક્ષેપો થઈ રહ્યા છે. વર્તમાન સમયે પોલીસે પાંચ જણા સામે ગૂનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. પાલનપુર તાલુકાના સામઢી ગામે બુધવારે રાત્રે પતિ અને પત્ની ઝગડી રહ્યા હતા. જે ઝઘડામાં સરપંચ અને તેમના પુત્રએ દખલગીરી કરી હતી જેમની સાથે દલિત સમાજના અન્ય ત્રણ શખ્સોએ પણ આ યુવકને મારમાર્યો હતો. જેમાં ઈજાગ્રસ્ત હમીરભાઈ ઈશ્વર ભાઈ

અનુસંધાન પાના નં.૬

સંજય જોષી

કોની સામે ફરિયાદ નોંધાઇ

કમલેશભાઈ ઉર્ફે કાળુભાઈ મફાભાઈ વાલ્મિકી
મહેશભાઈ નારણભાઈ વાલ્મિકી
જીતુભાઈ નારણભાઈ વાલ્મિકી
વિરસિંહભાઈ હરિભાઈ દેસાઈ
દશરથભાઈ વિરસિંહભાઈ દેસાઈ (તમામ રહે. સામઢી તા. પાલનપુર)

જમીનના મુદ્દે...

ભાભરમાં કૌટુંબીક તકરારમાં ખાનગી ફાયરીંગથી ચકચાર

જિલ્લા પોલીસ વડા પોલીસ કાફલા સાથે ઘટના સ્થળે દોડી આવ્યા

તા.પ્રતિનિધિ ભાભર

ભાભર પંથકમાં છેલ્લા કેટલાક સમયથી ગુનાઓનો ‘ગ્રાફ’ વધી રહ્યો છે. ત્યારે ગઈકાલે સવારે ભાભર શહેરમાં જમીનના મુદ્દે કાર લઈને જતાં કુટુંબી ભાઈઓએ બે રાઉન્ડ ફાયરીંગ કરતા ગાડીને નુકશાન થતાં ચકચાર મચી છે. ફરિયાદી મહેશસિંહ સનુભા રાઠોડ (રહે. ભાભર જુના બોરીયાવાળા) ની હકીકત મુજબ સવારે તેના ફાર્મ હાઉસમાંથી બહાર રોડ ઉપર પોતાની સ્વીફ્ટ ગાડી (નંબર જીજે ૧ કે.એસ.૫૨૭) લઈને નીકળ્યા હતા. ત્યારે ખેતરના દરવાજાની બહાર નીકળતા જ ઝાંપો બંધ કરવા જતાં આરોપીઓ નીરૂભા કિતુભા રાઠોડ, રણધીરસિંહ મેતુભા, વિક્રમસિંહ વાઘુભા અને ભમરસીંગ અમરસીંહ રાઠોડ (તમામ રહે. ભાભર જુના) એ તેમની સફેદ કલરની અલ્ટોમાં આવી ગુન્હાહિત કાવત્રુ રચી તેમને જાનથી મારી નાંખવાના ઈરાદે ગાડીમાંથી ઉતરી નાની બંદુકમાંથી બે રાઉન્ડ ફાયરીંગ કરી ફરાર થઈ ગયા હતા. ફાયરીંગ ગાડીને નુકશાન થયુ હતું. ફાયરીંગની ઘટનાથી જિલ્લા પોલીસ વડા બડગુજર, એલ.સી.બી. પી.આઈ. સિંઘવ, એસ.ઓ.જી. પી.આઈ. ડાભી, દિયોદર ડી.વાય.એસ.પી. ચૌધરી ઘટના સ્થળે દોડી આવી તપાસ હાથ ધરી છે.

વનરાજસિંહ રાઠોડ

જોઈએ છે

શ્રી હિન્દવાણી રાજપૂત સમાજ કેળવણી મંડળ, લવાણા સંચાલિત અનુદાનિત (ગ્રાન્ટ ઈન એઈડ) બક્ષીપંચ કન્યા છાત્રાલય, લવાણાને જિલ્લા સમાજ કલ્યાણ અધિકારી (વિ.જા.) બનાસકાંઠા, પાલનપુર તરફથી મળેલ એન.ઓ.સી. ક્રમાંક : સકઅ/છતલ/એનઓસી/૨૦૧૮-૧૯/૮૩૬૬ તા.૧૫/૦૫/૨૦૧૮ થી નીચે મુજબની જગ્યાઓ સરકારશ્રીના નિયમોનુસાર ભરવાની થતી હોઈ લાયકાતવાળા ઉમેદવારોએ પ્રમાણપત્રોની ખરી નકલ અને તાજેતરના પાસપોર્ટ સાઈઝના ફોટા સાથે નીચેના સરનામે જાહેરાત પ્રસિધ્ધ થયાની તારીખથી દિન-૧૦ માં રજીસ્ટર પોસ્ટ એ.ડી.થી અરજી કરવી.

ક્રમ	જગ્યાનું નામ	કેટેગરી	લાયકાત	જગ્યા
૧	ગૃહમાતા	બક્ષીપંચ	એચ.એસ.સી.	૦૧
૨	ચોકિયાત	બિન અનામત	ધોરણ - ૪ પાસ	૦૧

પ્રમુખશ્રી,
શ્રી હિન્દવાણી રાજપૂત સમાજ કેળવણી મંડળ,
ઠે.આર્ટસ કોલેજ કેમ્પસ પાસે, હાઈવે રોડ,
મુ.પો.લવાણા, તા.લાખણી, જિ.બનાસકાંઠા, પીન - ૩૮૫૩૩૦

ગતકડું....

- દેવન વ્યાસ



પેટ્રોલના ભાવ વધારા સામે મૌન રહી તમે નવો વિક્રમ સર્જવા માગતા લાગો છો !

પરિવાર
ઓર્થોપેડીક હોસ્પિટલ - ડીસા
ડૉ.રમેશ આઈ.પટેલ (ચૌધરી)
ડીસા, મો.૯૦૩૩૯૨૫૪૪૦

બેસણું

સ્વ.અજમલજી કમાજી રાઠોડ
સ્વ.તા.૨૩-૦૫-૨૦૧૮

અમારા પિતાજી સ્વ.અજમલજી કમાજી રાઠોડ નું દુ:ખદ અવસાન તા.૨૩-૦૫-૨૦૧૮ ના બુધવારના રોજ થયેલ છે. તો સદ્‌ગતનું બેસણું તા.૨૬-૦૫-૨૦૧૮ ને શનિવારના દિવસે રાખેલ છે.

સ્થળ : બળોધણ, શામળગઢ ફાર્મ હાઉસ ઉપર, મુ.પો.બળોધણ તા.ભાભર જિ.બ.કાં.
મો.૯૯૭૮૭૬૯૦૪૦, ૯૯૦૪૬૬૪૨૬૨

લિ.
રાઠોડ વાલાજી કમાજી (ભાઈ)
રાઠોડ ઇશ્વરજી અજમલજી (પુત્ર)
રાઠોડ શામળાજી અજમલજી (પુત્ર)
રાઠોડ સુખદેવજી અજમલજી (પુત્ર)
રાઠોડ રણછોડજી અજમલજી (પુત્ર)
તથા સમસ્ત રાઠોડ પરિવાર બળોધણ

ફર્મ : સતનામ ટ્રેડર્સ, ગંજબજાર, ભાભર

સાતમી વાર્ષિક પૂણ્યતિથિએ શ્રદ્ધાંજલિ

સ્વ.અગરબેન રાણાભાઈ લુણી
(દેસાઈ)
સ્વ.તા.૨૫/૫/૨૦૧૧, બુધવાર

સુની થઈ ગઈ મનની દિવાલો, સુના થઈ ગયા ઘરના આંગણીયા, પ્રેમથી આવકારો દેનારા હવે નહીં મળે, જીવન એવું જીવી ગયા કે જોનારા જોયા કરે, કર્મ એવા કર્યા કે સૌના હૃદયમાં ગુંજ્યા કરે, દુઃખથી કદી ડર્યા નહીં, સુખથી કદી છલકાયા નહીં, વહેવાર કદી ચૂકયા નહીં, ધર્મ કદી ભૂલ્યા નહીં, સૌના હૃદયમાં વસતા રહ્યા...પરમ કૃપાળુ આપના દિવ્ય આત્માને શાંતિ અર્પે એજ પ્રાર્થના...

લિ.
ઈશ્વરભાઈ રાણાભાઈ દેસાઈ (લુણી) પુત્ર
બાબુભાઈ રાણાભાઈ દેસાઈ (લુણી) પુત્ર
દશરથભાઈ રાણાભાઈ દેસાઈ (લુણી) પુત્ર
નાગજીભાઈ નાથુભાઈ દેસાઈ - ભાઈ (બલોધર)
વિજયાબેન, જતનબેન, માયાબેન (પુત્રવધુ)
વિશાલ, લક્ષ્મી, સુરેખા, મિત, આર્મી (ગોપી),
રાહુલ, સ્મીત (પૌત્ર - પૌત્રી)
મુ.પો.ખરડોસણ, તા.ડીસા, જિ.બનાસકાંઠા

ધોરણ ૧૦ ના વિદ્યાર્થીઓ માટે ફ્રી સેમિનાર
દક્ષિણ ગુજરાતની ૨૨ શહેરોની ભવ્ય સફળતા બાદ
સૌથી વધારે સંખ્યા ધરાવતું એકમાત્ર ગ્રુપ
હવે ડીસામાં
જય અંબે ગ્રુપ ઓફ સ્કૂલ્સ
(શ્રી સરસ્વતી વિદ્યા સંકુલ) આયોજિત
વિદ્યાર્થી માર્ગદર્શન ફ્રી સેમિનાર
FREE ENTRY
ધોરણ ૧૦ પછી શું ?
સાયન્સ, કોમર્સ, આર્ટસ કે ડીપ્લોમા
Right Chance to Right Choice
A PROGRAM CAREER GUIDANCE
વક્તા
ડૉ.પરેશભાઈ સવાણી
([illegible] પી.એચ.ડી.)
દક્ષિણ ગુજરાતના ૧૫ લાખથી વધુ વિદ્યાર્થીઓને સફળતાપૂર્વક માર્ગદર્શન આપનાર નિષ્ણાંત હવે આપણા ડીસા શહેરમાં
તા.૨૭/૦૫/૨૦૧૮, રવિવાર સમય : સાંજે ૫.૩૦ કલાકે
સ્થળ : જલારામ હોલ, જલારામ મંદિરની બાજુમાં, જલારામ ભોજનાલયની ઉપર, નવા બસ સ્ટેન્ડની બાજુમાં, ડીસા.
નોંધ : રજીસ્ટ્રેશન કરાવવા માટે સંપર્ક કરો.
મો.૯૯૭૮૬ ૦૯૫૪૬, ૯૨૨૮૭ ૮૬૨૨૬
★ રજીસ્ટ્રેશન સેમિનાર સ્થળ ઉપર પણ કરાવી શકશો. ★

સૂર્યોદય - ૫.૫૬ સૂર્યાસ્ત - ૭.૧૭

તિથિદર્શન

જેઠ સુદ-૧૧ શુક્રવાર ૨૦૭૪



વિક્રમ સંવત : ૨૦૭૪, શા.શકે-૧૯૩૯, નામ સંવત્સર :હેમલંબી નામ વીર જૈન સંવત ૨૫૪૪ જેઠ સુદ :અગીયારસ શુક્રવાર નક્ષત્ર:હસ્ત રાત્રે ૭.૫૯ પછી ચિત્રા યોગ :સિદ્ધિ કરણ: વણીજ આજે જન્મેલા બાળકની રાશી કન્યા (પ.ઠ.ણ.) અક્ષરો ઉપર પાડવું શાસ્ત્રોક્ત છે.

- જયોતીષી બંસીલાલ એચ.લોધા

ચિંતન

- સુરેશ પ્રા.ભટ્ટ

યાન્તિ ન્યાય પ્રવૃત્તસ્ય
તીર્યબ્ધોઅપિ સહાયતામ્ અપંથાનં
તુગચ્છન્તં શીદરોઅપિ વિમુચંતિ

'જે માણસ ન્યાયના પંથે ચાલતો હોય તેને તો પશુ- પંખી - પ્રકૃતિ પણ સહાયભૂત થાય છે, મદદ કરે છે, પણ જ્યારે કોઈ આડે માર્ગે- અનીતિના માર્ગે જતો હોય તો એવી વ્યક્તિને તો પોતાનો સગો ભાઈ પણ છોડી દે છે.' જે માણસ સાચો છે, કર્તવ્યનિષ્ઠ છે અને સત્ય સિદ્ધાંત પર ચાલતો હોય તેને પ્રકૃતિ પણ મદદરૂપ થાય છે. કોઈ શુભ સંકલ્પથી મોટા પાયા પર કથા કરાવે, વિશાળ મંડપ અને પ્રસાદનું આયોજન હોય તો વર્ષાઋતુમાં પણ વરસાદથી એ આયોજનને મુશ્કેલી નડતી નથી, પ્રકૃતિ સહાય કરે અને શુભ સંકલ્પ પૂરા કરે છે- ઘણીવાર કોઈ પ્રવાસમાં જતું હોય (રેલવે- ટ્રેન- વિમાનમાં) ત્યારે કુદરતી જ કંઈક બનાવ બને અને એ યાત્રા- પ્રવાસ મુલતવી રાખવો પડે, બે મહિના પૂર્વે ટિકિટ લીધી હોય છતાં એ પ્રવાસમાં 'બાધા' આવે- રોકે અને પછી ખબર પડે- એ ટ્રેન - વિમાનને અકસ્માત થયો અને યાત્રિકોના મરણ થયાં- પ્રકૃતિ - કુદરત આમ સહાય કરે છે. જ્યારે અનીતિ- દુરાચાર કરનાર પોતાનું નજીકનું સગું હોય છતાં પણ તે અસહ્ય હોય ત્યારે તેના સંબંધીઓ પણ તેને મદદરૂપ થતા નથી - છોડી દે- એક મુસ્લિમ સન્નારીએ પોતાના જ રાષ્ટ્રદ્રોહી પતિને જે ઘરમાં જ આતંકવાદી તરીકે બોંબ બનાવતો હતો તેને પોલીસમાં સોંપી દીધો.

આપની આજ

- કનકચંદ્ર છગનલાલ વ્યાસ

મેષ : (અ.લ.ઈ.) પરિશ્રમનું શ્રેષ્ઠ ફળ મળે. ઉપરી અધિકારીથી લાભ થાય.
વૃષભ : (બ.વ.ઉ.) મિલ્કતના પ્રશ્નો હલ થાય. વ્યર્થ ક્રોધ ટાળવો હિતાવહ.
મિથુન : (ક.છ.ઘ.) સફળતા માટે મહેનત કરવી પડે. નવિન ખરીદી થાય.
કર્ક : (ડ.હ.) કાર્યબોજ વિશેષ રહે. નાણાંભીડ અનુભવાય.
સિંહ : (મ.ટ.)અણધાર્યો ધનલાભ થાય. ભાગીદારથી ચેતતા રહેવું હિતાવહ.
કન્યા : (પ.ઠ.ણ.) મનમાં ચંચળતા રહે. અણધારી આફત આવી પડે.
તુલા : (ર.ત.)જીવનસાથીના આરોગ્ય અંગે સંભાળવું. મનમાં વ્યગ્રતા રહે.
વૃશ્ચિક : (ન.ય.) કાર્યોમાં વિલંબથી સફળતા મળે. પરિવારજનોમાં વાદ-વિવાદ થાય..
ધન : (ભ.ફ.ધ.) ખર્ચ પર કાબુ રાખવો. ચિંતાનો ઉકેલ મળે.
મકર : (ખ.જ.) મનમાં અશાંતિ રહે. મનની મુરાદ બર આવે.
કુંભ : (ગ.શ.સ.) નવિન આયોજનો સફળતાથી પાર પાડી શકશો. આરોગ્ય અંગે સાવચેત રહેવું.
મીન : (દ.ચ.જ.થ.) આર્થિક સમસ્યા હળવી બને. અગત્યના કાર્યમાં સફળતા મળે.

આજનો દિન મહાન

- યશવંત કડીકર

સુપ્રસિદ્ધ તત્વચિંતક અને આપણી સદીના વિચારક શ્રી જે. કૃષ્ણમૂર્તિનો જન્મદિન છે.

એમોન જન્મ તા.૨૫/૫/૧૮૯૫ના રોજમદ્રાસની ઉત્તરે આવેલા એક ગામમાં થયો હતો.

શ્રી કૃષ્ણમુર્તિ અપરિણીત હતા. તેમનો કોઈ વ્યવસાય ન હતો, એટલે તેઓ હંમેશાં અકિંચન ન રહ્યા. છતાં તેઓ સાધુ ન હતા. શિક્ષણ અને સંસ્કાર પરના એમના ગ્રંથોએ વિશ્વભરના બૌદ્ધિકોને એક નવી જ રચનાત્મક જીવન કેળવણીનો પરિચય કરાવ્યો.

આ મહાન તત્વવેત્તાનું તા. ૧૭/૨/૧૯૮૬ના રોજ અવસાન થયું.

તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક - તરૂણ એ. શેઠ
માનવમંદિર, ડીસા. ફોન : ૨૨૦૨૬૪/ ૨૨૨૭૬૪
મુદ્રક : રખેવાળ પ્રિન્ટીંગ પ્રેસ, માનવ મંદિર, ડીસા
અમદાવાદ ઓફીસ :- ૧૦૩, અશ્વમેઘ એવન્યુ, મીઠાખળી ફોન ૨૬૪૦૭૧૪૭,મો.૯૪૨૯૧ ૨૨૧૦૫,
પાલનપુર ઓફીસઃ- ૧૧૭, એરોમા આર્કેડ, જીલ્લા પંચાયત સામે, ફોન- ૨૫૩૦૦૪ મો.૯૪૨૬૯૪૮૫૪૬

'રખેવાળ' દૈનિકમાં પ્રસિદ્ધ થતા તમામ સમાચાર, લેખો અથવા પ્રસિદ્ધ થતી કોઈપણ માહિતી કોઈપણ જાતના પૂર્વગ્રહ અથવા દ્વેષભાવ વગર માત્ર જનજાગૃતિના ઉદ્દેશ્યથી પ્રસિદ્ધ કરવામાં આવે છે. તેમ છતાં પ્રસિદ્ધ થયેલ માહિતી કે સમાચાર માટે કોઈને પણ ફરીયાદ હોય તો તે બાબતે આધાર-પુરાવા સાથે ડીસા કાર્યાલયનો સંપર્ક કરવો વાદવિવાદ, કે કાનુની પ્રક્રિયા માટેનું ન્યાયક્ષેત્ર ડીસા રહેશે.

ISO 9001 : 2015 CERTIFIED
॥ રોકાણકારોની શ્રધ્ધા અતૂટ.... અમે વિશ્વાસનું પ્રતિક ॥
ઇન્વેસ્ટમેન્ટ પોઇન્ટ
www.Investmentpoint.in
Stock Market Trading Consultancy
નિખિલ ભટ્ટ
Research Analyst - SEBI
+91 99793 80808
hellonikhilbhatt@gmail.com

તા. ૨૫.૦૫.૨૦૧૮ ના રોજ સ્ટોક માર્કેટ ટ્રેડીંગ સંદર્ભે...

નિફ્ટી ફ્યુચર ૧૦૫૯૦ પોઈન્ટ મહત્વની સપાટી ....!!!

તા. ૨૪.૦૫.૨૦૧૮ ના રોજ નિફ્ટી ફ્યુચર બંધ ભાવ જ ૧૦૫૨૨ પોઈન્ટ :- આગામી સંભવિત નિફ્ટી ફ્યુચર ૧૦૫૭૩ પોઈન્ટના પ્રથમ અને ૧૦૫૯૦ પોઈન્ટના અતિ મહત્વના સ્ટ્રોંગ સ્ટોપલોસે ટ્રેડીગ સંદર્ભે ૧૦૫૦૫ પોઈન્ટ થી ૧૦૪૮૮ પોઈન્ટ, ૧૦૪૭૪ પોઈન્ટની અતિ મહત્વની સપાટીને સ્પર્શી શકે તેવી સંભાવના ધરાવે છે. નિફ્ટી ફ્યુચરમાં ૧૦૫૯૦ પોઈન્ટ આસપાસ સાવધાનીપૂર્વક પોઝિશન બનાવવી....!!!

તા. ૨૪.૦૫.૨૦૧૮ ના રોજ બેન્ક નિફ્ટી ફ્યુચર બંધ ભાવ જ ૨૫૯૬૯ પોઈન્ટ :- આગામી સંભવિત બેન્ક નિફ્ટી ફ્યુચર ૨૫૯૦૯ પોઈન્ટના પ્રથમ અને ૨૫૮૩૦ પોઈન્ટના અતિ મહત્વના સ્ટ્રોંગ સ્ટોપલોસે ટ્રેડીગ સંદર્ભે ૨૬૦૦૬ પોઈન્ટ થી ૨૬૦૨૬ પોઈન્ટ, ૨૬૧૨૬ પોઈન્ટ ની અતિ મહત્વની સપાટીને સ્પર્શી શકે તેવી સંભાવના ધરાવે છે. ૨૬૧૨૬ પોઈન્ટ આસપાસ સાવધાનીપૂર્વક પોઝિશન બનાવવી....!!!

હવે જોઈએ અંગત અભિપ્રાયરૂપી ફ્યુચર સ્ટોક...

કોટક બેન્ક (૧૨૭૩) :- બેન્ક ગ્રુપ ની અગ્રણી આ કંપનીના શેરનો ભાવ હાલમાં રૂ.૧૨૬૦ આસપાસ પ્રવર્તી રહ્યો છે. રૂ.૧૨૪૭ ના સ્ટોપલોસથી ખરીદવાલાયક આ સ્ટોક ટૂંકા સમયગાળે રૂ.૧૨૮૮ થી રૂ.૧૨૯૩ નો ભાવ નોંધાવે તેવી શક્યતા છે....!! રૂ.૧૨૯૯ ઉપર તેજી તરફી ધ્યાન...!!!

ઇન્ડીગો (૧૧૬૩) :- ટેકનીકલ ચાર્ટ મુજબ રૂ.૧૧૩૭ આસપાસ પોઝીટીવ બ્રેકઆઉટ..!!! રૂ.૧૧૨૦ ના સપોર્ટથી ખરીદવાલાયક આ સ્ટોક રૂ.૧૧૭૭ થી રૂ.૧૧૮૫ નો ભાવ નોંધાવે તેવી સંભાવના છે...!!!

ડિવિસ લેબ (૧૧૩૦) :- રૂ.૧૧૧૭ નો પ્રથમ તેમજ રૂ.૧૧૦૩ ના બીજા સપોર્ટથી ફાર્મા સેક્ટરનો રોકાણલક્ષી આ સ્ટોક રૂ.૧૧૪૪ થી રૂ.૧૧૫૦ સુધીની તેજી તરફી રુખ નોધાવશે....!!!

રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ (૯૧૯) :- રિફાઇનરી સેક્ટર નો આ સ્ટોક ટૂંકા ગાળે ટ્રેડીગલક્ષી રૂ.૯૨૯ થી રૂ.૯૩૩ ના ભાવની સંભાવના ધરાવે છે.!! અંદાજીત રૂ.૮૯૩ નો સ્ટોપલોસ ધ્યાને લેવો....!!!

એકસિસ બેન્ક (૫૩૪) :- રૂ.૦૨ ની ફેસવેલ્યુ ધરાવતા ફન્ડામેન્ટલ સ્ટ્રોંગ આ સ્ટોક રૂ.૫૧૭ ના સ્ટોપલોસ આસપાસ ખરીદવાલાયક બેન્ક સેક્ટર ના આ સ્ટોકમાં તેજી તરફી રૂ.૫૪૭ થી રૂ.૫૫૫ આસપાસ નફાલક્ષી ધ્યાન ઉત્તમ....!!!

HDFC બેન્ક (૧૯૭૩) :- ટેકનીકલ ચાર્ટ મુજબ બેન્ક સેક્ટર નો આ સ્ટોક રૂ.૧૯૮૮ આસપાસ નફારૂપી વેચવાલી થકી રૂ.૧૯૬૦ થી રૂ.૧૯૪૭ ના ટાર્ગેટ ભાવની શક્યતા ધરાવે છે. ટ્રેડીગલક્ષી રૂ.૧૯૯૩ નો સ્ટોપલોસ ધ્યાને લેવો....!!!

HDFC લિમિટેડ (૧૮૧૩) :- રૂ.૧૮૩૮ આસપાસ ઓવરબોટ પોઝીશન નોંધાવતા આ સ્ટોક રૂ.૧૮૪૪ ના સ્ટોપલોસે વેચવાલાયક....!! તબક્કાવાર રૂ.૧૮૦૩ થી રૂ.૧૭૯૭ નો ભાવ દર્શાવે તેવી સંભાવના છે....!! રૂ.૧૮૫૦ ઉપર તેજી તરફી ધ્યાને લેશો....!!!

મહિન્દ્રા & મહિન્દ્રા (૮૪૬) :- ઓટો સેકટરનો આ સ્ટોક છેતરામણા ઉછાળે રૂ.૮૬૦ ના સ્ટોપલોસથી વેચાણલાયક...!! પ્રત્યાઘાતી ઘટાડે રૂ.૮૩૪ થી રૂ.૮૨૮ ના ભાવની સપાટી આસપાસ નફો બુક કરવો....!!!

ઓરબિન્દો ફાર્મા (૫૮૭) :- ટેકનીકલ ચાર્ટ મુજબ ફાર્મા સેક્ટરનો આ સ્ટોક રૂ.૫૯૭ આસપાસ નફારૂપી વેચવાલી થકી રૂ.૫૭૭ થી રૂ.૫૭૦ ના ટાર્ગેટ ભાવની શક્યતા ધરાવે છે. ટ્રેડીગલક્ષી રૂ.૬૦૬ નો સ્ટોપલોસ ધ્યાને લેવો....!!!

તાતા સ્ટીલ (૫૫૩) :- રૂ.૫૬૬ આસપાસ ઓવરબોટ પોઝીશન નોંધાવતા આ સ્ટોક રૂ.૫૭૪ ના સ્ટોપલોસે વેચવાલાયક આ સ્ટોક તબક્કાવાર રૂ.૫૪૨ થી રૂ.૫૩૦ નો ભાવ દર્શાવે તેવી સંભાવના છે....!!! રૂ.૫૮૦ ઉપર તેજી તરફી ધ્યાને લેશો...!!!

ખાસ નોંધ : - ડિસ્કલેમર / પોલીસી / શરતો www.nikhilbhatt.in ને આધીન...!!!

ઉત્તર ગુજરાત યુનિ. દ્વારા એલ.એલ.બી. સેમીસ્ટર - ૬નું પરિણામ જાહેર

તા.પ્રતિનિધિ થરા

હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિ.પાટણ દ્વારા ગત માર્ચ -૨૦૧૮ માં લેવાયેલ એલ.એલ.બી. સેમીસ્ટર- ૬(છ) નું પરિણામ ૯૪.૩૪ ટકા જાહેર કરવામાં આવ્યું છે. આ પરીક્ષામાં ૬૨૨ પુરુષ, ૨૬૨ સ્ત્રી મળી કુલ ૮૮૪ પરીક્ષાર્થી નોંધાયેલ તે પૈકી ૦૫ સ્ત્રી પરીક્ષાર્થી ફસ્ટ ડીસ્ટીક્શન, ૨૪૪ પુરૂષ, ૧૭૮ સ્ત્રી મળી કુલ-૪૨૨ પરીક્ષાર્થી ફસ્ટ ક્લાસમાં જ્યારે ૧૯૦ પુરૂષ, ૩૩ સ્ત્રી મળી કુલ-૨૨૩ સેકન્ડ ક્લાસમાં પાસ થયેલ. ૩૩ પુરૂષ -૦૬ સ્ત્રી મળી કુલ - ૩૯ પરીક્ષાર્થીઓ નાપાસ જ્યારે ૦૩ પુરૂષ પરીક્ષાર્થી ગેરહાજર રહેલ. યુનિના નિયમ પ્રમાણે ડબલ્યુ-૧૦૩ મુજબ ૧૪૧ પુરૂષ અને ૩૬ સ્ત્રી મળી કુલ ૧૭૭ પરીક્ષાર્થી જ્યારે ડબ્લ્યુ હેલ્ડ ૦૨ સ્ત્રી પરીક્ષાર્થીઓ જ્યારે ૧૧ પુરુષ અને ૦૨ સ્ત્રી મળી કુલ -૧૩ પરીક્ષાર્થીઓના પરિણામ રદ કરેલ છે.

આ પરીક્ષામાં જનરલ-૩૨૭૪ એસ.સી. ૯૮, એસ.ટી. ૨૩, ઓબીસી-૧૪૭ નોંધાયેલ તે પૈકી જનરલ-૨૪૩, એસ.સી.૭૧, એસ.ટી.-૧૪, ઓબીસી -૧૦૧ પાસ થતાં એલ.એલ.બી. સેમી-૬ નું પરિણામ ૯૪.૩૪ ટકા જાહેર થયું હતું.

ગણેશપુરા (વાઘરોલ) ગામે પશુ સારવાર કેમ્પ યોજાયો

ઈશ્વર રબારી

પ્રતિનિધિ દાંતીવાડા

સરદાર કૃષિનગર દાંતીવાડા કૃષિ યુનિવર્સીટી, સરદારકૃષીનગરની ચી.પ કૃષિ મહાવિદ્યાલયના વિસ્તરણ પાંખ યોજના અને પશુચિકિત્સા તેમજ પશુપાલન મહાવિદ્યાલયના સયુંકત ઉપક્રમે દાંતીવાડા તાલુકાના ગણેશપુરા (વાઘરોલ) ગામે પશુ સારવાર કેમ્પનું સફળ આયોજન કરવામાં આવેલ. યુનિવર્સીટીની વેટનરી કોલેજના ડો.નખાશી અને ડો.ટી.વી.સુતરિયાની ટિમ દ્વારા ૯૫ પશુઓ (ગે-ભેંસ)ના રોગો જેવા કે ગર્ભાશયના રોગો, ગરમીમાં નઆવવું, ઉથલો મારવો, ચામડીના રોગોનું નિદાન તથાસામાન્ય ઈજાઓની વિનામૂલ્યે સારવાર આપવામાં આવી હતી. આ કેમ્પમાં કૃષિ મહાવિદ્યાલયના આચાર્ય ડો.એમ.આર. પ્રજાપતિ ઉપસ્થિત રહીગ્રામજનોને પશુ તજજ્ઞોનો વધુમાં વધુ લાભ લેવા માટે આહવાન કરેલ. આ કેમ્પના આયોજનમાં વાઘરોલદૂધ મંડળીના મંત્રી જીવાભાઈ પટેલે સરપંચ જોમાભાઇ દિનેશભાઇ બોકા, રાણાભાઇ રબારી સહકાર આપેલ તેમજ આ પ્રસંગે ચી.પ કૃષિ મહાવિદ્યાલયના ડો.વી.ટી પટેલ, આર.એન.પટેલ, એ.આર.દેશપાંડે અને જે.બી.ઠાકોર ઉપસ્થિત રહ્યાજ હતા તેમજ વિસ્તરણ પાંખ યોજનાના ઇન્ચાર્જ ડો.આર.આર. પ્રજાપતિએ સમગ્ર કાર્યક્રમનું સફળતા પૂર્વક આયોજન કરેલ.

ડીસાથી બટાટા ભરી રાજકોટ રવાના થયેલ ટ્રકમાં ભરેલ માલ બારોબાર વેચી મરાયો

ડીસાથી માલ ભરાવનાર વેપારીએ ટ્રક ચાલક વિરુદ્ધ ફરિયાદ નોંધાવતા પોલીસ દ્વારા તપાસની તજવીજ શરૂ

ડીસા

બનાસકાંઠાથી બટાકા ભરેલ ટ્રક પોરબંદર પહોંચાડવાની હતી પરંતુ ડ્રાઈવરે ૪.૪૯ લાખ રૂપિયાના બટાકા ભરેલ ગાડી અન્ય જગ્યાએ વેચી મારી છેતરપિંડી આચરતા તેના વિરુદ્ધ ડીસા તાલુકા પોલીસ મથકે ફરિયાદ નોંધાઇ છે.પ્રાપ્ત માહિતી મુજબ ડીસાના ફુલચંદભાઈ કચ્છવા કોલ્ડ સ્ટોરેજ ધરાવે છે અને બટાકાના વ્યયસાય સાથે સંકળાયેલા છે.જેમની ઓફિસ રાણપુર રોડ પર આવેલ છે અને તેઓ મેસર્સ સુરેશભાઈ દેવચંદભાઈ નામની પેઢી ચલાવે છે.

દરમ્યાન,ગત ૧૬ મેં ના રોજ રાજકોટની બાલાજી વેફર્સ પ્રા.લી.ના ઓર્ડરથી શિવશંકર રોડલાઈન્સના માલિક વિપુલ ઠકકરે બટાટાની ટ્રક મંગાવેલ જેથી તિરુપતિ કોલ્ડ સ્ટોરેજમાંથી ૪,૪૯,,૯૧૪ રૂપિયાના બટાકા ભરી ડ્રાઈવર રામદેવ ઉર્ફે ટકો કારાવદરા (રહે બોરીખા તા.જી. પોરબંદર) સાથે જી.જે.૨૫ ટી.૭૨૧૫ નંબરની ટ્રકમાં બટાટાનો જથ્થો રવાના કરાયો હતો પરંતુ ડ્રાઇવરે સમયસર માલ ના પહોંચાડી ઠગાઈ કરી અન્ય જગ્યાએ વેચી મારતા તેઓએ ટ્રક ડ્રાઈવર વિરુદ્ધ ધોરણસરની ફરિયાદ નોંધાવી છે.જેના પગલે પોલિસે તપાસનો દૌર હાથ ધર્યો છે.

ધો-૧૦ ના પરિણામની તારીખ સાથે પૂરક પરિક્ષાનો કાર્યક્રમ પણ જાહેર

તા.પ્રતિ. થરા

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ગત માર્ચ-૨૦૧૮માં લેવાયેલ ધો-૧૦ એસ.એસ.સી. ની પરીક્ષાનું પરિણમ તા.૨૮/૫/૧૮ ને સોમવારના રોજ સવારે ૮-૦૦ વાગે બોર્ડની વેબસાઈટ ઉઉઉ પ્નજીહ્વ.ર્ખ્રિ પરથીજોવા મળશે. નોંધાયેલી માધ્યમિક શાળાઓના આચાર્યશ્રીઓએ જિલ્લાના વિતરણ સ્થળેથી સવારે ૧૧-૦૦ થી ૨-૦૦ વાગ્યા સુધી શાળાના મુખ્યત્યાર પત્ર રજુ કરી વિદ્યાર્થીઓની માર્કસીટ-પ્રમાણપત્ર તથા અન્ય સાહિત્ય મેળવી લેવા જણાવેલ છે.

ધો-૧૦ એસ.એસ.સી. પરીક્ષાના પરિણામમાં જે પરીક્ષાર્થી બે વિષયમાં નપાસ થયેલ હોય તેઓ જુલાઈ ૨૦૧૮ ની પૂરક પરીક્ષા આપી શકશે. બોર્ડ દ્વારા પૂરક પરીક્ષા જુલાઈ ૨૦૧૮ નો કાર્યક્રમ રજુ કર્યો છે તે મુજબ તા.૬/૭/૧૮ થી ૯/૭/૨૦૧૮ દરમ્યાન પૂરક પરીક્ષા લેવામાં આવશે જેમાં સવારે ૧૦ થી ૫ સુધી દરરોજ બે વિષયની પરીક્ષા લેવામાં આવશે.

છાપી શારદાશિષ હાઈસ્કૂલનું ધોરણ -૧૨ વિજ્ઞાન પ્રવાહનું ૮૩.૬૧ ટકા પરિણામ

પ્રતિનિધિ છાપી

વડગામ તાલુકા ના છાપી ખાતે શિક્ષણક્ષેત્રે મોખરાનું સ્થાન ધરાવતી શારદાશિષ હાઈસ્કૂલ છાપી નું માર્ચ ૨૦૧૮ વિજ્ઞાનપ્રવાહનું પરિણામ ૮૩.૬૧ મેળવી જિલ્લાના ૭૩.૪૨ ટકા પરિણામ કરતા દશ ટકા પરિણામ ઊંચું પ્રાપ્ત કર્યું હતું જેમાં શાળાના વિધાર્થી જોષી પ્રશાંત મનુભાઈ એ છ-૨ગ્રેડ મેળવી તાલુકામાં પ્રથમ સ્થાન મેળવી શાળા નું ગૌરવ વધાર્યું હતું. દરમિયાન માકણોજીયા મહંમદ અ. હમીદ અને ચૌધરી જય લવજીભાઈ એ દ્વિતીય સ્થાન મેળવતા શાળા ના આચાર્ય મયુરભાઈ જોષી તેમજ શાળા પરિવારે અભિનદન પાઠવ્યા હતા.

ડીસા પ્રાંત અધિકારીનું સન્માન

ડીસાના પ્રાંત અધિકારી એચ.એમ. પટેલનું પ્રગતિ અભિવાદન ગૃપ દ્વારા પુષ્પગુચ્છ અને પુસ્તક આપી બહુમાન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ગૃપના પ્રમુખ લલિતભાઈ દોશી, સભ્ય રાજુભાઈ ઠક્કર, હસમુખભાઈ પટેલ, નરેશભાઈ શેઠ વગેરે હાજર રહ્યા હતા.

દલિત યુવાનની હત્યાના વિરોધમાં વડોદરામાં ધરણા

વડોદરા

રાજકોટમાં દલિત યુવાનને ઢોર માર મારીને હત્યા કરવામાં આવી હતી. તેના વિરોધમાં વડોદરા શહેર કોંગ્રેસ દ્વારા ધરણા નો કાર્યક્રમ યોજવામા આવ્યો હતો. અને જિલ્લાધીશ કાર્યાલયમા આવેદન આપવામા આવ્યુ હતુ.

રાજકોટમાં દલિત યુવાનને ઢોર માર મારીને હત્યા કરવામાં આવી હતી. તેના વિરોધમાં શહેરના બકરાવાડી વિસ્તારના આંબેડકર ચોક ખાતે વડોદરા શહેર કોંગ્રેસના પ્રમુખ પ્રશાંત પટેલ સહિતના આગેવાનો દ્વારા ધરણા નો કાર્યક્રમ યોજાઇ ગયો. ધરણા બાદ કલેક્ટરાલયમા આવેદન આપી ન્યાયિક તપાસની માગ કરી હતી.

સણાવ ગામે તળાવ ઉંડું કરવાનું ખાત મુહુર્ત

નટુજી ઠાકોર

પ્રતિ. કોતરવાડા

દિયોદર તાલુકાના સણાવ ગામે વિચરતા સમુદાય સમર્થનમંચ દ્વારા નવિન કુવાળીયા તળાવને ઉડું કરવાનું વિચરતા સમુદાય સમર્થન મંચના બનાસકાંઠા સંયોજક નારણભાઈ રાવળ, કાર્યકરો તેમજ સણાવ ગામના સરપંચ દિનેશજી ઠાકોર અને તમામ ગ્રામજનોની હાજરીમાં બનાસકાંઠા જીલ્લાના સંયોજક નારણભાઈ કે.રાવળે જણાવ્યું હતુ કે ચોમાસામાં સારો વરસાદ થાય અને તળાવમાં પાણી ભરાશે જેથી પાણીના જે તળ ઉડા જઈ રહ્યા છે અને પાણીની તંગી સર્જાઈ રહી છે પરંતુ આ તળાવ ઉંડુ થતા તેમાં વરસાદના વહી જતા પાણીનો સંગ્રહ થશે. તેથી ભૂગર્ભ જળ ઉંચકાતા પાણીની સમસ્યાઓનું નિરાકરણ આવશે.

ભગવાન તો ભક્તને આધિન છે

મહારાષ્ટ્રના સંતોમાં એકનાથજી મહારાજનું નામ આજે પણ ગુંજે છે. એકનાથજી મહારાજ પ્રભુના પરમ ભક્ત હતા. તેમણે ગૃહસ્થાશ્રમમાં રહી અને પ્રભુ ભક્તિ કરેલી. વળી, પ્રભુની કથા - વાર્તા પણ તે કહેતા. તેમને ત્યાં હરિભક્તો અને દીનદુ:ખીયાઓની સતત અવર - જવર રહેતી. તેમને પીવા પાણી આપવું. જમાડવા, રસોઈ કરવી, તેમની વ્યવસ્થા સંભાળવી. આ બધું કરવાથી પતિ - પત્ની ખૂબ જ થાકી જતાં. પરંતુ થાય શું ?

પતિ - પત્નીએ સાથે મળી અને એક મહાન કાર્ય આદરેલું તેથી ગમે તેવી પરિસ્થિતિ વચ્ચે પણ તેમણે પોતાના જીવનનું એક લક્ષ્ય નક્કી કરેલું એ તો કોઈપણ હિસાબે પાર પાડવું રહ્યું.

એક દિવસની વાત છે. એક બાર - પંદર વર્ષનો છોકરો એકનાથજી મહારાજ પાસે આવ્યો અને કહે છે કે, '' મહારાજ... મહારાજ... મને નોકરીએ રાખશો ?'' એકનાથજી મહારાજ આ છોકરાને જોઈ અને વિચાર કરે છે કે,''આ બાળક શું કામ કરી શકશે.? વળી, તેને પગાર પણ જોઈએ. તેના રૂપિયા ક્યાંથી લાવવા ?'' એટલે પોતાને મૂઝવતા પ્રશ્નો એકનાથજી મહારાજએ તે છોકરાને કર્યા. છોકરો કહે છે, '' તમે જે કહેશો તે કામ કરી દઈશ મને રસોઈ બનાવતા આવડે છે. તે ઉપરાંત હું સાફ સફાઈ કરી આપીશ. વાસણ સાફ કરી દઈશ. તમે જે કામ બતાવશો તે કામ હું ફટાફટ કરી આપીશ.''

એકનાથજી મહારાજ કહે છે, '' તારુ નામ શું છે ?'' '' મારું નામ શિખંડીયો છે'' તે બાળક જવાબ આપે છે. ફરી એકનાથી મહરાજે પૂછયું, '' બેટા, તું પગાર શું લઈશ ?'' ત્યારે તે શિખંડીયો જવાબ આપે છે કે, '' મારે પગાર નથી જોઈતો પરંતુ તે કામના બદલામાં મને બે વખતનું જમવાનું આપજો એટલે બસ !'' એકનાથજી મહારાજ તો રાજીનારેડ થઈ ગયા. તેમને થયું સારું થયું. કામની જંઝટમાંથી મુક્તિ મળી જેથી કરીને વધુ સારી રીતે પ્રભુભજન પણ થશે અને દીનદુ:ખીયાઓની સેવા પણ થશે.

બસ, શિખંડીયાએ તો કામ પોતાના હાથમાં લીધું. તે દરેક કામ ખુબ જ ઝડપથી કરી નાંખે છે. સાફ - સફાઈ પણ એવી કરે કે, જગ્યાને ચોખ્ખીચટક જોઈ ભલભલા આશ્ચર્યમાં પડી જાય અને દરરોજ શિખંડીયો રસોઈ પણ એવી સુંદર બનાવે કે, ખાનારા આંગળી ચાટી જાય. ખુદ એકનાથજી મહારાજ અને તેમના ધર્મપત્નીને પણ ભોજનમાં અલૌકિક આનંદ આવતો.

આમને આમ દિવસો વિતતા જાય છે. લકોને એકનાથજી મહારાજની જગ્યામાં અલૌકિક આનંદ આવતો અનુભવાય છે. તેની ખુબ ખૂબ પ્રશંસા પણ ચોતરફ થતી રહે છે.

એકવાર મહારાષ્ટ્રથી કેટલાક લોકો ચાલીને દ્વારકાની યાત્રાએ નીકળ્યા. પગે ચાલીને નિકળેલ આ યાત્રાળુઓ દ્વારકા પહોંચી અને ભગવાન શ્રી દ્વારકાધીશના દર્શન કરવા મંદિરમાં ગયા. ત્યારે જ્યાં જુએ છે ત્યાં મંદિરમાં ભગવાન જ નથી. પૂછતા ખબર પડી કે, ભગવાન તો હાલ એકનાથજીને ત્યાં બિરાજે છે.

એટલે, ભક્ત યાત્રાળુઓ તો વિચારમાં પડી ગયા કે '' આ શું ?'' મહારાષ્ટ્રથી તો અમે પગે ચાલીને દ્વારકાધીશના દર્શન કરવા આવ્યા અને દ્વરકાધીશ તો અમારે ત્યાંજ બિરાજી રહ્યાં છે. એટલે સૌ સાથે મળી અને ફરી પગે ચાલીને દ્વારકાથી મહારાષ્ટ્રમાં આવ્યા અને જ્યાં એકનાથજી મહારાજની જગ્યામાં આવીને કહે છે, મહારાજ અમને તમારે ત્યાં બિરાજી રહેલા દ્વારકાધીશના દર્શન કરવા છે. ક્યાં છે પ્રભુ ? અમને દર્શન કરાવો.''

એકનાથજી મહારાજ કહે છે, '' મારે ત્યાં દ્વારકાધીશ બિરાજે છે તેવું તમને કહ્યું કોણે ?''યાત્રાળુઓ કહે છે કે, '' અમે દ્વારકા ગયા હતા ત્યાંથી જાણવા મળ્યું પ્રભુ છેલ્લા કેટલા સમયથી તમારે ત્યાં બિરાજે છે''

એકનાથજી મહરાજને તરત જ વિચાર ઝબક્યો, '' જરૂર પહેલો શિખંડીયો સાક્ષાત દ્વવરકાધીશ હશે!''તપાસ કરતા જાણવા મળ્યું કે તે કાવડ લઈ અને પાણી ભરવા ગયા છે. એકનાથજી મહરાજે જળાશય પાસે દોટ મૂકી તેની પાછળ પાછળ યાત્રાળુઓ અને ભક્તજનો પણ દોડયા. ભગવવાન આ બધી વાત જાણી ગયા તેથી કાવડ મૂકી અને અંતર્ધાન થઈ ગયા. તેને જોવા નીકળેલા એકનાથજી મહારાજ અને ભકતોને ખાલી પાણી ભરેલી કાવડ મળી.

એકનાથજી મહરાજની આંખોમાંથી આશ્રુધારા વહી તેમને થયું કે, '' ભગવાન પાસે મેં નોકર જેવું કામ કરાવ્યું'' અને તે વિલાપ કરવા લાગ્યા.

આમ, એકનાથજી મહારાજ અને તેમના ધર્મપત્ની નિષ્કામ ભક્તિથી આધિન થઈ અને ભગવાને જાતે તેના બધા કામ સંભાળ્યા.

આજનું ભજન

જનમો જનમ ચરણોની ભક્તિ માંગીએ,
વ્હાલા! તું તો દિલડાનો દાતાર જો...
કલ્પવૃક્ષ સમ મીઠી તારી છાંયડી,
જેવું માંગે તેવું તું દેનાર જો...
દર્પણ સમ દિસે છે મૂરતિ તાહારી,
ભાવ પ્રમાણે દર્શનનો દેનાર જો...
કર્મના યોગ જો કોઈ યોનિ સાંપડે,
'' પુનિત'' રાખે ત્યાં પણ ચરણે પ્યાર જો...

- કનકચંદ્ર સી.વ્યાસ

સંકલન : શ્રીમતી રમણતારા કે.વ્યાસ

સંસ્કારી નગરી બની આધ્યાત્મિક નગરી

વડોદરાના ઇસ્કોન મંદિરમાં ચાલતી ભાગવત કથામા યજ્ઞ યોજાયો

મનીષ જોષી

વડોદરા

અગ્રવાલ સમાજ દ્વારા પાણી બચાવવાના સંદેશ સાથે શ્રીમદ ભાગવત મહાપુરાણ કથાનો પ્રારંભ : શોભાયાત્રા નીકળી વડોદરા શહેર પુરુષોત્તમ માસેઆધ્યાત્મિક નગરી બની ગયુ છે. ઇસ્કોન મંદિરમાં ચાલતી ભાગવત કથાની પુર્ણાહુતિ બાદ ઉર્જા બચાવો , પ્લાસ્ટિકનો ઉપયોગ ઘટાડોના શપથ લઈને યજ્ઞ યોજાયો હતો.જ્યારે અગ્રવાલ સમાજ દ્વારા પાણી બચાવવાના સંદેશ સાથે શ્રીમદ ભાગવત મહાપુરાણ કથાનો પ્રારંભ થયો છે.તે કથાની શોભાયાત્રા વાજતે ગાજતે નીકળી હતી. શહેરની હવેલીઓમાં જુદા જુદા મનોરથોના દર્શનનો લાભ ભાવિકો લઇ રહ્યા છે. પવિત્ર પુરુષોત્તમ માસે સંસ્કારીનગરી વડોદરા ધાર્મિક નગરી બની છે.બીઆરજી ગૃપ દ્વારા ચાલતા શ્રીમદ ભાગવત જ્ઞાનયજ્ઞની પુર્ણાહુતિ નિમિતે યજ્ઞ યોજાયો.જેમાં વીજ ઉર્જા બચાવો અને પ્લાસ્ટિકનો ઉપયોગ ઘટાડવા શપથ લેવાઈ હતી.

અનુસંધાન પાના નં.૬

વીજ કરંટ લાગતાં સણાવીયા ગામના ખેડૂતને ગંભીર ઇજા

(પ્રતિ.) થરાદ

થરાદ તાલુકાના સણાવીયા ગામના પીરાભાઈ કલ્યાણભાઈ રાજપુત (વાઘેલા) પોતાના ખેતરમાં કુવા ઉપર ડીપીના લંગર પડી ગયેલ હોય વાંસથી ચડાવતા હતા. આ વખતે પીરાભાઈને આકસ્મિક રીતે ડીપીની વીજળીનાનો કરંટ લાગતાં ઝટકા સાથે તેઓ નીચે પટકાયા હતા. તેમજ તેમના બંને હાથ અને જમણા પગે કરંટ ફૂટ્યો હતો. તેમ જ પછડાટ ના કારણે વાગ્યું પણ હતું આથી તેઓને તાબડતોબ થરાદ શહેરની ખાનગી હોસ્પિટલમાં પ્રાથમિક સારવાર બાદ વધુ સારવાર અર્થે ડીસા લઇ જવાયા હતા. જોકે તેમની હાલત ગંભીર હોવાના કારણે અમદાવાદની હોસ્પિટલમાં વધુ સારવાર અર્થે લઈ જવાયા હતા. આ બનાવની ભલાભાઇ કલ્યાણભાઇ રાજપુત (વાઘેલા) એ થરાદ પોલીસ મથકમાં જાણ કરતાં પોલીસે આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

થરાદની મુખ્ય કેનાલ પરથી પાઈપો હટાવવાની કામગીરી સપ્તાહથી યથાવત

વિષ્ણુ દવે

પ્રતિનિધિ થરાદ

ઉનાળામાં પાણીની અછતને પહોંચી વળવા માટે સરકાર દ્વારા સિંચાઇ માટે પાણી નહીં આપવાના નિર્ણય છતાં પણ મોટાભાગના ગામોના ખેડૂતો નહેર પર ઓઇલ એન્જીન અને મોટરો ગોઠવીને પાણી ખેંચી ઘાસચારાનું વાવેતર કરતા હતા. આથી નર્મદા વિભાગ તથા વીજકંપની પોલીસ અને એસઆરપી બંદોબસ્ત સાથે રાખીને થરાદ વાવ દિયોદર ભાભર તાલુકાની માંથી પસાર થતી અને રાજસ્થાન જતી નર્મદાની મુખ્ય નહેરમાં મુખ્ય નહેર પરની પાઈપલાઈનો હટાવવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી.

જે અઠવાડિયા બાદ પણ યથાવત રહેવા પામી હતી. જોકે નર્મદા વિભાગના અધિકારીઓ ઓઇલ એન્જિન હટાવતા અને મોટરો મુકતા ખેડૂતોને છાવરતા હોવાનો પણ આક્ષેપો થવા પામ્યો હતો.આથી તંત્રએ ગુરુવારે પાઈપોની સાથે નહેર પર મૂકેલા કેટલાક ખેડૂતોની મોટરો પણ જપ્ત કરી લીધી હોવાનું જાણવા મળ્યું હતું.આમ અઠવાડિયાથી તંત્ર દ્વારા આકરાપાણીએ કામગીરી હાથ ધરવામાં આવતાં પાણી નહીં મળવાના કારણે ખેડૂતોમાં ભારે રોષ સાથે આક્રોશની લાગણી ફેલાયેલી જોવા મળી હતી.

સોનગઢના ઘર વિહોણા આદિવાસીઓએ જિલ્લા કલેકટરને આવેદનપત્ર પાઠવ્યું

રેલવે કોરીડોર પ્રોજેકટમાં મકાનો તોડી પડાતા નિરાધાર બનેલા પરિવારોએ લગાવી ન્યાયની ગુહાર

સંજય જોષી

પાલનપુર

પાલનપુર તાલુકાના સોનગઢ- સદરપુર ગામની સીમમાં રહેતા ભીલ આદિવાસી પરિવારોના મકાનો એક વર્ષ અગાઉ રેલવે કોરીડોર પ્રોજેકટ અંતર્ગત તોડી પાડવામાં આવ્યા હતા. જેમનું પુનઃ વ્યવસ્થાપન કરવામાં આવ્યું નથી. હવે ચોમાસું માથા ઉપર છે. ત્યારે ઘર વિહોણા આદિવાસીઓ એ કલેક્ટરને આવેદનપત્ર પાઠવી ન્યાયની ગુહાર લગાવી હતી.

પાલનપુર તાલુકાના સોનગઢ-સદરપુર ગામની સીમમાં વસવાટ કરતાં ભીલ આદિવાસી પરિવારોએ ગુરૂવારે જિલ્લા કલેકટર કચેરીએ લેખિત રજૂઆત કરી હતી. જેમાં જણાવ્યું હતુ કે, અમો છેલ્લા ચાલીસ વર્ષથી સદરપુર ગ્રામપંચાયતમાં સમાવિષ્ટ સોનગઢ ગામની સીમમાં એપ્રોચ રોડને અડીને આવેલા ફાટક નજીક

અનુસંધાન પાના નં.૬

રહીશોની કઈ માંગણી છે ?

તોડી પાડેલા ઘરોનું તાત્કાલિક સ્થળ નિરીક્ષણ કરી થયેલા નુકશાનનું વળતર આપવું. પંદર પરિવારોને રહેઠાંણ માટે અન્ય જગ્યાએ ગામતળ મંજુર કરી પ્લોટ ફાળવી આપવા. મકાન બનવવા માટે આર્થિક સહાય આપવી.

પેટ્રોલ-ડીઝલના ભાવ વધારા સામે

પાલનપુર ખાતે કૉંગ્રેસે ધરણાં યોજી વિરોધ પ્રદર્શિત કર્યો

સંજય જોષી

પાલનપુર

મોંઘવારી ઘટાડવાની ગુલબાંગો સાથે સત્તાસ્થાને આવેલી ભાજપ શાસિત કેન્દ્રની મોદી સરકારના રાજમાં પેટ્રોલ-ડીઝલ ના ભાવ આસમાને આંબી રહ્યા છે. ત્યારે વિપક્ષ કૉંગ્રેસે આજે રાજ્યવ્યાપી ધરણાં પ્રદર્શન યોજયા હતા. જેના ભાગરૂપે પાલનપુર ખાતે પણ બનાસકાંઠા જિલ્લા કૉંગ્રેસ દ્વારા ધરણાં યોજવામાં આવ્યા હતા. જોકે, કૉંગ્રેસના ધરણાંના કાર્યક્રમ ઉપર પણ કાળઝાળ ગરમીની અસર વર્તાઈ હતી. જેથી કૉંગ્રેસે સાંજે ૪.૩૦ વાગે ધરણાં યોજી બે કલાકમાં તો આટોપી લીધા હતા. જેમાં પેટ્રોલ - ડીઝલના ભાવ વધારા સામે વિરોધ પ્રદર્શિત કરી જરૂર પડે આંદોલન છેડવાની ચીમકી ઉચ્ચારવામાં આવી હતી.

સાતસણ ગામ પ્રાથમિક સુવિધાઓથી વંચિત

ઈશ્વર રબારી

ગત ચોમાસામાં વરસાદથી તૂટેલા રસ્તાઓનું રીપેરીંગ થતુ નથી

પ્રતિ. દાંતીવાડા

દાંતીવાડા તાલુકાના સાતસણ ગામને અને આજુબાજુના ચારેય ગામને જોડતા રસ્તાઓ ગત ચોમાસામાં ભારે વરસાદના કારણે તૂટી ગયેલ છે. જે તે વખતે રાજકીય તેમજ સરકારી અધિકારીઓ દ્વારા ગામની ગત ચોમાસા બાદ મુલાકાત લીધેલ પરંતુ હજુ સુધી રોડ રસ્તાઓ નાળાઓથી વંચિત રહ્યું છે. જો કે ગામના જાગૃત નાગરિક દ્વારા જે તે વખતે પ્રાથમિક સ્તરે રસ્તાઓ રીપેરીંગ કરેલ. પણ સરકાર દ્વારા હજુ સુધી જેસે થૈ પરિસ્થિતિ રહી છે. જો આ રસ્તાઓ નાળાઓ રીપેરીંગ નહી થાય તો આવનારા ચોમાસામાં આ ગામડાઓ મુખ્ય રસ્તાઓથી ચોમાસામાં સંપર્ક વિહોણા બને તો નવાઈ નથી.

અત્રે ઉલ્લેખનીય છે કે સાતસણએ આશરે પાંચકે હજાર વસ્તી ધરાવતું ગામ છે. પરંતુ તાલુકા પંચાયત દ્વારા ગટરલાઈન, સીસીરોડ જેવી પ્રાથમિક સુવિધાઓથી વંચિત હોય તેવું ચર્ચાઈ રહ્યું છે.

ડીસાના ઝેરડા નજીક ઈકો ગાડીમાંથી વિદેશી ઝડપાયો

ડીસા

જિલ્લામાં દારૂ/જુગારની પ્રવુતિ નેસ્ત નાબૂદ થાય તે અંગે કડક અમલવારી કરવા સૂચના કરતા શ્રી જે.એચ.સિંધવ, પોલીસ ઈન્સ્પેકટર, એલ.સી.બી માર્ગદર્શન હેઠળ પ્રો.પો.સ.ઈ. એમ. આર. મોહનિયા તથા ટીમના ભરતભાઈ, પ્રકાશચંદ્ર, નરેશભાઈ, દિગ્વિજયસિંહ, જયપાલસિંહ, કુલદીપસિંહ, દીલીપસિંહ, પ્રવિણભાઈની ટીમે ડીસા રૂરલ પો.સ્ટે. વિસ્તારમાં પેટ્રોલીગમાં હતા દરમ્યાન બાતમી હકીકત આધારે ઝેરડા ગામના પાટીયા પાસે નાકાબંધી કરી ઈકો ગાડી નં.જીજે.૨૭. એએ.૩૧૧૬ પોલીસ નાકાબંધી જોઈ ગાડીનો ચાલક (૧)પ્રકાશભાઈ વિહાભાઈ રાવળ રહે,પાંચોટ તા.મહેસાણા (૨)રણછોડજી ગોપાલજી ઠાકોર રહે,પીપળ વાળો ઈકો ગાડી સાથે પકડાઈ જઈ ગાડી માં વિદેશી દારૂ બોટલ નંગ- ૪૬૦ કી.રૂ,૪૬,૦૦૦ નો તથા ઈકો ગાડી કિ.રૂા.૨,૦૦, ૦૦૦ એમ કુલ મુદામાલ કિ.રૂ,૨,૪૬,૦૦૦ મળી આવેલ હોઈ ડીસા રૂરલ પો.સ્ટે પ્રોહિબિશન એકટ હેઠળ કાર્યવાહી કરવામાં આવેલ છે.

થરાદમાંથી પાણીના પાઉચની આડમાં લવાતો ૧૫૩૬ બોટલ દારૂનો જથ્થો ઝડપાયો

પ્રતિનિધિ થરાદ

થરાદ વિસ્તારમાં પેટ્રોલિંગમાં રહેલા કર્મચારીઓ એ.એસ.આઇ. જસવંતસિંહ ભાલુજી તથા દશરથભાઈ હીરાભાઈ, રવજીભાઈ રૂપસીભાઇ તથા હસમુખભાઈ જોધાભાઈ અને મહેશભાઈને રાજસ્થાન તરફથી એક પીક અપડાલુ પાણીના પાઉચની થેલીઓ નીચે વિદેશી દારૂ ભરીને પીલુડા તરફથી આવનાર હોવાની ખાનગી બાતમી મળી હતી. આથી પોલીસે પીલુડા બસ સ્ટેશન પાસે નાકાબંધી કરી વોચ ગોઠવી ઉપરોક્ત જીપડાલાની રાહ જોતા તે આવતા તેના પ્રાઈવેટ ગાડીથી કોર્ડન કરી તેને રોકવાનો પ્રયત્ન કરતાં તે ભાગી છુટ્યો હતો. આથી પોલીસે પીછો કરતાં બસ સ્ટેશનથી થોડે દૂર સાઈડમાં ગાડી ઉતારી ગાડીમાંથી બહાર ઉતરી ભાગવા જતાં ઝડપાઈ ગયો હતો. જેનું નામ રમઝાનખાન અકબરખાન બલોચ રહે. શેસણ તા. દિયોદર હોવાનું જાણવા મળ્યું હતું.પોલીસે ૫્લ૦૮ફ ૩૭૦૨ નંબરના જીપડાલામાંથી ૧૫૩૬ બોટલ કિંમત રૂપિયા ૨૧૩૬૦૦ નો દારૂ તથા ૫૦૦નો મોબાઇલ મળીને કુલ રુપીયા ૪૧૪૧૦૦નો મુદ્દામાલ કબજે લઈ વધુ કાર્યવાહી હાથ ધરી હતી તદ્દુપરાંત બુધવારે થરાદ તાલુકાના ડેલ ગામમાંથી ઈશાભાઇ પ્રેમાભાઈ રાજપુત ના રહેણાંકે દરોડો પાડી રૂપિયા ૧૦,૧૦૦ કિંમતની ૮૩ બોટલ તથા દુધવા ગામના નાગજીભાઈ રબારી ના મકાનમાંથી ૧૨૪ બોટલ કિંમત રૂપિયા ૧૨૪૦૦ નો દારૂ ઝડપી લીધો હતો જોકે બંને શખ્સો નાસી છૂટવામાં સફળ રહ્યા હતા.

થરાદ પાલિકા દ્વારા મહિલાઓને પાણી બચાવવા જાગૃત કરાઇ

વિષ્ણુ દવે

પ્રતિનિધ થરાદ

સરકાર દ્વારા પાણીની ગંભીરતાને ટાળવા માટે સુજલામ સુફલામ જળસંચય અભિયાનનું આયોજન કરવામાં આવ્યું છે.જે અંતર્ગત થરાદ પાલિકા દ્વારા નગરની મહીલાઓને પાણી બચાવવા અંગે જાગૃત કરી તેઓ પણ બીજી બહેનોને પાણીનો દુરુપયોગ થતો અટકાવી શકે તે અંગેની માહિતી અને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.જેમાં પાલિકાના ચીફઓફીસર રોશનીબેન પટેલ,મહિલા સદસ્યા કોકીલાબેન પ્રજાપતિ તથા સમાજ સંગઠક જાનકી કીરીએ ઉપસ્થિત રહી સખીમંડળની બહેનોને ઉનાળામાં પાણીની સમસ્યાથી વાકેફ કરી તેમને ઘરમાં પાણીની બચત કરવી એ સ્વૈચ્છિક ફરજ હોવાનું જણાવી ઉપયોગી ચીજવસ્તુઓ વાળી કીટનું પણ વિતરણ કર્યું હતું.કાર્યક્રમમાં બહોળી સંખ્યામાં મહીલાઓ ઉપસ્થિત રહી હતી.

રતનપુરા (શિ) ગામે છાપરામાં આગ લાગતા ઘર વખરી બળીને ખાખ

વિજય સિલ્વા

પ્રતિનિધિ શિહોરી

આજ રોજ બપોરે કાંકરેજ તાલુકા ના રાતનપુરા (શિ) ગામે ખેતર મા રહી ખેત મજૂરી કરતા બળદેવજી જામાજી ઠાકોર ના છાપરા મા અગમ્ય કારણો સર આગ લાગતા કપડા વાસણો ગોદડાં અને કપડાં અને બધીજ ઘર વખરી બળીને ખાખ થઈ ગઈ હતી, તેઓ બાજુના ખેતર મા બાજરી લણી રહયા હતા ત્યારે પોતાના રહેણાક છાપરા મા આગ લાગી હતી અને તેઓ છાપરા માંથી આગ ના ધુમાડા જોઈ જતા દોડતા આવી પાણી લાવીને પાણીનો મારો ચલાવ્યો હતો પરંતુ પાણી સાટવા ની મહેનત એળે ગઈ હતી અને જોત જોત મા છાપરું પૂરું આગમાં લપેટાઈ ગયું હતું ત્યારે તેમાં ની બધીજ ઘરવખરી બળીને ખાખ થઈ ગઈ હતી, અને એક ગરીબ ખેડૂત ને નુકસાન થયું હતું આ ઘટના ની જાણ કાંકરેજ તાલુકાવીકાસ અધિકારી શ્રી અનિલભાઈ ત્રિવેદી ને થતા તાત્કાલિક ઘટના સ્થળે જઈ સેજાના તલાટીને વિગત જાણવા જણાવ્યું હતું.

ભાભરના વડ તળાવનું ખોદકામ પુરજોશમાં

વનરાજસિંહ રાઠોડ

ભાભરમાં આવેલ વર્ષો પુરાણું વડ તળાવ છીછરૂ થઈ ગયું હોવાથી પાણીનો પુરવઠો સુકાઈ જતો હતો અને તેમાં રહેલ લાખો જળચર તરફડીને મૃત્યુ પામતા હતા. રહીશોની માંગ હતી કે આ તળાવને ઊંડુ કરીને ફીનીસીંગ કરાય. સરકાર દ્વારા રૂા. ૩૮ લાખના ખર્ચે તેના રીપેરીંગ માટે મંજુર થયેલ છે. જેથી વડ તળાવનું ખોદકામ પુરજોશમાં ચાલુ થતાં રહીશોમાં આનંદની લાગણી જન્મી છે.

પાલનપુરમાં મંદિરની સફાઈ કરતા પડી જતા યુવકને ઇજા

પાલનપુર

પાલનપુરમાં મંદીર ઉપર સફાઈ કરતા પડી જવાથી એક ૪૦ વર્ષીય યુવકને ઈજા થતા તેને સારવાર અર્થે પાલનપુર સિવિલમાં ખસેડાયો હતો. પાલનપુરમાં મંદિર પર સફાઈ કરવા જતા ૪૦ વર્ષીય ચંદ્રકાન્ત ઈંદ્રવદન વોરા રહે.જૈન દાદાવાડી પાસે, પાલનપુરવાળા પડી જતા તેને સારવાર અર્થે પાલનપુર સિવિલમાં ખસેડાયા હતા.

ડીસા માર્કેટર્યાડમાં સ્ટેટબેંકની શાખા ખોલવા માંગ

ગ્રેઈન એન્ડ સીડ્ઝ મર્ચન્ટ એસો.ની ઉચ્ચસ્તરે રજૂઆત

ડીસા

ઉત્તર ગુજરાતમાં ઉંઝા પછી સૌથી મોટું યાર્ડ ધરાવતું ડીસા માર્કેટર્યાડમાં વિવિધ ખેત પેદાશો ખરીદ વેચણ થાય છે સીજનમા અને ચાલુ દિવસોમાં પણ ખેડુતો અને વહેપારીઓની સતત આવા-ગમન થાય છે. તેવા માર્કેટર્યાડથી ૩ કીમી દુર ડીસા શહેરમાં આવા-ગમન કરતા ક્યારેક લુંટ અને અન્ય ઘટના પણ બનેલ છે. તેથી વહેપારી અને ખેડુતોની સુરક્ષા માટે ડીસા માર્કેટર્યાડમા સ્ટેટબેંક ઓફ ઈંડીયાની શાખા ખોલવા માટે ઘી ગ્રેઈન એન્ડ સીડઝ મરચન્ટ એસોસી અને ડીસા સ્ટેટબેંકમાં વિંનતીપત્ર આપેલ છે તેની નકલ નાંણામંત્રી ભારત સરકાર જનરલ મેનેજર (રીર્ઝવ બેંક અમદાવાદ) ભારત સરકારના ખાણ ખનીજ વિભાગના મંત્રી અને જિલ્લા સાંસદ હરીભાઈ ચૌધરી, ડીસાના જાગૃત ધારાસભ્ય શશીકાંતભાઈ પંડ્યા અને ખેતીવાડી ઉત્પન બજાર સમીતી ડીસાના ચેરમેન માવજીભાઈ દેસાઈને મોકલી આપેલ છે ડીસાના માર્કેટર્યાડના વહેપારીઓ અને ખેડુતો અને નજીકમાં આવેલ. જી.આઈ. ડી.સી ડીસાના ઉધોગ સાહસીકો માટે સ્ટેટબેંકની શાખા ત્વરીત ખુલે તેવી જરૂરીયાત છે. સ્ટેટબેંકના અધિકારીઓ યોગ્ય કરે તેવી જનમાંગ છે.

મીઠી પાલડી ખાતે તળાવ ઊંડા કરવાની કામગીરી શરૂ

પ્રતિનિધિ મીઠી પાલડી

આજકાલ ગ્લોબલ વૉર્મિંગ અને પર્યાવરણમાં અસમતુલા સર્જાઈ રહીછે,જ્યારે આવી વિકટ પરિસ્થિતિઓમાં પણ કેટલીક સંસ્થાઓ મદદરૂપ નિવડી રહીછે,

દિયોદર તાલુકાના પાલડી મીઠી ગામે જળ સંચય અભિયાન ના ભાગરૂપે તળાવો ઉંડા કરીને કુદરતી સમતુલા જાળવવા માટે એક સંસ્થા આગળ આવીછે,

જેમ એન્ડ જ્વેલરી નેશનલ રીલીફ ફાઉન્ડેશન મુંબઈના આર્થિક સહયોગથી વિચરતા સમુદાય સમર્થન મંચના જળ વ્યવસ્થાપન કાર્યક્રમ હેઠળ તેમજ ગ્રામજનોના સહકારથી પાલડી મીઠી ગામના "ધાખડી" તળાવનું નવીનીકરણ કરી તેને ઉંડુ કરવાના ભાગ રૂપે ગત તા-૨૩/૫/૨૦૧૮ ના રોજ ખાત મુહૂર્ત કરવામાં આવ્યું.

આ પ્રસંગે ગામનાં સરપંચ વતી મોદી રમેશભાઇ તેમજ પદમસિહ બી.વાઘેલા, દલપતભાઈ નાઈ, શિવાભાઇ મોદી, શામળાજી સુથાર અને વિચરતા સમુદાય સમર્થન મંચનાં બનાસકાંઠા સંયોજક નારણભાઇ કે.રાવળ, તથા વી.એસ.એસ.એમ ના કાર્યકરો. ઈશ્વરભાઇ, શંકરભાઈ, ભગવાનભાઇ તેમજ બહોળી સંખ્યામાં ગ્રામજનો હાજર રહયાં હતાં. આ તળાવ સરસ રીતે ઉંડુ થાય અને આવનાર ચોમાસામાં તળાવ પાણીથી ભરાય તેવી ભગવાન પાસે સૌએ પ્રાર્થના કરી હતી.

જાડા રત્નચિંતામણિ વિહારધામ તેમજ પાલડી નગરે જૈનાચાર્યોની પાવન પધરામણી

વર્તમાન ગચ્છાધિપતિ આચાર્ય ભગવંતશ્રી નિત્યસેન સુરીશ્વરજી મ.સા. ત્થા પુજ્ય આચાર્યશ્રી જયરત્ન સુરીશ્વરજી મ.સા. આદિઠાણા પધાર્યા

નવિન દોશી

પ્રતિનિધિ પાલડી

પરમ પૂજ્ય રાષ્ટસંત આચાર્ય ભગવંતશ્રી વિજય જયંતસેન સુરીશ્વરજી મહારાજા ના શિષ્ય રત્ન વર્તમાન ગચ્છાધિપતિ આચાર્ય ભગવંતશ્રી નિત્યસેન સુરીશ્વરજી મ.સા.ત્થા પુજ્ય આચાર્યશ્રી જયરત્ન સુરીશ્વરજી મ.સા. આદિઠાણા ગઈકાલ તા-૨૩/૫/૧૮ ના રોજ જાડા રત્નચિંતામણી વિહારધામ (બનાસકાંઠા) નગરે પધાર્યા હતા. જાડા રત્નચિંતામણી વિહારધામના ટ્રષ્ટીઓ પણ પાલડીથી પધારી ગુરૂભગવંતોને ગુરૂવંદન કરી આશિર્વાદ મેળવ્યા હતા,તેમજ આજુ બાજુના ગામોથી પણ ભક્તો પધાર્યા હતા. તદઉપરાંત મીઠી પાલડી જૈન સંઘની વિનંતીનો સ્વિકાર કરી પૂજ્યશ્રી જાડાથી વિહાર કરી સાંજે પાલડી નગરે પણ પધાર્યા હતા. જ્યાં પૂજ્યશ્રીનું સામૈયું પણ થવા પામ્યું હતું.

અનુસંધાન પાના નં.૬

થરાદમાં ભીમસેના દ્વારા આવેદનપત્ર અપાયું

વિષ્ણુ દવે

આપી દલિતો ઉપર થતા અત્યાચારો અટકાવી ન્યાય આપવાની માંગ કરાઈ

પ્રતિનિધિ થરાદ

ગુરુવારે થરાદ, વાવ, સુઈગામ તાલુકાની ભીમસેના દ્વારા થરાદના પ્રાંત ઓફિસર કચેરીમાં રૂપસિંહભાઇ પટેલને આવેદનપત્ર આપવામાં આવ્યું હતું. જેમાં રાજ્યમાં દલિતોની થતી હત્યાઓ શોષણ અત્યાચારો બાબતે ગંભીરતા દાખવી કાર્યવાહી કરવામાં આવે તેવી માગણી કરવામાં આવી હતી. તેમજ ભૂતકાળમાં બનેલી ઘટના અંગે ન્યાયની માગણી સાથે હવે પછી રાજ્યમાં દલિત પરના અત્યાચારો અંકુશમાં આવે તથા દલિતો સુખ-શાંતિ પોતાનું જીવન વિતાવી શકે તેવી માંગણી કરવામાં આવી હતી. જો આ બાબતે ઘટતી કાર્યવાહી કરવામાં આવે તો ગાંધી ચિંધ્યા રાહે જવાની પણ ચીમકી ઉચ્ચારવામાં આવી હતી.

અનુસંધાન પાના નં.૬

મુખ્યમંત્રીનું જળસંચયનું સ્વપ્ન સાકાર કરવાની મહેચ્છા : ગિરીશભાઈ શાહ

ડીસા તાલુકામાં સમસ્ત મહાજન દ્વારા જળસંચય અભિયાનનો આરંભ

ડીસા

સમસ્ત મહાજન સંસ્થા છેલ્લા ઘણા વરસોથી પાંજરાપોળ સંસ્થાઓને પ્રાણવાન અને સર્વનિર્ભર બનાવવા માટે દિવસ-રાત કાર્ય કરી રહેલ છે. ગુજરાત - રાજસ્થાન- મહારાષ્ટ્રની અનેક જીવદયા પ્રેમી સંસ્થાઓમાં સમસ્ત મહાજને પ્રાણ પૂરેલ છે. પાંજરાપોળના વીડ ખુલ્લા કરી જમીન સમથળ બનાવી તેમાં તળાવોના નિર્માણ અને સઘન વૃક્ષારોપણ કાર્યો કરી રહેલ સમસ્ત મહાજન સંસ્થાના મેનેજીંગ ટ્રસ્ટી અને જેમનું વતન ડીસા તાલુકાના ભીલડી નજીક નેસડા છે.

અનુસંધાન પાના નં.૬

ભીલડીના વેપારી ગુમ

પ્રતિનિધિ ભીલડી

ભીલડી માર્કેટયાર્ડમાં પેઢી ધરાવતા વેપારી દિલીપભાઈ પરસોત્તમભાઈ દવે (ઉ.વ.૪૯) પંચવટી સોસાયટીમાં પરિવાર સાથે રહે છે જેઓ ઘરે બહાર જવાનું કહીને ગયા હતા. પરંતુ રાત સુધી ઘરે ન આવતા તેમની પત્નિએ તેમના દિયર વિષ્ણુભાઈને જાણ કરી હતી. તેથી તેઓ દોડી આવ્યા હતા. તેમનો મોબાઈલ ફોન પણ બંધ આવતો હતો. તેથી તેમણે સગા વહાલાઓમાં તપાસ કરી હતી. પરંતુ કોઈ ભાળ મળી ન હતી. જેથી પરિવારજનો ચિંતામાં ગરકાવ થઈ ગયા હતા. જે બાબતે તેમણે ભીલડી પોલીસ મથકે ગુમ થયાની ફરીયાદ નોંધાવી હતી.

ડીસા નગરપાલિકા
જાહેર નોટીસ

ડીસા નગરપાલિકા વિસ્તારમાં જર્જરીત અને જોખમી મિલ્કત ધારકોને આ જાહેર નોટીસ આપી જણાવવાનું કે, આગામી ટૂંક સમયમાં ચોમાસાની ઋતુ ચાલુ થનાર હોઈ ચોમાસા દરમ્યાન તમારી માલિકીની મિલ્કત જર્જરીત અને જોખમી હોય તો તાત્કાલિક ઉતારી લેવાનું જણાવવામાં આવે છે. જો જર્જરીત મિલ્કતના કારણે કોઈ જાનહાની કે નુકશાન થશે તો તેની સંપૂર્ણ જવાબદારી જે તે મિલ્કત ધારકની અંગત રહેશે અને શહેરમાં જે પણ મિલ્કતોમાં ભોયરાની વ્યવસ્થા હોય તે ભોયરામાં ચોમાસા દરમ્યાન પાણી ભરાવવાના પ્રશ્નો થતા હોય છે તે અંગે મકાન માલિકે આગોતરૂ આયોજન કરવાનું રહેશે. ભોયરામાં પાણી ભરાવવા બાબતે ઉત્પન્ન થતી તમામ જવાબદારી જે તે મકાન માલિકની રહેશે. ભોયરામાં ભરાયેલ પાણી નિકાલ બાબતે નગરપાલિકાની કોઈ જવાબદારી રહેશે નહી જેની સ્પષ્ટ નોંધ લેવાનું રાખશો.

નં.નપા./ડીઝાસ્ટર મેનેજમેન્ટ/વશી.સને.૨૦૧૮-૧૯
નગરપાલિકા કચેરી
ડીસા, તા.૨૪/૫/૨૦૧૮

મુખ્ય અધિકારી
ડીસા નગરપાલિકા

દાંતીવાડાના મહે.જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસ સાહેબની કોર્ટમાં મુ.દાંતીવાડા

ક્રિમીનલ પર.અરજ નં.૨૬/૨૦૧૮
અરજદારના વિ.વ.શ્રી:-એ.પી.સાંખલા

અરજદાર: ઝાખડીયા તલાજી ઘેમરાજી રહે.ગોઢ,
તા.દાંતીવાડા, જિ.બ.કાં.

વિરૂધ્ધ

સામાવાળા : તલાટી કમ મંત્રીશ્રી, ગોઢ ગ્રામ પંચાયત, મુ.ગોઢ, તા.દાંતીવાડા,
જિ.બનાસકાંઠા

અરજ : જન્મ - મરણ નોંધણી અધિનિયમની કલમ - ૧૩ (૩)
મુજબ જન્મની નોંધણી કરવા બાબત...

આથી જાહેર જનતાને જણાવવાનું કે, અત્રેની કોર્ટમાં અરજદાર ઝાખડીયા તલાજી ઘેમરાજી રહે.પાંથાવાડા, તા.દાંતીવાડા, જિ.બ.કાં.વાળા અરજદારના પુત્રો નામે મહેશકુમાર તથા રાજેશકુમાર નો જન્મ અનુક્રમે ૦૫/૦૧/૧૯૯૫ અને તા.૧૮/૧૧/૧૯૯૮ ના રોજ મુ.ગોઢ, તા.દાંતીવાડા, જિ.બનાસકાંઠા મુકામે થયેલ છે. જે બાબતનો દાખલો મેળવવા બાબતે અત્રેની કોર્ટમાં ક્રીમીનલ પરચૂરણ અરજી નં.૨૬/૨૦૧૮ ની દાખલ કરેલ હોઈ, સદર અરજી બાબતે લાગતા વળગતા સગા સંબંધીઓ ને તેમજ અન્ય કોઈપણ ઈસમને વાંધો કે તકરાર હોય તો અત્રેની કોર્ટમાં તા.૧૨/૬/૨૦૧૮ અથવા તે પહેલા રૂબરૂમાં કે પોતાના માહિતગાર વકીલશ્રી મારફતે રૂબરૂમાં આવી યોગ્ય રજૂઆત કરવી.

આ અરજી બાબતે કોઈ વાંધો કે તકરાર ઉપરોક્ત જણાવેલ સમયમર્યાદામાં રજૂ નહી થાય તો, અરજી સંદર્ભે હાજર પક્ષકારોને સાંભળી અરજીનો કાયદેસર નિકાલ કરવામાં આવશે. જેની લાગતા વળગતાઓએ સ્પષ્ટ નોંધ લેવી.

આજ તા.૧૬ મી મે ૨૦૧૮ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો.

તૈયાર કરનાર
કે.આર.સોલંકી
IC(આસીસ્ટન્ટ)

તપાસી જોનાર
(કે.એન.ચૌહાણ)
આસીસ્ટન્ટ

કોર્ટનો
સિક્કો

હુકમથી (ડી.પી.પરમાર)
રજીસ્ટ્રાર જ્યુ.મેજી.ફ.ક.
કોર્ટ, દાંતીવાડા

તંત્રી સ્થાનેથી ...

સૌ સાથે વેર બાંધો પરંતુ પડોશી સાથે કદાપી વેર ન બાંધો..

'પોસ્કો' ધારા હેઠળના કેસોનો ઝડપી નિકાલ જરૂરી

દેશભરમાં કિશોરીઓ પર થતા જાતીય અત્યાચાર મામલે વર્ષ ૨૦૧૨ માં કેન્દ્ર સરકારે નવો ખરડો પસાર કરી ગેઝેટ બહાર પાડ્યું હતું. જેમાં જાતીય અત્યાચારના ગુના માટે સ્પેશીયલ કોર્ટ હોવી ફરજીયાત કરતાં ગુજરાતમાં જિલ્લા મુજબ સ્પે. કોર્ટ બનાવવામાં આવી હતી. જો કે પોસ્કો કેસોમાં સતત વધારો થવાના કારણે ચાર કોર્ટો કાર્યરત કરવાનો સરકારે નિર્ણય કર્યો છે.

રાજયની જુની સ્પે.કોર્ટમાં જે કેસો પડતર હતા. તે તમામ કેસો પોલીસ સ્ટેશન વાઈઝ નવી કોર્ટમાં ટ્રાન્સફર કરવામાં આવશે. ઉલ્લેખનીય છે કે પોસ્કો કેસ છ માસમાં જ પૂરો કરવાની કાયદામાં જોગવાઈ છે પરંતુ આજદીન સુધી એક પણ કેસ નિયમ મુજબ પુરો થયો નથી, કહેવાય છે કે વર્ષ ૨૦૧૪-૨૦૧૫ ના અસંખ્ય કેસો કોર્ટમાં પડતર પડ્યા છે.

ત્યારે હાલમાં દેશભરમાં થયેલા પોસ્કો કેસોની ત્વરિત સમીક્ષા થવી જોઈએ. ખાસ કરીને ઉત્તર પ્રદેશ, મધ્યપ્રદેશ, બિહાર અને ગુજરાતમાં કિશોરીઓ પરના જે અત્યાચારના બનાવો બન્યા છે તેની સંપૂર્ણ યાદી તૈયાર કરીને સરકારે તેની સમીક્ષા કરવી જોઈએ. ગૃહ વિભાગ અથવા સીબીઆઈ દ્વારા તમામ કેસોની સમીક્ષા થાય તે જરૂરી છે. ઉત્તર પ્રદેશ અને બિહારમાં વર્ષ ૨૦૧૨ થી ૨૦૧૭ સુધીમાં જે કેસો થયા છે. તેમાં તપાસ કાર્યવાહી ક્યાં સુધી આવી છે. તેનો રિપોર્ટ તૈયાર થવો જરૂરી છે. પોલીસની નિષ્ક્રિયતાના કારણે ઘણા કેસો ફાઈલોમાં જ અટવાઈ પડતા હોય છે.

પોસ્કો કોર્ટ એક્ટ કેસ ચલાવવા માટેના જે નિયમો ઘડી નાંખવામાં આવ્યા છે. જેમાં કોર્ટમાં પિડીતા કેસના આરોપીને જોઈ શકે તે રીતે કોર્ટમાં આડશ ઉભી કરવી જોઈએ. સર તપાસ અને ઉલટ તપાસ સમયે સરકારી વકીલ અને બચાવ પક્ષનો એડવોકેટ સીધા પ્રશ્નો પૂછી શકશે નહિં. તેમજ પિડીતાના નિયમ સમયે તેની સાથે તેના માતાપિતા કે સામાજીક કાર્યકરની હાજરી જરૂરી છે. આમા કોઈ પણ વ્યક્તિનું દબાણ ચાલી શકશે નહિં.

અમદાવાદ સીટી અને જિલ્લાની બે સ્પે. પોસ્કો કોર્ટ (પ્રોટેક્શન ઓફ ચિલ્ડ્રન ફ્રોમ સેક્સુઅલ ઓફેન્સ એક્ટ ૨૦૧૨) ફાળવવામાં આવી હતી. જો કે પોક્સોના કેસોમાં નોંધપાત્ર રીતે વધારો થઈ રહ્યો છે, અને હાલ કેસોનો ઝડપી નિકાલ થઈ શકતો નથી. જેથી કરીને હવે પોલીસ સ્ટેશન વાઈઝ ચાર કોર્ટ કાર્યરત કરવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. આ કોર્ટોમાં જુના કેસો પણ ટ્રાન્સફર કરવામાં આવશે તો તેનો પણ નિકાલ લાવી શકાશે.જેથી ગત બુધવારથી જ પોસ્કો કેસને લગતી તમામે તમામ ફરિયાદો આરોપીનું પ્રોડક્શન પણ પોલીસ સ્ટેશન વાઈઝ કોર્ટની અંદર કરવાનું રહેશે. આ કામગીરી ઝડપથી થાય તે અત્યંત જરૂરી છે.

બીજી તરફ ચાર સ્પે. પોક્સો કોર્ટ કાર્યરત થઈ છે ત્યારે તેમાં સરકારી વકીલની નિમણુંક કરવામાં આવે તો કોર્ટની કાર્યવાહી ઝડપથી નિવારી શકાશે. કાયદાકીય જોગવાઈ મુજબ શક્ય હોય ત્યાં સુધી મહિલા સરકારી વકીલની નિમણુંક કરવામાં આવે તે બાબતની તજવીજ હાથ ધરવામાં આવી છે. જયારે ગ્રામ્ય કોર્ટમાં પોસ્કોની એક જ સ્પે. કોર્ટ છે. જેમાં પણ ૬૦૦ થી વધુ કેસોનો ભરાવો થઈ ગયો છે. તેનો ઝડપી નિકાલ લાવવાનો પ્રયત્નો હાથ ધરવા જરૂરી છે.

વડોદરામાં એસી મૃત્યુલોક વાહિની ખુલ્લી મુકાશે

મનીષ જોશી

વડોદરા શહેરના માંજલપુર વિસ્તારમા આવેલા જોગણી માતાનું મંદિર આવેલું છે. તેના પ્રાંગણમાં જય જોગણી મા કેન્દ્ર છેલ્લા ૧૦ વર્ષથી સેવાકીય પ્રવૃતિઓ પ્રમુખ શૈલેન્દ્રસિંહ રાજ અને તેમની ટીમ કરી રહી છે. કેન્દ્રની મુખ્ય નિઃ શુલ્ક સેવામાં અંતિમ વિધિ સામગ્રી અને અંતિમધામ વાહિની ૩૬૫ દિવસ પુરી પાડવાની છે. ત્યારે શહેરવાસીઓને વધુ લાભ મળે તે હેતુથી વાતાનુકુલિત (એ.સી) મૃત્યુલોકવાહિનીને વિધાનસભાના સ્પીકર રાજેન્દ્ર ત્રિવેદીના હસ્તે ખુલ્લી મુકવામા આવી તે વેળાની નિરંજન જોષી દ્વારા લેવાયેલી તસવીર.

સમાજ ને "Red Signal" લાલ બત્તી સમાન અત્યંત ગંભીર કિસ્સો....

આજ (તા. ૨૩/૦૫/૨૦૧૮)ના છાપામા અમદાવાદના પૈસા પાત્ર બિલ્ડરે પોતાની બે પુત્રી અને પત્નીની હત્યાનો અત્યંત આઘાત જનક બનાવ બન્યો....

આમ થવાનું કારણ શું ?

આજે સમાજમા મોટાઇ બતાવવા ની હોડ લાગી છે.

લોકો પોતાની આર્થીક હેસીયતની સાચી સ્થિતિ પરીવારના સભ્યો ને પણ જાણ કરતા નથી. ઉંચા જીવન ધોરણઃ- મોંઘી ગાડી ઓ, મોંઘી હોટલો, મોંઘી પાર્ટી ઓ, દારુ ના વ્યસનો, વ્યભિચાર, દેશ - પરદેશ ના મોંઘા પ્રવાસો... આ બધુ જ માત્ર લોકો ને ખોટો દેખાડો કરવા....ખોટી વાહવાહી કરવા...

માણસ બોજા હેઠળ દબાતો જાય છે. દેવા ના ડુંગર નીચે દબાતો જ જાય છે. વીજય માલ્યા , નીરવ મહેતા વગેરે તાજા ઉદાહરણ છે.... અનીલ અંબાણી પણ હોઇ શકે... આ બધુ શું કામ ? કારણ કે આપણે રાહ ભટકી ગયા છીએ... કુટુંબ ભાવના, સાદગી, આધ્યાત્મિકતા ના માર્ગ થી ભટકી ગયા છીએ.... ફક્ત એક સવાલ તમારા આત્મા ને પૂછો.... તમે જે જીવન ધોરણ થી જીવો છો જેની આદત તમારા બાળકોને તથા પરિવારને પાડી રહયા છો તે જીવન પર્યંત નીભાવવાની કેપેસિટી તેઓ ની છે ? જો જવાબ "ના" હશે તો ગમે ત્યારે આપઘાત કરવો જ પડશે...

તમારી હયાતી મા આવુ થશે તો સહન થશે ?

માટે મોડુ થાય તે પહેલા રોકાઇ જાવ...સાદગી નો રાહ અપનાવી લો હજુ કદાચ મોડુ નથી થયુ....

પ્રશાંત જોષી દાંતીવાડા

'રખેવાળ' ના આ પાના ઉપર પ્રસિધ્ધ થતી વિગતો અને લેખો જે તે લેખકના વ્યકિતગત મૌલિક વિચારો ઉપર આધારીત હોય છે. તેની સાથે તંત્રી-સંપાદક સહમત નથી. જે તે વિગતો અને લેખોની સંપૂર્ણ જવાબદારી લેખકોની જ રહેશે.

ગર્ભાવસ્થા દરમ્યાન સ્ત્રીને હાઈ બ્લડપ્રેશર સંબંધિત વિકારોનો સામનો કરવો પડે છે

અમદાવાદ

ગર્ભાવસ્થાનો સમય મહિલાઓ માટે મુશ્કેલીઓથી ભરેલો રહે છે અને સાર્વજનિક જીવનમાં ગર્ભાવસ્થા સંબંધિત મહત્વપૂર્ણ પહેલૂઓ પર હંમેશાથી પૂરતી જાગૃતતાનો અભાવ છે. ભારતમાં પ્રીફ્લેમ્પ્શિયાથી ૮ થી ૧૦ ટકા ગર્ભવતી મહિલાઓ પીડિત છે, ગર્ભાવસ્થા સંબંધિત એક અતિસંવેદનશિલ વિકાર (એચડીપી), હાઇ બ્લડપ્રેશર માતાઓની ભવિષ્યની અપેક્ષાઓ માટે મહત્વપૂર્ણ ખતરો છે. ગર્ભાવસ્થા દરમ્યાન હાઇ બ્લડપ્રેશર મહિલાઓને ગંભીર નુકશાન પહોંચાડી શકે છે, ભલે રોગી ગર્ભાવસ્થા દરમ્યાન પહેલાથી જ તે હાઇ બ્લડપ્રેશરથી પીડિત હોય. ગર્ભાવસ્થા સંબંધિત કેટલાક સામાન્ય હાઇ બ્લડપ્રેશર વિકારોમાં ગર્ભાવસ્થા દરમ્યાન હાઇ બ્લડપ્રેશર થવું, પ્રીફ્લેમ્પ્શિયા અને એફ્લેમ્પ્શિયા સામેલ છે, જે માં અને બાળકના જીવનને ખતરામાં નાંખીને ખતરનાક પરિણામ સામે લાવી શકે છે. આ ઉપરાંત જીવિત માતાઓમાં ડાયબિટીસ વધવાનું જોખમ વધું રહેલું છે. સરકારી રિપોર્ટોથી સંકેત મળે છે કે ૧૫થી ૪૯ વર્ષની ઉંમરની ૮ ટકાથી વધુ મહિલાઓ હાઇ બ્લડપ્રેશરથી પીડિત છે, જેનો આ અર્થ છે કે શહેરમાં ૧૦ મહિલાઓમાંથી ૧ મહિલા હાઇ બ્લડપ્રેશરથી પીડિત છે. આ વિકાર ધમનીને અસર કરવા માટે જાણીતી છે જે પ્લેસેંટાને રક્ત પૂરું પાડે છે. આ ભ્રૂણના વિકાસને રોકી શકે છે. આ વિકાર પણ બાળકોના સમય-પૂર્વ જન્મનું કારણ બની શકે છે, બીજા ગંભીર વિકાર હેલ્પ સિંડ્રોમનું કારણ બની શકે છે, અંગોના ક્ષતિગ્રસ્ત કે સ્ટ્રોકનું કારણ બની શકે છે, અને હૃદય સંબંધિત બીમારીઓનું કારણ બની શકે છે. આ ભૂલવું નહી કે એફ્લેમ્પ્શિયા તરફ લઇ જાય છે, જે ત્યારે થાય છે જ્યારે પ્રિફ્લેમ્પ્શિયા સમય પર નિયંત્રિત ન થાય. દુર્ભાગ્યપૂર્ણ પહલૂ એ છે કે પ્રિફ્લેમ્પ્સિયાને રોકવા માટે કોઇ જાણીતી રણનીતિ નથી. જો કે વધતું બ્લડપ્રેશર કેટલાક ગંભીર સંકેત આપે છે જેમકે માથામાં દુઃખાવો, જોવાની સમસ્યા, ઉબકા અને ઉલટી, લીવર કે કિડની સંબંધિત સમસ્યાઓ અને સૌથી મહત્વપૂર્ણ વાત આ છે કે મૂત્રમાં પ્રોટીનનું સ્તર વધી જાય છે. હાઇ બ્લડપ્રેશરને નિયંત્રિત કરવા માટે કરવામાં આવતા સર્વોત્તમ ઉપાયોમાં સક્રિય જીવનશૈલી અપનાવવી અને મીઠાનું સેવન ઓછું કરવું છે. જે આહાર આપણે ખાઇએ છીએ, ખાસકરીને તાજા ફળ અને શાકભાજીઓમાં પર્યાપ્ત પ્રાકૃતિક મીઠું હોય છે જેનાથી આપણા શરીરની જરૂરિયાત પૂરી થાય છે.

શિવ નાદર યુનિવર્સિટીમાં ૨૦૧૮-૧૯ માટે એડમિશન પ્રક્રિયા શરૂ

વ્યાપક, મલ્ટી-ડિસિપ્લીનરી અને રિસર્ચ પર લક્ષ આપતી શિવ નાદર યુનિવર્સિટીએ શૈક્ષણિક વર્ષ ૨૦૧૮-૧૯ માટે એડમિશન્સ પ્રક્રિયા શરૂ કરી છે. તેના મલ્ટીડિસિપ્લીનરી અભ્યાસક્રમ માટે જાણીતી શિવ નાદર યુનિવર્સિટીએ પોતાની ઓફરિંગ્સ વિસ્તૃત કરવાની સાથે નવા અંડરગ્રેજ્યુએટ પ્રોગ્રામ ઈન્ટરનેશનલ રિલેશન્સમાં શરૂ કર્યા છે.

આ સ્પેશિયલાઈઝ્ડ પ્રોગ્રામ હશે અને તે એવી સમસ્યાઓનાં અભ્યાસ પર લક્ષ આપશે કે જેમાં ઈન્ટરકનેક્ટેડ ગ્લોબલ હિતોની આવશ્યકતા હોય. નિષ્ણાત ફેકલ્ટી મેમ્બર્સ કે જેઓ ઈન્ટરનેશનલ રિલેશન્સ અને સંલગ્ન ક્ષેત્રોમાં નોંધપાત્ર રિસર્ચનો અનુભવ આપશે જે ડેવલપમેન્ટ સ્ટડીઝ, ઈકોલોજીકલ ઈકોનોમિક્સ અને પોલિટિકલ સાયન્સ ક્ષેત્રોમાં કાર્યરત છે તેઓ આ અભ્યાસક્રમ ભણાવશે. ૪ વર્ષના આ અભ્યાસમાં વિદ્યાર્થીઓએ પ્રથમ બે વર્ષમાં મુખ્ય વિષયોનો અભ્યાસ કરવાનો રહે છે અને ત્રીજા વર્ષમાં તેમણે ઈન્ટરનેશનલ રિલેશન્સ ઈલેક્ટિવ્સ અંગે અભ્યાસ કરવા લક્ષ આપવાનું રહેશે. જ્યારે ચોથા વર્ષમાં વિષયની વધુ અનુભવો સહિતની જાણકારી મેળવવા અભ્યાસ કરવાનો રહે છે જે રિસર્ચ આધારિત હશે. અંડરગ્રેજ્યુએટ પ્રોગ્રામ્સ માટે એપ્લિકેશન સ્વીકારવાની છેલ્લી તારીખ ૨૮ મે, ૨૦૧૮ છે અને એસએનયુ એસએટી તથા એપીટી ટેસ્ટમાં સામેલ થવાની છેલ્લી તારીખ ૪ જૂન, ૨૦૧૮ છે.

યુનિવર્સિટી દ્વારા નવો 'ગિફ્ટેડ સ્ટુડન્ટ સ્કોલરશીપ' પ્રોગ્રામ પણ રજૂ થયો છે. જે હાલની સ્કોલરશીપ્સ ઉપરાંતમાં અપાશે. આ નવી સ્કોલરશીપ સાથે યુનિવર્સિટી કુલ સ્કોલરશીપ પૂલ માટે રૂ. ૪૦ કરોડ ફાળવશે, જે ૨૦૧૮-૧૯ની બેચના વિદ્યાર્થીઓ માટે ઉપલબ્ધ બનશે. છેલ્લા સાત વર્ષમાં, યુનિવર્સિટીએ તેના સ્કોલરશીપ પ્રોગ્રામ માટે રૂ. ૧૬૦ કરોડથી વધુ ફાળવ્યા છે.ગિફ્ટેડ સ્ટુડન્ટ સ્કોલરશીપ મેરિટ મેળવનાર વિદ્યાર્થીઓને યુનિવર્સિટીમાં નિઃશુલ્ક શિક્ષણ મેળવવાની તક આપશે. યોગ્યતાપ્રાપ્ત વિદ્યાર્થીઓને યુનિવર્સિટી દ્વારા વ્યક્તિગત ઈન્ટરવ્યૂ માટે સીધું જ આમંત્રણ અપાશે. એકવાર પસંદગી પામ્યા પછી તેઓને ૧૦૦ ટકા ફી માફી આપવામાં આવશે. આ સ્કોલરશીપ નીચે પ્રમાણે પ્રાપ્ત થશેઃદરેક શિક્ષણ બોર્ડના ધો. ૧૨માં ટોપ-૧૦માં રેન્ક પ્રાપ્ત કરનારને-ઈન્સ્પાયર ફેલો કે જેમને સ્કોલરશીપ ફોર હાયર એજ્યુકેશન (એસએચઈ) જેઈઈ (એડવાન્સ્ડ) ટોપ ૫૦૦ રેન્ક હોલ્ડર્સને.

એન્ડપિક્ચર્સ પ્રસારિત કરે છે, એક્શનથી ભરપૂર કમાન્ડો ટુ, શનિવાર ૨૬મી મે, સાંજે ૮ વાગ્યે

અસરકારક સ્ટંટ અને ઉત્તેજક એક્શન સિક્વન્સ જેમાં ઊંચી કિક્સ અને બેક ફ્લિપ્સનો સમાવેશ થાય છે અ સાથોસાથ ઊંડાણપૂર્વકનો રોમાન્સ, કમાન્ડો ટુ એક સંપૂર્ણ મનોરંજક અને બોલિવૂડની બફ ડિલાઈટ છે. દેવેન ભોજાણી દ્વારા ડિરેક્ટ અને વિપુલ અમૃતલાલ શાહ દ્વારા પ્રોડ્યુસ કરવામાં આવેલી આ ફિલ્મ, ૨૦૧૩ની હિટ મૂવી કમાન્ડોઃ અ વન મેન આર્મીની સિક્વલ છે. કમાન્ડો ટુમાં આકર્ષક કલાકારો છે, જેમાં વિદ્યુત જામવાલ, અદાહ શર્મા, ઈશા ગુપ્તા અને ફ્રેડી દારૂવાલા મુખ્ય ભૂમિકામાં છે, સાથોસાથ સતિષ કૌશિક, શૈફાલી શાહ અને વંશ ભારદ્વાજ પણ અગ્રણી ભૂમિકા ભજવે છે. આ મૂવી જે કોમર્શિયલ હિટ હતી, જે એન્ડપિક્ચર્સ, નયે ઈન્ડિયા કા બ્લોકબસ્ટર મૂવી ચેનલ પર શનિવાર, ૨૬મી મે સાંજે ૮ વાગ્યે પ્રસારીત થશે.

એક પસંદગી થયેલી ટીમને કમાન્ડો કરણ (વિદ્યુત જામવાલ) લીડ કરે છે, જે કુખ્યાત આરોપી વ્યક્તિ વિકી ચઢ્ઢાને પકડવાના મિશન પર બેંગકોક મોકલવામાં આવ્યા છે. વિકી વર્ષોથી ધરપકડને અવગણીને વિદેશમાં આશ્રય મેળવી રહ્યો છે અને કરણને જવાબદારી સોંપવામાં આવી છે કે, તે ગુનાખોર વિકીને પાછો લાવે. કરણ એક ટીમ તૈયાર કરે છે, જેમાં કોમ્પ્યુટરના અભ્યાસુ ઝફર (સ્મિત ગુલાટી), એક અત્યંત કડક પોલીસ એસીપી બખ્તાવર (ફ્રેડી દારૂવાલા) અને બકબક કરતી એન્કાઉન્ટર સ્પેશિયાલિસ્ટ ભાવના રેડ્ડી (અદાહ શર્મા)નો સમાવેશ થાય છે. પ્લોટમાં ટીમ બ્લેક મનીની જાણકારી મેળવવાના પ્રયત્ન અને વિકીને પકડવાની તેની મહેનત પર આધારીત છે, જ્યારે તેમનો પ્રયત્ન વિદેશી બેંકમાંથી પૈસા પાછો મેળવવાનો છે. જો કે, કરણ અને તેની ટીમ ત્યારે વધુ મુશ્કેલી અનુભવે છે, જ્યારે તેમને વિકી વિશે એક અજાણી હકિકતનો સામનો થાય છે.શું કમાન્ડો કરણ વિકીને પકડવામાં અને તેને પાછો લાવવાના ટાસ્કમાં સફળ થશે? કે વિકીની હકિકત થી સમગ્ર ટીમ ઓફગોર્ડ થઈ જશે?

એમજંક્શન મીડલ-ઈસ્ટમાં સૌપ્રથમ ઈ-ઓક્શન યોજે છે

ઈન્ડિયાની સૌથા મોટી બીરબી ઈ-કોમર્સ કંપની, એમજંક્શને ટાટા સ્ટીલ, યુએઈ માટે તેનું પ્રથમ આંતરરાષ્ટ્રીય ઓનલાઈન ઓક્શન હાથ ધર્યું છે, કે જે તેમના માટે સ્ટીલનું ઓનલાઈન વેચાણ કરવાનો પ્રથમ અનુભવ હતો. ''ગ્લોબલ ફૂટપ્રિન્ટને વધારવાં માટે એમજંક્શન માટે નોંધપાત્ર સીમાચિહ્નરૂપ છે. આ ઈવેન્ટ સાથે, અમે મધ્ય પૂર્વીય ક્ષેત્રોમાં આમારી હાજરીના વિસ્તરણ અને એકીકરણ માટે આતુર છીએ.''પરંપરાગત રીતે, સ્ટીલની કિંમતની શોધ ઓનલાઈન કરવામાં આવી હતી. ઓનલાઈન પ્રક્રિયા મારફતે મેળવેલ વેચાણ કિંમત ઓફલાઈન પ્રક્રિયા મારફતે મેળવેલ કિંમત કરતાં ૩૬ ટકા વધારે હતી.આ ક્ષેત્રોમાં ખરીદદારો પાસેથી પ્રતિક્રિયા મેળવ્યાં પછી, વૈવિધ્યકૃત હરાજીની વ્યૂહરચના એમજંક્શન ટીમ દ્વારા ડિઝાઈન કરવામાં આવી હતી.૨૦૦૧ થી અત્યાર સુધીમાં ૧૫ મિલિયન ટનનું વેચાણ કર્યા પછી, એમજંક્શને સ્ટીલનું સૌથી મોટું ઈ-માર્કેટ સ્થાનાનંતરિત કર્યું છે. કંપની કોલસા, ટેલિકોમ સ્પેક્ટ્રમ, રફ ડાયમન્ડસ, નિષ્ક્રિય અસ્કયામતો અને અનાજ માટે ઓક્શન પ્લેટફોર્મનું સંચાલન કરે છે.

ટ્રાન્સપોર્ટેશનમાં સ્ટેઈનલેસ સ્ટીલનો ઉપયોગ કરવા માટે જિંદાલ સ્ટેઈનલેસની ગુજરાત સરકાર સાથે મંત્રણા

સુરત

ઈંધણની કાર્યક્ષમતા વધારવા અને સલામતીમાં સુધારો કરવા માટે જિંદાલ સ્ટેઈનલેસે પબ્લિક ટ્રાન્સપોર્ટેશન વ્યવસ્થામાં સ્ટેઈનલેસ સ્ટીલનો ઉપયોગ કરવા માટે ગુજરાત સરકારને રજૂઆત કરી છે. તેના હાઈ-સ્ટ્રેન્થ - ટુ-વેઈટ રેશિયો અને ટેમ્પ્રેચર શોક્સ સામે પ્રતિકાર સાથે, મોર્ડન ટ્રાન્ઝિસ્ટ નેટવર્ક માટે સ્ટેઈનલેસ સ્ટીલ એક આદર્શ ધાતુ છે અને કર્ણાટક, આંધ્ર પ્રદેશ, મહારાષ્ટ્ર, ગોવા અને હરિયાણા જેવાં રાજ્યોએ જિંદાલ સ્ટેઈનલેસ સ્ટીલના સપોર્ટ સાથે સ્ટેટ રોડ ટ્રાન્સપોર્ટમાં આ સ્માર્ટ મેટલને અપનાવ્યું છે. ગુજરાતના મુખ્યમંત્રી વિજય રૂપાણીએ આ ઈવેન્ટમાં મુખ્ય પ્રવચન આપ્યું હતું, જે સુરત સ્ટાર્ટ-અપ ફેસ્ટીવલનો એક ભાગ છે. અસ્મિતા શિરોયા, મેયર-સુરત મ્યુનિસિપલ કોર્પોરેશન, એમ થેન્નારસન, કમિશનર- સુરત મ્યુનિસિપલ કોર્પોરેશન અને સી વાય ભટ્ટ, ચીફ એક્ઝેક્યુટિવ ઓફિસર- સુરત સ્માર્ટ સિટી ડેવલોપમેન્ટ લિમિટેડ અને અન્ય સરકારી અધિકારીઓ પણ આ પ્રસંગે હાજર રહ્યાં હતાં.સ્માર્ટ સિટી પ્રોજેક્ટે વિવિધ પાસાંઓ જેવા કે, ઈન્ટિગ્રેશન ટ્રાન્સપોર્ટ એન્ડ સ્માર્ટ મોબિલીટી, સ્માર્ટ બિલ્ડિંગ્સ, સ્માર્ટ ઈન્ફ્રાસ્ટ્રક્ચર, સ્સટેઈનેબલ એનર્જી અને ઈફેક્ટિવ વેસ્ટ મેનેજમેન્ટ વગેરે પર ધ્યાન કેન્દ્રિત કર્યું.

સ્માર્ટ સિટી મિશન કોઈપણ સોસાયટીના બેઝિક બિલ્ડિંગ બ્લોક્સમાં સુધારો કરવા પર ભાર મૂકે છે- પાણી, પાવર, સેનિટેશન, પબ્લિક ટ્રાન્સપોર્ટ, એફોર્ડેબલ હાઉસિંગ, સસ્ટેનેબલ એન્વાયરમેન્ટ, સેફ્ટી, હેલ્થ, એજ્યુકેશન અને ગવર્નન્સ. સ્માર્ટ સિટી મિશનના દરેક સ્તંભમાં, સ્ટેઈનલેસ સ્ટીલ તેના હાઈજેનિક, લાઈટ-વેઈટ, સ્ટ્રોન્ગ, મેઈનટેનન્સ ફ્રી અને સેફ મેટલ જેવાં વૈવિધ્યસભર પરિબળોને કારણે બંધ બેસે છે. વિકસિત વિશ્વમાં આ મેટલની કેટલીક એપ્લિકેશન્સ આ હકીકતની સાક્ષી છે.

૩ પેઢીઓ, ૧ ભવ્ય મંચ – કલર્સ લોન્ચ કરે છે અલ્ટીમેટ ડાન્સ દવાને માટેની શોધ

પરફેક્ટ પિરુએટ, ખામી રહિત મુદ્રાઓ અથવા હાઇ–ઓક્ટેન પરફોર્મન્સિસ – તમને એક મહાનતમ નર્તક કોણ બનાવે છે? મહાન નર્તક પોતાની ટેકનિકના કારણે મહાન નથી હોતાં, તેઓ પોતાની ઘેલછાના કારણે મહાન બન્યાં હોય છે. અલ્ટીમેટ ડાન્સ દીવાને માટેની રાષ્ટ્રવ્યાપી ખોજને લોન્ચ કરતાં, કલર્સ ભારતની ૩ પેઢીઓને ૧ ભવ્ય મંચ પર એક સાથે આવવાની ઝળહળતી તક પ્રસ્તુત કરે છે જેને નિશણાંત ત્રિપુટી – માધુરી દિક્ષિત નેને, શશાંક ખૈતાન અને તુષાર કાલિયા દ્વારા જજ કરવામાં આવશે. ડાન્સ માટેની ઘેલછા અથવા દીવાનગી પર પ્રકાશ પાડતાં, આ મંચ દરેક ખૂણેથી નર્તકોને આમંત્રણ આપે અને તેઓને ૩ વય વર્ગાવલીઓમાં વિભાજિત કરે છે જે છે બાળકો, યુવાઓ અને વયસ્કો. ત્રણ ફાઈનાલિસ્ટ્સ, દરેક વર્ગાવલીમાંથી એક, ભારતના બિનહરીફ ડાન્સ દીવાનાના બિરૂદ માટે સ્પર્ધા કરશે. ડ્રિમ્સ વોલ્ટ મીડિયા દ્વારા નિર્મિત, શો ૨જી જૂનના પ્રીમિયર થઇ રહેલ શો દર શનિવાર અને રવિવાર રાત્રે ૯.૦૦ કલાકે દર્શાવવામાં આવશે. શોના શરૂઆતના એપિસોડસમાં શ્રેષ્ઠ પ્રતિભાઓને મોખરે લાવવાની રાષ્ટ્રવ્યાપી શોધને દર્શાવવામાં આવશે જે વિલક્ષણ પ્રતિભા અને તેમના નિષ્ણાંત પરફોર્મન્સિસની સાક્ષી બનશે. વધુમાં– પ્રતિસ્પર્ધીઓને પ્રોત્સાહન આપવા ઈન્ડસ્ટ્રીના નિષ્ણાંતો સલમાન ખાન, અનિલ કપૂર, જેકલીન ફર્નાન્ડીઝ અને ડેઈઝી શાહ હશે. શૂટમાં સલમાન ખાન અને માધુરી દિક્ષિત અમ આપકે હૈ કોનનો જાદુ જગાવનારી ઘણી ખાસ ક્ષણોના પુનઃસર્જનની હશે માધુરી અને જેકલીન પોતાના હીટ નંબર એક–દો–તીન અને અનિલ કપૂરની અસીમ ઊર્જા એક ફેન્ટાસ્ટીક પ્રીમિયર માટે જોઇતા તમામ વાઇબ ધરાવતી હોવાની ખાતરી હશે.આ સમય તમામ દીવાનેને પોતાના ડાન્સિંગ શૂઝ પહેરવાનો છે કેમ કે ડાન્સ દીવાને તમારા ટેલિવિઝનના પડદાઓમાં થઇને પોતાની માર્ગ બનાવી આવી રહેલ છે ૨જી જૂનના પ્રીમિયર થઈ રહેલ શો દર શનિવાર અને રવિવાર રાત્રે ૯.૦૦ કલાકે દર્શાવવામાં આવશે ફક્ત કલર્સ પર.

નવજાત શિશુ સ્ટ્રેસમાં હોય તો જ રડે તે જરૂરી નથી : અભ્યાસ

સામાન્ય રીતે વ્યકિત સ્ટ્રેસમાં હોય તો એ તેના ચહેરા કે બિહેવિયરમાં દેખાઇ આવે. જો કે બાળક સ્ટ્રેસ કે પીડામાં છે એવું તેના બિહેવિયરમાં જોવા જઇએ તો ખોટા પડાય. યુનિવર્સિટી કોલેજ લંડનના ન્યુરોલોજીના નિષ્ણાતોનું કહેવું છે કે નવજાત શિશુ તેની આસપાસના વાતાવરણને કારણે અથવા તો શારીરિક પીડાને કારણે સ્ટ્રેસમાં હોય તો હંમેશાં તે રડતું જ હોય એ જરૂરી નથી. તેના ચહેરા પર પીડાના ભાવ આવે એ પણ જરૂરી નથી.

અભ્યાસકર્તાઓએ નવજાત શિશુઓના મગજનું સ્કેનિંગ કરીને તારવ્યું છેકે સ્ટ્રેસને કારણે પીડાની સંવેદના ધરાવતા મગજમાં ખૂબ બધી એક્ટિવીટી થતી હોય એમ છતાં બાળકનું બિહેવિયર સ્ટ્રેસ દર્શાવતું ન હોય એવું બની શકે છે. નવજાત શિશુ તેમને થતી ડીસકમ્ફર્ટને અભિવ્યકત નથી કરી શકતું, પરંતુ તેના મગજમાં પીડાની સંવેદનાઓ ખૂબ તીવ્ર થઇ જાય છે. આ જ કારણોસર નવું જન્મેલું બાળક રડે કે પીડાના ભાવ બતાવે તો જ તે કમ્ફર્ટેબલ નથી એવું ધારી લેવું ન જોઇએ. સ્ટ્રેસમાં હોય એ બાળકની પ્લેફુલ એક્ટિવિટી ઘટી જાય છે. તેની બોડી-મુવમેન્ટ ઘટી જાય છે અને તે ગંભીર અથવા નીરસ થઇને પડયું રહે છે.

ગુણવાન પુણ્યાત્માઓની (અનુપબૃહણા) અનુમોદના ઉત્તમ દ્રવ્યોથી કરવી જોઈએ

પ્રભાવના શા માટે ?

જુદા જુદા અનેક ગુણોથી અલંકૃત આત્માઓ શ્રી સંઘમાં રહેવાના, કોઈ તપમાં, કોઈ શીલમાં, કોઈ દાનમાં, કોઈ વ્યક્તિમાં, કોઈ સમ્યક જ્ઞાનમાં, કોઈ શાસન રક્ષાના કાર્યમાં તો કોઈ સાંસ્કૃતિક-ધાર્મિક લેખનમાં, વકતવ્યમાં, આંગીમાં વળી કોઈ જીવદયા, અનુકંપા, વૈયાવચ્ચમાં, સાધર્મિક ભક્તિમાં તીર્થરક્ષામાં વિ....માં...

વળી કોઈનો આત્મા શ્રી અરિહંત ભગવંતનો, શ્રી સિદ્ધ ભગવંતનો, શ્રી ગણધર ભગવંતનો કે શાસન પ્રભાવક પૂ.આચાર્ય ભ., પૂ.ઉપાધ્યાય ભ., પૂ. સાધુ સાધંવીજી ભગવંતનો હોવાની શકયતા પણ ખરી. આવા વિશિષ્ટ કોટીના આત્માઓની ભક્તિનો લાભ સાધર્મિક ભક્તિ કે પ્રભાવના દ્વારા મળતો હોય છે અને આવા પુણ્યાત્માઓની ભક્તિ દ્વારા અન્ય મહાનુભાવોને પણ તેમના જેવા થવાની ભાવના જાગૃત થાય છે અને આવા ટોચ કક્ષાના આત્માઓની અનુમોદના કરતાં કરતાં (કર્યું કરાવ્યું અને અનુમોદ્યુ) તેમનાં કર્મો ખપાવી મોક્ષ માર્ગ તરફ આગળ વધે છે. તેમને પ્રેરણા, માર્ગદર્શન અને પ્રોત્સાહન મળે છે આમ ગુરૂ ભગવંતો, આયોજકો, દાનવીરો આવા ગુણીજનોની (અનુપબૃહણા) અનુમોદનામાં સહભાગી થાય છે.

ગુણીજનોની ભક્તિથી ગુણની પ્રાપ્તિ થાય છે આવું શ્રી તીર્થંકર ભ.નું વચન છે.

ધનની મૂર્છા ઉતારનાર એમના ગુણોને યાદ કરી કૃતાર્થ બને છે. જ્યારે પ્રભાવના (બહુમાન) લેનાર મહાનુભાવ વિચાર કરે છે કે હું આ બહુમાનને લાયક કેટલો ? આમ પોતાની લઘુતા દર્શાવી ઉચ્ચ ભૂમિકા તરફ આગળ વધવાનું એમને પ્રબળ નિમિત્ત પ્રાપ્ત થાય છે. હવે મોક્ષમાર્ગમાં રહેલ એવા ગુણવાન પુણ્યવાન આત્માઓની ભક્તિ એવી ઉત્તમ સામગ્રીથી કરવી જોઈએ કે એ સામગ્રી પોતાના આત્માને ધર્મ સંસ્કૃતિના આદર્શો તરફ ગતિ કરવામાં સહાયક બને.

સંસ્કૃતિ, ધર્મ અને મોક્ષમાર્ગમાં બાધક અને નુકશાન પહોંચાડે એવી કોઈપણ સામગ્રીની પ્રભાવના કરાય નહીં.

હવે જે વસ્તુની પ્રભાવના કરીએ તે...

૧.વિધિ અને જયણાપુર્વક બનેલી હોવી જોઈએ.

૨. પ્રભાવના ઉત્તમ શ્રેષ્ઠ વસ્તુની કરાય, તુચ્છ વસ્તુની ન કરાય.

૩. સ્કૂલ, કોલેજમાં ઉપયોગી થાય એવી કોઈપણ સામગ્રી પ્રભાવના તરીકે ન અપાય. કારણ આજનું શિક્ષણ તમામ આર્ય વ્યવસ્થાઓનો નાશ કરનારૂં તથા મહાહિંસક છે. ઉપરાંત આત્મા, પુણ્ય-પાપ, પરલોક-કર્મ, સ્વર્ગ-મોક્ષ આદિને માનતું નથી. આપણી શ્રદ્ધાને હચમચાવી નાસ્તિકતાને પોષે છે. સંસ્કૃતિ-ધર્મ-પરંપરા રીતરિવાજો-આપણા ધાર્મિક પર્વો, ઉત્સવો-અનુષ્ઠાનો વિગેરેને ઘણું મોટું નુકશાન આજના કહેવાતા શિક્ષણે પહોંચાડયું છે.આમ આવા નાસ્તિક શિક્ષણનો ફેલાવો આપણા જ હાથે થાય એ કોઈપણ રીતે ઉચિત ન ગણાય.

૪.ડેરીની વાસી અભક્ષ્ય કોઈપણ પ્રોડકટો અપાય નહીં.

૫. કોઈ કંપનીમાં તૈયાર થયેલ નાસ્તા, શરબત, બિસ્કીટ, ચોકલેટ, કેડબરી, કેક કે એવી કોઈપણ ખાદ્ય સામગ્રી અપાય નહીં જે આપતાં અતિચાર નહીં પણ અનાચારનું પાપ લાગે છે.

૬. પ્લાસ્ટીક, સ્ટીલ અને એલ્યુમિનીયમની કોઈપણ વસ્તુ અપાય નહીં.

૭. મહાહિંસાનું કારણ બનતી તથા અનાત્મવાદનું પોષણ કરે તેવી કોઈપણ પ્રકારની ઈલેક્ટ્રોનિક (આઈટમ) સામગ્રી પણ અપાય નહીં.

જેમ કે માઈક્રો ઓવનઃ ઈલે.સ્ટવ, આટા મેકર, ખાખરા તથા રોટીમેકર.

ગ્રાઈન્ડર મીક્ષ્ચરઃ જયુસર, ઓવન તથા કુકર, નોન સ્ટીંગ કુકીંગ, સેન્ડવીચ મેકર.

ડીશ વોટર : વેકયુમ કલીનર, વોટર હીટર, એકવાગાર્ડ, ગીઝર પ્લા, વોટર બેગ.

આ સાધનો મહાહિંસક અનાર્યત્વને પોષક તથા શારીરિક-આર્થિક-સામાજીક અને ધાર્મિકતાને ભ્રષ્ટ કરે અને આર્ય જીવન વ્યવસ્થાનો નાશ કરે એવી આ સામગ્રીની પ્રભાવના તો શું ઘરવપરાશમાં પણ કદાપિ ઉપયોગ કરાય નહીં તેમજ લગ્ન આદિ સાંસારિક પ્રસંગોમાં પણ ભેટ તરીકે અપાય નહીં.

(ક્રમશઃ)

સેવંતી સંઘવી (મુંબઈ)

અંતર્દષ્ટિ-પોતે પોતાના માલિક

દુનિયામાં પ્રત્યેક વ્યક્તિને કામ કરવાનો અધિકાર છે. જો તમે કાર્ય, વેપાર કે ભણશો નહિ તો જિંદગી કઈ રીતે ચાલશે? ભોજન મેળવવા માટે ખેડૂતે ખેતરમાં હળ ચલાવવું પડશે, વેપારીએ વેપાર કરવો પડશે, વિદ્યાર્થીઓને ભણવું પડશે, કારણ કે એ કામ સાથે આજીવિકાને સીધો સંબંધ હોય છે. જો તે કામ નહિ કરે તો પછી તેમની આવક નહિ થાય અને આવક નહિ થાય તો તેમના પરિવારનો ગુજારો કઈ રીતે થશે? એટલા માટે કાર્ય કરવું તમારો અધિકાર અને કર્તવ્ય બંને છે. પરંતુ એક વાત ધ્યાનમાં રાખવાની છે કે કાર્ય કરો, પરંતુ કાર્ય કરતાં-કરતાં સ્વયં કામ ન બની જાવ. આ કંઈક એવું જ છે જેવું કે મશીનો સાથે કામ કરતાં તમે ખુદ મશીન બની જાવ. આપણા જીવનનું લ-ય વેપાર કે ધન-સંપત્તિ સુધી સીમિત નથી. વેપાર કે ધન-સંપત્તિ આપણા જીવનને સહજ અને સરળ બનાવવાનું એક માધ્યમ છે, જેથી આપણા અનિવાર્ય લ-યને હાંસલ કરી શકાય. આપે જે વેપાર માટે તમારી અસ્મિતા છોડી દીધી, તમારા ચિંતન અને વિચાર સુદ્ધાંને છોડી દીધા, તમારું સ્મિત છોડી દીધું, શું એ વેપાર કરવા બાદ પણ તમે શાંતિ મેળવી શક્યા? તમારા મનમાં કેટલાક ભાવ જાગ્રત થયા. તમે તમારી અંદર કોઈ ક્રાંતિનું હોવું અનુભવ કર્યું? તમે કહેશો નહિ! હું જેટલો વેપારમાં ઉતરતો ગયો, એટલી જ અશાંતિ વધતી ગઈ.

એવું એટલા માટે થયું કે તમે ફક્ત કામ બનીને રહી ગયા અને ખુદ પોતાની અસ્મિતા અથવા ઓળખને ભૂલી ગયા. પરિણામે તમારી સામાજિક સ્થિતિ બદલાઈ ગઈ. ઘરથી અંતર વધી ગયું, પત્ની સાથે મતભેદો વધી ગયા, પિતા-પુત્રનો સંબંધ અને લગાવ સમાપ્ત થઈ ગયા. તમે ધીમે-ધીમે આ તમામ ચીજોથી દૂર થતા ગયા, કારણ કે તમે વેપાર બની ગયા. હવે

તો તમારું વ્યક્તિત્વ અને અસ્તિત્વ જ નષ્ટ થઈ ગયું. આપણે પરમાત્મા પર જ બધું છોડી દઈએ છીએ. આપણે તેમને કહીએ છીએ કે પરમાત્મા મારે આ કાર્ય કરવું છે, કરું? તે કોઈને કોઈ રૂપે સૂઝાડી દે છે કે તમે આ કરો કે ના કરો. જે વ્યક્તિ પરમાત્મા, ગુરુ અને પોતાના માતા-પિતાના

આશીર્વાદ લઈને કોઈ કાર્યનો આરંભ કરો છો એ કાર્યમાં તેની સફળતા નિશ્ચિત હોય છે.

મનોરંજનનો રસ થાળ બાટે છે

સિને-સરિતા

સલમાન સાથે ફિલ્મ કરવા પ્રિયંકા ચોપડા સહમત

બોલિવુડ અને હોલિવુડમાં પોતાની કુશળતાના કારણે હાલમાં છવાયેલી સ્ટાર પ્રિયંકા ચોપડા હવે સલમાન ખાનની સાથે તેની ભારત ફિલ્મમાં કામ કરવા માટે તૈયાર થઈ ગઈ છે. આ ફિલ્મમાં આશાસ્પદ સ્ટાર દિશા પણ કામ કરી રહી છે. આ ફિલ્મનુ નિર્દેશન અલી અબ્બાસ જાફર કરનાર છે. આ પહેલા પ્રિયંકા ચોપડા છેલ્લે પ્રકાશ ઝાની ફિલ્મ જય ગંગાજલમાં નજરે પડી હતી. હવે તે કેટલીક નવી ફિલ્મોમાં કામ કરવા જઈ રહી છે. પ્રિયંકા હાલમાં ટીવી સિરિઝ ક્વાન્ટિકોના ત્રીજા ભાગને લઈને ન્યુયોર્કમાં છે. પ્રિયંકા ગયા સપ્તાહમાં સમય કાઢીને મુંબઈ આવી હતી. જ્યાં તે કેટલાક નિર્માતા નિર્દેશકોને મળી હતી. કેટલાક પ્રોજેક્ટ પર તેની વાતચીત પણ થઈ છે. નિર્દેશક શોનાલી બોસે હાલમાં પ્રિયંકા ચોપડાને **અનુસંધાન પાના નં.૬ ઉપર**

મન્ટો

નવી ફિલ્મ

આ ફિલ્મના નિર્માતા નંદિતા દાસ, લેખક નંદીતા દાસ, કલાકારોમાં નવાઝુદીન સિદીકી, રસિકા દુગ્ગલ, ઋષિકપુર, પરેશ રાવલ, સ્વરા ભાસ્કર, રણવીર શૌરી, તાહીર બશીન.સંગીત જાકીર હુસેન.

૨૩ મે રીલીઝ થયેલ આ ફિલ્મમાં મન્ટોને વિવેચકો દ્વારા ખુબ જ સરાહના મળી છે. આ ફિલ્મનું ટ્રેલર અને ટ્રીઝર સુપરહીટ રહ્યા છે. સાદત હસન મન્ટોનું જીવન ઘણું વિવાદાસ્પદ રહ્યું છે તે કાયમ એ જ લખતા જે તેમણે જોયું હોય, તેમની ઘણી કહાનીઓને અશ્લીલ કહેવામાં આવી હતી, આ મામલે તેમને કોર્ટ સમક્ષ પણ અનેક ખુલાસા કરવા પડયા હતા પરંતુ નંદીતા દાસની મન્ટોમાં તેના અંગત જીવનની વાર્તા રજુ કરવામાં આવી છે.

આઝાદી પછી પાકિસ્તાન ચાલ્યા ગયેલા મન્ટોની મનઃસ્થિતિ અને તેમના કીરદારને નવાઝુદીને બરોબર પરદે ઉતાર્યો હોય તેવું ટ્રેલર જોતાં લાગે છે. ટ્રેલરમાં તેમની લાગણી અને ભાવનાઓની પણ વાત છે. તેની પત્ની તેને પ્રશ્ન કરે છે કે તે બધી લાગણી પોતાની વાર્તાઓના પાત્રોમાં ઠાલવી દીધી કે જીવનના અસલી લોકો માટે પણ લાગણી અને ભાવનાઓ હજુ બાકી છે.

ફિલ્મ રજુ થયા પહેલા હીટ ગણાય છે. નંદીતા દાસે આ ફિલ્મ માટે ખાસ્સું રીસર્ચ કર્યું છે અને કલાકારની પસંદગી પણ ગજબની છે. આ ફિલ્મ બાયોપીક કેટેગરીની અદ્ભૂત ફિલ્મ હોવાનું હાલ તો વિવેચકો કહી રહ્યા છે બાકી દર્શકો ઉપર બધો દારોમદાર છે.

મૈચલેસ હીરોઈન નૂતન

ફિલ્મી સિતારા-**કમલેશ કંસારા**

બોલીવુડની બહેતરીન અને સર્વાધિક 'એકસપ્રેસીવ' હીરોઈન તરીકે ઓળખાતી હતી. નૂતન ૬૦-૭૦ ના દશકમાં આવેલ ફિલ્મોની સફળતાએ નૂતનને 'મૈચલૈસ' હીરોઈનનું બિરૂદ આપ્યું હતું. નૂતનનો જન્મ ૪ જુલાઈ ૧૯૩૬ ના રોજ થયો હતો. એમની માતા શોભના સમર્થ એક સમયની મશહુ હીરોઈન હતી. ૧૯૫૦ માં શોભના સમર્થે પોતાની ૧૪ વર્ષની બેટીને ફિલ્મ હમારી બેટીમાં હીરોઈન તરીકે રજુ કરીને લોકોને આશ્ચર્યચકીત કરી દીધા હતા. બીજા વરસે નૂતનની બે ફિલ્મો હમલોગ અને નગીના રજુ થઈ હતી જે લોકોને ખુબ જ પસંદ પડી હતી.જોકે નૂતનને અસલી બ્રેક તો ૧૯૫૫ માં રજુ થયેલ ફિલ્મ સીમાથી મળ્યો હતો. આ ફિલ્મનું એક ગીત 'મનમોહના બડે જુઠે..' માં નૂતનનો સશક્ત અભિનય દેખાતો હતો.નૂતનને ફિલ્મફેરનો બેસ્ટ હીરોઈનનો પ્રથમ એવોર્ડ આ ફિલ્મ પછી મળ્યો હતો. ત્યારબાદ નૂતન સર્વાધિક છ વાર ફિલ્મફેર એવોર્ડ જીતવાનો એક અનોખો રેકોર્ડ બનાવ્યો હતો. કેટલાક દશક બાદ એની બરોબરી જયા ભાદુરી બચ્ચને કરી હતી.વાસ્તવમાં નૂતને પાંચ વાર 'બેસ્ટ એકટ્રેસ' નો ફિલ્મફેર એવોર્ડ ૩૦ વર્ષો સુધી મૈચલેસ રહ્યો જેની બરોબરી ૨૦૧૧ માં કાજોલે કરી હતી. કાજોલ નૂતનની બહેન તનુજાની પુત્રી છે.

નૂતને ગંભીર અભિનયની સાથે કોમેડીમાં પણ સારો એવો રંગ જમાવ્યો હતો. 'પેઈંગ ગેસ્ટ' અને 'તેરે ઘર કે સામને' માં એમની રોમેન્ટીક કોમેડી સૌએ વખાણી હતી. જ્યારે ફિલ્મ અનાડી (૧૯૫૯) માં નૂતન અને રાજકપુરની સંગીતમય કોમેડી લાજવાબ હતી. નૂતને ૧૯૫૯ માં આવેલી ફિલ્મ સુજાતામાં પુનઃભાવપૂર્ણ અભિનયથી બીજી વાર ફિલ્મ ફેર એવોર્ડ બેસ્ટ હીરોઈનનો જીત્યો હતો. આ વર્ષે નૂતને નેવલ લેફ્ટનેંટ કમાન્ડર રજનીશ બહલ સાથે લગ્ન કર્યા અને પુત્ર (મોહનીશ) ના જન્મ સાથે એક નાનો બ્રેક લીધો. નૂતને પોતાના પતિ સાથે એક ફિલ્મ સુરત અને સીરત' પણ કરી હતી. ફિલ્મ બંદીનીમાં એક સશકત અભિનયના કારણે ત્રીજી વાર ફિલ્મફેર એવોર્ડ મળ્યો હતો.

સુનીલદત્તની સાથે નૂતનની બે ફિલ્મો સુપરહીટ નીવડી હતી. ફિલ્મ ખાનદાનમાં બંનેનો અભિનય લાજવાબ હતો. સુનીલદત્ત સાથે બીજી ફિલ્મ 'મીલન' હતી. પુનઃ ર્જન્મ પર આધારીત રહસ્યમય ફિલ્મમાં નૂતનનો અભિનય ચરમ સીમા પર હતો. આ ફિલ્મ માટે નૂતનને ચોથી વાર ફિલ્મ ફેર એવોર્ડ મળ્યો હતો. 'સરસ્વતીચંદ્ર', સૌદાગર, સાજન બીના સુહાગન, કસ્તુરી જેવી ફિલ્મો પણ ઘણી જ લોકપ્રિય હતી. 'મેં તુલસી તેરે આંગન કી' ફિલ્મને માટે નૂતનને પાંચમી વાર બેસ્ટ હીરોઈનનો ફિલ્મફેર એવોર્ડ પ્રાપ્ત થયો હતો. આ ફિલ્મમાં આશા પારેખને દર્શકોની વધુ સહાનુભૂતિ મળી હતી પરંતુ અભિનય ક્ષેત્રે નૂતન બાજી મારી ગઈ હતી.

ઉંમર વધવાના કારણે નૂતનને 'કેરેકટર રોલ્સ' મળવા લાગ્યા. ફિલ્મ મેરી જંગમાં નૂતનને સપોર્ટીંગ કલાકાર તરીકેનો ફિલ્મફેર એવોર્ડ મળ્યો હતો. 'કર્મા, મુઝરીમ' જેવી ફિલ્મો પણ લોકપ્રિય રહી હતી. ફિલ્મ અભિનેત્રી સાધનાએ સરેઆમ કહ્યું હતું કે, 'નૂતન મારી રોલ મોડલ (સીમા, સુજાતા, નંદીની) છે. પોતાની ફિલ્મ 'પરખ' માં એણે નૂતન અભિનયની નકલ કરી હતી. નૂતન એક સારી ગાયિકા પણ હતી. પોતાની ફિલ્મ 'છબીલી' માં સ્વયં પ્લેબેક સીંગર તરીકે ગીતો ગાયા છે.

૧૯૯૧ માં કેન્સરની બીમારીથી આ પ્રભાવશાળી અદાકારાનો અસ્ત થઈ ગયો. એમનું અવસાનથી ભારતીય હિંદી ફિલ્મોમાં ખુબ જ ઉંડો આઘાત લાગ્યો હતો.

નૂતન એક નજર

જન્મ તા.૪ જુલાઈ ૧૯૩૬,મુંબઈ

મૃત્યુ તા.૨૩ ફેબ્રુ.૧૯૯૧

પ્રથમ ફિલ્મ હમારી બેટી (બેટી-૧૯૫૦)

છેલ્લી ફિલ્મ ઈન્સાનિયત (શાંતિદેવી-૧૯૯૪)

મૃત્યુ બાદ રીલીઝ, સન્માન પુરસ્કાર-પદ્મશ્રી ૧૯૭૪

ફિલ્મ ફેરએવોર્ડ ૬ વાર.

સીમા (ગૌરી)૧૯૫૬, સુજાતા ૧૯૫૯, બંદીની (કલ્યાણી ૧૯૬૩), મિલન (રાધા)૧૯૬૭, મૈં તુલસી તેરી આંગન કી ૧૯૭૮, બેસ્ટ સપોર્ટીંગ એક્ટ્રેસ-મેરી જંગ ૧૯૮૫. **કમલેશ કંસારા**

ન્યુઝ સ્ટ્રીપ્સ

★પોતાની છેલ્લી સીરીયલ મનમર્ઝીયાંમાં નેગેટીવ પાત્ર ભજવ્યા પછી અભિનેત્રી શિલ્પા સકલાની ફરી એક વખત કાલીરીમાં વેમ્પની જ ભુમિકા ભજવી રહી છે. વાસ્તવમાં તેને હવે ટીવી સીરીયલની વહુ બનવામાં જરાય સ નથી. તે કહે છે કે એક સમયમાં મેં ઘણાં વર્ષો સુધી પોઝીટીવ રોલ કર્યા હતા. એકતા કપુરની સીરીયલોમાં પોઝીટીવ પાત્રો ભજવવાની પણ એક આગવી મજા હતી. જ્યારે હમણાંની ધારાવાહીકની સીરીયલની વહુઓ માત્ર રડયા જ કરતી હોય છે. તેના સિવાય બીજું કોઈ કરવાની તેમને તક જ નથી મળતી. જ્યારે વેમ્પને ગ્લેમરસ દેખાવાથી લઈને નકારાત્મક લાગણીઓ દર્શાવવા સુધ્ધાંની અનેક તકો મળે છે. હું નસીબદાર છું કે મને આ પ્રકારના રોલ મળતાં કહે છે બાકી ફાજલ સમયમાં મને મારા પતિ માટે ભાવતા ભોજન રાંધવાનું બહુ ગમે છે. હું મારો ગૃહિણીનો રોલ ખુબ સરસ રીતે અદા કરૂં છું.

★ અભિનેત્રી શ્વેતા બાસુ પ્રસાદના ગયા વર્ષના નવેમ્બર મહીનામાં પુરા થયેલા શો ચંદ્રનંદીનીને અપ્રતિમ સફળતા મળી હતી. તેથી તે બહુ ખુશ હોય તે સ્વાભાવિક છે પરંતુ તેનો આનંદ ત્યારે બમણો થઈ ગયો જ્યારે તેના આ શોને ઈન્ડોનેશનીયામાં રજુ કરવાની વાત આવી. શ્વેતા કહે છે કે મને જ્યારે આ વાતની જાણ થઈ ત્યારે મારા આનંદનો પાર નહોતો રહ્યો. તમારા શોને અન્ય કોઈ દેશના લોકો એટલા રસથી જુએ તેનાથી રૂડું શું ? તે વધુમાં કહે છે કે આ સીરીયલના બધા કલાકારોને ગયા મહીને જકાતાં બોલાવવામાં આવ્યા હતા. ખાસ તેમના પ્રશંસકોને મળવા તેમનો પ્રેમ જોઈને અમે બધા ભાવવિભોર બની ગયા હતા. વળી જ્યારે ભારતીય શો અન્ય કોઈ દેશમાં આટલો બધો પસંદ કરવામાં આવે ત્યારે તેના કલાકારો માટે અન્ય ઘણાં દરવાજા ખુલી જાય.

★ ટચુકડા પડદે કેટલાક કલાકારો એવા છે કે જેમનો પહેલો શો કયારેય રજુ જ ન થયો હોય. આમ છતાં તેમણે લાંબો પથ કાપીને પુષ્કળ સફળતા મેળવી હોય, મોહીત મલીક આવા કલાકારોમાંનો એક છે. હાલના તબક્કે કુલ્ફીકુમાર બાજેવાલામાં સીકંદરની ભૂમિકા ભજવતા મોહીતનો પહેલો શો કયારેય રજુ ન થયો. તે કહે છે કે મારી કારકીર્દીનો આરંભ નિષ્ફળતા સાથે થયો. લોકો મને કહેતા હું કયાં છું ? તેથી હું દિલ્હીથી મુંબઈ આવી ગયો.

★ટચુકડા પડદે કેટલાંક કલાકારો એવા છે કે જેમનો પહેલો શો કયારેય રજુ ન થયો હોય. આમ છતાં લાંબો પંથ કાપીને પુષ્કળ સફળતા મેળવી હોય, મોહીત મલીક આવા કલાકારોમાંનો એક છે.

હાલના તબક્કે કુલ્ફીકુમાર બાજેવાલામાં સિકંદરની ભૂમિકા ભજવતા મોહીતનો પહેલો શો કયારેય રજુ ન થયો. તે કહે છે કે મારી કારકીર્દીનો આરંભ નિષ્ફળતા સાથે થયો. લોકો મને કહેતા હું કયાં છું, તેથી હું દિલ્હીથી મુંબઈ આવી ગયો. ત્યાર પછી મને 'મીલી' સીરીયલ મળી. આ ધારાવાહીક દરમિયાન મારો ભેટો મારી પત્ની અદિતી શીરવાઈકર સાથે થયો અને આ શો પછી બધું સુમસુતરૂં પાર પડવા લાગ્યું. આ સીરીયલ પછી મને દિલ મીલ ગયે, મન કી આવાઝ પ્રતિજ્ઞા, બનું મેં તેરી દુલ્હન, અને ડોલી અરમાનોં કી ઉપરાંત વર્તમાન સીરીયલ મળી. મેં નેગેટીવ અને પોઝીટીવ બંને પ્રકારની ભૂમિકાઓ ભજવી. મેં કેટલાક રીયાલીટી શોઝમાં પણ કામ કર્યું મેં મારી કારકીર્દીમાં ઘણા ચડાવ ઉતાર જોયા પણ હિંમત હાર્યા વિના આગળ વધતો રહ્યો તેથી આ મુકામ પર પહોંચી શકયો છું.

અર્જુન પટિયાળા ફિલ્મમાં કૃતિ સનુન દેખાશે

સીને

કૃતિ સનુન બોલિવુડમાં એક આશાસ્પદ સ્ટાર તરીકે ઉભરી રહી છે. બરેલી કી બરફી ફિલ્મમાં શાનદાર રોલ કર્યા બાદ કૃતિ હવે અર્જુન પટિયાળા નામની ફિલ્મમાં કામ કરી રહી છે. આ ફિલ્મ ૧૩મી સપ્ટેમ્બરના દિવસે રજૂ કરાશે. તેનુ કહેવુ છે કે આ ફિલ્મ તમામ લોકોને રોમાંચિત કરી દેશે. કોમેડી ફિલ્મ તમામને હસવા માટે મજબુર કરશે તેવો દાવો કૃતિ દ્વારા કરવામાં આવ્યો છે. કૃતિ સનુનનુ કહેવુ છે કે અર્જુન પટિયાળા લાર્જર દેન લાઈફ લોકોને હસી હસીને પેટ દુખાવશે. તેની બરેલી કી બરફી ફિલ્મ લોકોને ગમી હતી. જે બોક્સ ઓફિસ પર સુપર હિટ રહી હતી. તેમાં કૃતિની ભૂમિકાની ભારે પ્રશંસા થઈ હતી. તેમાં તેની સાથે રાજકુમાર રાવની પણ પ્રશંસા થઈ હતી. હવે તે અર્જુન પટિયાળા ફિલ્મમાં કામ કરી રહી છે. ફિલ્મ હિરોપંતિ મારફતે પોતાના બોલિવુડ કેરિયરની શરૂઆત કરનાર કૃતિ સનુન પાસે અન્ય કેટલીક ફિલ્મો પણ રહેલી છે. આ નવી ફિલ્મમાં તેની સાથે દિલજીત દોસાંજ કામ કરી રહ્યોછે. થોડાક પ્રમાણમાં ઈમોશનલ ટચ પણ હોવાની વાત કરવામાં આવી છે. કૃતિએ કેટલાક મોટા નિર્માતા નિર્દેશકો સાથે કામ કર્યુ છે. જેમાં રોહિત શેટ્ટીની ફિલ્મ દિલવાલેનો સમાવેશ થાય છે. આ ફિલ્મમાં તેની સાથે શાહરૂખ ખાન , કાજોલ અને વરૂણ ધવને યાદદાર ભૂમિકા અદા કરી હતી. ફિલ્મ બોક્સ ઓફિસ પર સુપરહિટ સાબિત થઈ હતી. તે ફિલ્મને લઈને ઉત્સાહિત છે.

તેનુ કહેવુ છે કે ફિલ્મની પટકથા તેની પાસે અન્ય પણ છે જો કે હાલમાં તે અર્જુન પટિયાળામાં કામ કરી રહી છે. કૃતિ સુશાંત રાજપુત સાથે તેના સંબંધના કારણે પણ બોલિવુડમાં ચર્ચામાં છે. કૃતિ સનુન બોલિવુડમાં આગામી દિવસોમાં યાદગાર ભૂમિકા અદા કરવા માટે તૈયાર છે. હાલમાં તેની પાસે તમામ યુવા કલાકારો સાથે ફિલ્મ છે.

શાહિદ કપુર શ્રદ્ધા કપુરની ફિલ્મને લઈ ઉત્સુકતા વધી

સંજયલીલા ભણશાળીની લોકપ્રિય અને ભારે ચર્ચા જગાવનાર ફિલ્મ પદ્માવતની સફળતા બાદ હવે શાહિદ કપુર ખુબ ખુશ દેખાઈ રહ્યો છે. તે નવી ફિલ્મમાં કામને લઈને વ્યસ્ત થઈ ગયો છે. શાહિદ કપુર હવે નવી ફિલ્મ બત્તી ગુલ મીટર ચાલુને લઈને વ્યસ્ત છે. આ ફિલ્મમાં તેની સાથે શ્રદ્ધા કપુર કામ કરી રહી છે. ફિલ્મનુ શુટિંગ થોડાક સમય માટે રોકવામા આવ્યા બાદ હવે ફરી શુટિંગ શરૂ કરી દેવામાં આવ્યુ છે. ફિલ્મ ઓગષ્ટ ૨૦૧૮માં રજૂ કરવાની તૈયારી કરવામાં આવી છે. શ્રદ્ધા કપુર અને શાહિદ કપુરની જોડી અગાઉ પણ સાથે કામ કરી ચુકી છે. બન્નેની જોડી ફરી જાદુ જગાવવા માટે તૈયાર છે. ઉત્તરાખંડના તહેરી ખાતે બન્ને શુટિંગ કરી રહ્યા છે. ફિલ્મનુ શુટિંગ હાલમાં મંદિર અને ગ્લેસિયરની આસપાસ કરવામાં આવી રહ્યુ છે. તહેરી લેક ખાતે પણ શુટિંગ કરવામાં આવી રહ્યુ છે. ઓલ્ડ વર્લ્ડ માર્કેટમાં પણ ફિલ્મનુ શુટિંગ કરવામાં આવ્યુ છે. તહેરી વિસ્તારમાં શાહિદ અને શ્રદ્ધા કપુરને સ્થાનિક લોકો તરફથી ખુબ સહકાર મળી રહ્યો છે. શ્રી નારાયણસિંહના નિર્દેશન હેઠળ આ ફિલ્મ બની રહી છે. ફિલ્મ વિજળીની અછતના સામાજિક મુદ્દા પર આધારિત છે. ઈલેક્ટ્રીસિટી બિલમાં કઈ રીતે કમી આવી શકે અને અન્ય કેટલાક પાસામાં તેમાં ધ્યાન આપવામાં આવી રહ્યુ છે. પ્રાપ્ત અહેવાલ મુજબ શાહિદ કપુર પદ્માવત ફિલ્મમા રાણા રતનસિંહના રોલમાં જોરદાર રીતે રોયલ દેખાયા બાદ હવે તે નવી ફિલ્મમાં નવા અવતારમાં કામ કરવા જઈ રહ્યો છે. શ્રદ્ધા કપુર પણ કેટલીક ફિલ્મ ધરાવે છે. જેમાં સાયના નહેવાલની લાઈફ પર બની રહેલી ફિલ્મમાં બેડમિન્ટન ખેલાડીની ભૂમિકા અદા કરી રહી છે. શાહિદ કપુર પરિવારમાં પણ પુરતો ધ્યાન આપી રહ્યો છે. તેની નાની પુત્રી હવે નર્સરીમાં સ્કુલ જવા લાગી છે.

રણવીર -રોહિત શેટ્ટીની ફિલ્મ સિમ્બા ડિસેમ્બરમાં રજૂ કરાશે



ઓન ધ સ્ક્રીન

રણવીર સિંહને પ્રથમ વખત એક શાનદાર એક્શન ફિલ્મ સિમ્બા હાથ લાગી છે. આ ફિલ્મનુ શુટિંગ જોરદાર રીતે ચાલી રહ્યુ છે. ફિલ્મને ૨૮મી ડિસેમ્બરના દિવસે રજૂ કરવાની યોજના તૈયાર કરવામાં આવી છે. રોહિત શેટ્ટીની એક્શનથી ભરપુર ફિલ્મ મળતા રણવીર ભારે ખુશ છે. ફિલ્મ સિમ્બાને લઈને તૈયારીમાં રણવીર સિંહ પહેલાથી જ લાગી ગયો છે. એક્શન સિક્વન્સ માટે ટ્રેનિંગ પણ રણવીર સિંહે લઈ લીધી છે. રોહિત શેટ્ટીની નવી ફિલ્મમાં તે પોલીસ અધિકારીની ભૂમિકામાં નજરે પડનાર છે. તમામ લોકો સારી રીતે જાણે છે કે રોહિત શેટ્ટીની મોટા ભાગની ફિલ્મો એક્શનથી ભરપુર રહે છે. હાલમાં તે ઝોયા અખ્તરની ફિલ્મ ગુલ્લી બોયના શુટિંગને લઈને વ્યસ્ત છે. આ ફિલ્મમાં તેની સાથે આલિયા ભટ્ટ કામ કરી રહી છે. રોહિત શેટ્ટી દ્વારા નિર્દેશિત ફિલ્મમાં રણવીર સિંહ તેની કેરિયરમાં હજુ સુધીની સૌથી મોટી ભૂમિકા અદા કરવા જઈ રહ્યો છે. શેટ્ટીની ટીમ સાથે તે કેટલાક સપ્તાહ સુધી ખાસ ટ્રેનિંગ પણ કરી ચુક્યો છે. ઘટનાક્રમ પર નજર રાખનાર સુત્રોએ માહિતી આપતા કહ્યુ છે કે રણવીર અને રોહિત શેટ્ટી હાલમાં ફિલ્મ નિર્માતાની ઓફિસમાં મળ્યા હતા. ચાર કલાક સુધી વાતચીત ચાલી હતી. ત્યારબાદ બન્ને ફિલ્મને આગળ વધારી દેવા માટે સહમત થયા હતા.ગુલ્લી બોય બાદ સિમ્બા ફિલ્મનુ શુટિંગ કરવામાં આવનાર છે. રોહિત શેટ્ટી સાથે કામ કરવાની તેની ઈચ્છા આખરે પૂર્ણ થઈ રહી છે. તેમની ફિલ્મો તમામ પેઢીને પસંદ પડે છે. તેમની એક્શન ફિલ્મો ચાહકોને ગમે છે. રોહિતે પહેલા જ કહ્યુ હતુ કે તેઓ રણવીર સાથે ફિલ્મ બનાવવા માટે ઈચ્છુક છે. ફિલ્મની પટકથા પર કામ કરી લેવામાં આવ્યુ છે. ફાઈનલ ડ્રાફ્ટ પર કામ જારી છે. દક્ષિણ ભારતની ફિલ્મ ટેમ્પરના અધિકાર અમે ખરીદી લેવામાં આવ્યા છે. આ ફિલ્મથી અમારી ફિલ્મ પ્રેરિત છે. આગામી દિવસોમાં આ દિશામાં નવી પહેલ કરવામાં આવનાર છે.

બીહાઈન્ડ ધ સ્ક્રીન

સંજય દત્ત પર ફિલ્મ સંજુ ૨૯ જુને રજૂ કરવા નિર્ણય

સંજય દત્તની લાઈફ પર બનેલી ફિલ્મ સંજુ ૨૯મી જુનના દિવસે રજૂ કરવામાં આવનાર છે. રણબીર કપુર હાલમાં ફિલ્મના પ્રમોશનને લઈને વ્યસ્ત બની ગયો છે. ફિલ્મમાં રણબીરે ફરી એકવાર સાબિતી આપી છે કે તે શા માટે હાલનો શ્રેષ્ઠ અભિનેતા છે. બોલિવુડમાં હાલમાં તેની ચર્ચા જોવા મળી રહી છે. રણબીર કપુરે ફિલ્મમાં તમામ કુશળતા પાત્રને ન્યાય આપવા દર્શાવી છે. ફિલ્મના સાથી કલાકારો પણ ખુબ પ્રભાવિત રણબીરથી રહ્યા છે. ફિલ્મમાં મનિષા કોઈરાલાએ રણબીર કપુરની માતાની ભૂમિકા અદા કરી છે. આ સંબંધમાં લોકપ્રિય અભિનેત્રી અને હાલમાં ફિલ્મ નિર્માણના ક્ષેત્રમાં કુદી પડેલી ખુબસુરત દિયા મિર્ઝાએ કહ્યુ છે કે બોલિવુડના વિતેલા વર્ષોના અભિનેતા સંજય દત્તની બાયોપિક ફિલ્મ સંજુમાં કામ કર્યા બાદ યુવા પેઢીના લોકપ્રિય સ્ટાર રણબીર કપુરની લોકપ્રિયતા અનેક ગણી વધી જશે. દિયા માને છે કે રણબીરની લોકપ્રિયતા દસ ગણી વધી જશે. રાજકુમાર હિરાની દ્વારા હાલમાં સંજય દત્તની બાયોપિક ફિલ્મ બનાવવામાં આવી રહી છે. આ ફિલ્મમાં સંજય દત્તની ભૂમિકા રણબીર કપુર દ્વારા અદા કરવામાં આવી રહી છે. ફિલ્મમાં બે ત્રણ અભિનેત્રી કામ કરી રહી છે. જેમાં દિયા મિર્જા, સોનમ કપુર અને અનુષ્કા શર્માનો સમાવેશ થાય છે. ફિલ્મ હાલના કાર્યક્રમ મુજબ ૨૯મી જુનના દિવસે રજૂ કરવાની યોજના છે. દિયા પોતે ફિલ્મને લઈને આશાવાદી છે. તે સંજયદત્તની પત્નિ માન્યતાની ભૂમિકામાં નજરે પડનાર છે. દિયાએ રણબીરની પ્રશંસા કરતા કહ્યુ છે કે તે શાનદાર અભિનેતા તરીકે છે. તે કોઈ પણ એક્ટિંગ કરી શકે છે. તેને લઈને કોઈ બે મત નથી. તેની સાથે કામ કરવાથી ઘણુ જાણવા મળ્યુ છે.

દિશા પાટની રિતિક રોશન સાથે જોડી જમાવવા તૈયાર

આશાસ્પદ સ્ટાર દિશા પાટનીની લોકપ્રિયતા હાલમાં સતત વધી રહી છે. તેની બોલબાલા વધી રહી હોવાના પુરાવા એનાથી મળે છે કે તેને હવે એક ફિલ્મ રિતિક રોશન સાથે અને અન્ય એક ફિલ્મ સલમાન ખાન સાથે મળી ગઈ છે. બાગીર ફિલ્મને જોરદાર સફળતા બોક્સ ઓફિસ પર મળ્યા બાદ દિશા પાસે નવી નવી ઓફર આવી રહી છે. સલમાન ખાનની મોટી ફિલ્મ ભારતમાં પણ તેને મોટી ભૂમિકા મળી ગઈ છે. હવે નવા હેવાલ પર વિશ્વાસ કરવામાં આવે તો વધુ એક ફિલ્મ તેની પાસે આવી ગઈ છે. જેમાં તે અભિનેતા રિતિક રોશન સાથે કામ કરવા જઈ રહી છે. એમ માનવામાં આવે છે કે વરૂણ ધવનના ભાઈ અને નિર્દેશક રોહિત ધવનની સાથે રિતિક રોશન એક ફિલ્મ કરી રહ્યો છે. જે હાલમાં પ્રી પ્રોડક્શન હેઠળ છે. આ ફિલ્મને સાજિદ નડિયાદવાળા પ્રોડ્યુસ કરનાર છે. તેઓ ઈચ્છે છે કે આ ફિલ્મ વર્ષ ૨૦૧૯માં કોઈ પણ સમય રજૂ કરવામાં આવી શકે છે. **અનુસંધાન પાના નં.૬ ઉપર**

મોરીયા...

પાના નં .૧ ચાલુ

દસ દિવસ અગાઉ બનેલી ફાયરિંગ વીથ લૂંટની આ ઘટનામાં લૂંટારૂઓ સુધી પહોચવામાં સ્થાનિક પોલીસને સફળતા મળી નથી. દરમિયાન અમદાવાદ ક્રાઈમ બ્રાંચની ટીમે આ ગૂનામાં વડગામ તાલુકાના ધનાલી ગામના એક શકમંદ શખ્સની ગુરૂવારે અટકાયત કરી હોવાનું ચર્ચાઇ રહ્યું છે.

સામઢીમાં...

પાના નં .૧ ચાલુ

મકવાણા (વાલ્મિકી)ને પ્રથમ ડીસા સિવિલમાં ખસેડાયો હતો ત્યાર બાદ પરિસ્થિતિ ગંભીર જણાતા પાલનપુર સિવિલ હોસ્પિટલમાં લવાયો હતો જોકે ગઢ પોલીસે દલિત યુવકને માર મારવાના મામલે ગામના સરપંચ તેમના પુત્ર અને અન્ય ત્રણ ઈસમો સામે ફરિયાદ દાખલ કરી અને સમગ્ર મામલે વધુ તપાસ હાથ ધરી છે. જેમાં ગઢ પોલીસે બે આરોપીઓની અટકાયત કરી છે. સામઢી ગામે બુધવારે રાત્રે દલિત યુવક પર હુમલાને લઇને સમગ્ર પોલીસ બેડા સહિત સમગ્ર જિલ્લામાં આ કિસ્સો ચર્ચાસ્પદ બન્યો હતો. જ્યાં ઢોલ વગાડવાના મુદ્દે દલિત યુવકને માર મારવાના સમાચારો વહેતા થયા હતા. જોકેપતિ પત્ની ઝઘડી રહ્યા હતા ત્યારે ગામના લોકોએ સરપંચને આ ઝઘડો શાંત કરવા માટે બોલાવતા સરપંચ અને તેમના પુત્રએ આ ઝઘડાને શાંત પાડવાની કોશિશ કરી હતી. તેવું ગ્રામજનો જણાવી રહ્યા છે.

વડોદરાના ઇસ્કોન...

અનુસંધાન ૨ નુ ચાલુ..

બીજી તરફ અગ્રવાલ સમાજની શ્રી કૃષ્ણા સેવા મંડળ સમિતિ દ્વારા પાણી બચાવોના સંદેશા સાથે સંગીતમય શ્રીમદ ભાગવત મહાપુરાણનુ આયોજન થયુ છે. તા.૨૮ સુધી અકોટા વિસ્તારના દિનેશ મિલ નજીક આવેલા અગ્રવાલ ભવનમા બપોરે ૧:૩૦ક.થી સાંજે ૬:૩૦ક. સુધી ચાલનારી આ કથાનુ રસપાન વ્રજ રસિક શિરોમણી પૂ.શ્રી નંદકિશોરજી મહારાજ કરાવી રહ્યા છે. આવતી કાલે તા.૨૪ને ગુરુવારે વામન અવતાર, રામ અને કૃષ્ણ જન્મોત્સવ ,તેમજ તા. ૨૫ને શુક્રવારે કૃષ્ણ માખનચોરી , ગોવર્ધન લીલાનો મર્મ સમજાવાશે. કથા દરમિયાન વિધાર્થીઓ માટે કેરીયર કાઉન્સેલીંગ એન્ડ એજયુકેશન ફેરનું આયોજન કરાયું હતુ. કથા પુર્વે વાજતે ગાજતે ભવ્ય શોભાયાત્રા નીકળી હતી.

થરાદમાં ભીમસેના...

અનુસંધાન 3 નુ ચાલુ..

આવેદનપત્રમાં તાજેતરમાં રાજકોટ જિલ્લાના યુવક મુકેશભાઈ હત્યાના ગુનેગારોને પકડી તથા સોશિયલ મીડિયામાં ડોક્ટર બાબા સાહેબ આંબેડકર વિશે તથા સમાજ વિશે થતાં ખરાબ ટિપ્પણી વાળા મેસેજ કડક કાર્યવાહી કરવાની સાથે અનુસૂચિત જાતી સમુદાય સામૂહિક રીતે ઈસ્લામ ધર્મ અંગીકાર કરી પોતાના અલગાવવાદ માંગી રહ્યો છે એ તેમનો આખરી નિર્ણય હોવાનું પણ જણાવ્યું હતું.

મુખ્યમંત્રી જળસંચયનું...

અનુસંધાન 3 નુ ચાલુ..

હાલ ધંધાકીય ક્ષેત્રે મુંબઈ હીરાબજારમાં કાર્યરત એવા ગીરીશભાઈ શાહે ડીસા તાલુકાના સાંડીયા, સોતમલા, પમરૂ, પેછડાલ, બુરાલ, જેનાલ, રામસણ, સાવીયાણા, સદરપુર, પાલડી, ટેટોડા, બોડાલ, છત્રાલા જેવા ગામોનાં ગામ તળાવ ઉંડા કરવાના સરકારની જળસંચય યોજનામાં જોડાઈના કામનો પ્રારંભ કરેલ છે. ‘‘રખેવાળ’’ સાથેની રૂબરૂ મુલાકાતમાં ગિરીશભાઈ શાહે જણાવેલ કે પાંજરાપોળના કાર્યો સાથે અમારા ટ્રસ્ટ દ્વારા મહારાષ્ટ્રના બીડ- જિલ્લામાં ૨૪ ગામ, લાતુર નજીક આંબે જોગાઈ તાલુકાના ૪૬ ગામ જાલના જિલ્લાના ધન સંઘાવી તાલુકાના ૧૧૦ ગામ, અને જાલના જિલ્લાના પ્રતુર તાલુકાના ૧૦૦ ગામોમાં પણ તળાવો ઊંડા કરવા પાણીના વોકળા - વહેણ સાફ કરવા સહિત ગ્રામ્ય આદિવાસી પ્રજાની સુખાકારી અને સ્વનિર્ભર કરવા સંસ્થાએ કાર્યો કરેલ છે. તે અનુભવના નિચોડ સાથે ચાલુ સાલે મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીના નેતૃત્વમાં ગુજરાત સરકાર દ્વારા ચાલુ કરાયેલ જળ સંચય અભિયાનમાં જન્મભૂમિનું રૂણ અદા કરવા ડીસા તાલુકાના ગામોમાં કાર્ય પ્રારંભ કરેલ છે તે સિવાય પાટણ જિલ્લાના સમી અને શંખેશ્વર તાલુકામાં પણ ટ્રસ્ટ દ્વારા કામગીરી ચાલુ કરેલ છે. દરેક ગામમાં ગ્રામની પ્રજા અને સરકારી તંત્ર દ્વારા સહયોગ પ્રાપ્ત થતા સ્વૈચ્છિક સંસ્થાઓનો ઉત્સાહ વધેલ છે. જુનના પ્રારંભમાં મેઘરાજા મહેર કરે અને ગુજરાતના મુખ્યમંત્રીનું સ્વપ્ન સાકાર થાય તેમ ઈચ્છીએ છીએ. યોજનાપૂર્ણ થયા બાદ પણ પસંદગીના ગામોમાં ગૌચર સફાઈ અને વૃક્ષારોપણના કાર્યો માટે પણ વિચારણા ચાલે છે.

જાડા રત્નચિંતામણિ...

અનુસંધાન 3 નુ ચાલુ..

પુજ્યશ્રીએ પાલડી જીનમંદિરે દર્શન કરી સૌને માંગલિક નું શ્રવણ કરાવ્યું હતુ. રાત્રી સ્થિરતા બાદ પુજ્યશ્રીએ સવારે વિહાર કરી લવાણા તરફ પ્રયાણ કર્યું હતું. અત્રે ઉલ્લેખનીય છે કે દિયોદર તાલુકાના મીઠી પાલડી ને અડીને આવેલ જાડા નગરે હાઈવે ઉપર આજથી અંદાજે ચાર વર્ષ પહેલા પ.પૂ .આ.ભ.શ્રી રત્નચંદ્રસુરીસ્વરજી મ સા (ડહેલાવાળા)ના સદઉપદેશથી તેમજ તેમના સાનિધ્યમા સુંદર રમણીય જિન મંદિર ઉપાશ્રય વિહારધામ ધર્મશાળા ભોજનશાળા સહ રત્નચિંતામણિ વિહારધામ સંકુલનુ નિર્માણ થયેલ છે.

સોનગઢના ઘર...

અનુસંધાન 3 નુ ચાલુ..

ખુલ્લી જમીનમાં લાખો રૂપિયાના ખર્ચે મકાન બાંધીને રહેતા હતા. અમારા મકાનો ગ્રામ પંચાયત દ્વારા વર્ષ ૨૦૦૦-૦૧માં આકારણી પત્રકે ચઢાવવામાં આવ્યા હતા. જોકે, આ જમીન રેલવેની નીકળતાં રેલવે કોરીડોર પ્રોજેકટ અંતર્ગત અમારા મકાનો તોડી પાડવામાં આવ્યા હતા. જે બાદ પુનઃ વ્યવસ્થાપન માટે કોઈ પગલા ભરવામાં ન આવતાં વર્તમાન સમયે નિરાધાર બની ગયા છીએ. આગામી સમયમાં ચોમાસુ માથા ઉપર છે. ત્યારે જાયે તો જાયે કહાની સ્થિતિમાં મુકાઈ ગયા છીએ.

દાંતીવાડા અને...

પાના નં .૮ ચાલુ

૫૬૨.૮૫ ફૂટ અને સિપુ ડેમમાં ૫૯૭ ફુટ પાણીનો સંગ્રહ છે. દાંતીવાડા ડેમમાંથી રોજનું ૪% પાણી બાષ્પીભવનથી ઉડી જાય છે અને સિપુમાંથી રોજ ૫% પાણી બાષ્પીભવનથી ઉડી જાય છે. સિપુ ડેમમાંથી રોજ નહેરમાં ૧૮૦ ક્યુસેક પાણી છોડાય છે જ્યારે દાંતીવાડા નહેર હાલમાં બંધ કરાઈ છે. જોકે, હાલમાં બંને ડેમમાં પાણી પુરતી માત્રામાં હોઈ ચાલુ ઉનાળામાં પીવાના પાણીની કોઈ સમસ્યા ઉદભવે તેમ નથી તેવું વર્ક આસિસ્ટન્ટ કાળુસિંહ રાજપુતે જણાવ્યું હતું.

ડીસાના બગીચા...

પાના નં .૮ ચાલુ

તેવું કોઈએ ધ્યાને લીધેલ નથી. પરંતુ બગીચાના લોકાર્પણ પ્રસંગે રાજકીય ઈશારે વિવાદ પેદા કરાયો છે જે જનતાના હીતમાં નથી. તેમજ જનતાની જે જમીન અને નાણાં ખર્ચાઈ ગયા છે તે પાણીમાં જઈ રહ્યાં છે. લોકાર્પણ સમયે છેલ્લુ કામ અટકાવી દેવાયું છે જેથી બગીચાના ઝાડ - છોડ અને લોનને પણ નુક્શાન થવાની શક્યતા છે. ત્યારે શહેરીજનોના હીતમાં સત્વરે મનાઈહુકમ ઉઠાવી તેની પાછળ ગેરરીતીઓ આચરાઈ હોય તો તેની તપાસ કરી કસુરવારો સામે દંડકીય કાર્યવાહી કરવાની માંગ કરી હતી.

બનાસકાંઠામાં ગરમીનો...

પાના નં .૮ ચાલુ

ડીગ્રીને પાર પહોંચી જતા લોકોની હાલત કફોડી બની ગઈ છે.. ૪૫ ડીગ્રી ગરમીમાં શું હાલ થતા હશે તે સૌથી સારી રીતે ડીસાના રહીશો સમજાવી શકશે.. ડીસા શહેરમાં દિવસ દરમ્યાન વહેલી સવાર અને મોડી સાંજ બાદ જ લોકોની અવર જવર જોવા મળી રહી છે.. ડીસામાં ગરમી વધવા પાછળનું એક કારણ એ પણ છે કે ડીસા શહેર કર્કવૃત્તની નજીક આવેલું શહેર છે અને મે-જુન માસ દરમ્યાન સૂર્યના કિરણો કર્કવૃત્ત પર એકદમ સીધા પડતા હોવાના લીધે સોલાર રેડીયેશનના લીધે પણ ગરમીનું પ્રમાણ વધી જાય છે. આ ઉપરાંત આગામી સમયમાં જેમ ચોમાસું નજીક આવશે તેમ તેમ ગરમીમાં વધારો રહેશે. ગઈકાલે હવામાન વિભાગ દ્વારા ડીસાનું તાપમાન ૪૩.૪ ડીગ્રી નોંધાયું હતું. ગરમીમાં આંશિક ઘટાડો થયો હતો.

બનાસકાંઠા જિલ્લા...

પાના નં .૮ ચાલુ

પ્રતિનિધિઓની હાજરીમાં શરૂ કરાયેલી મત ગણતરી ગણતરીની મિનિટોમાં જ પૂર્ણ થઈ ગયા બાદ પરિણામ જાહેર કરાતાં માસુંગભાઈ પટેલ ચૂંટાઈ આવ્યા હતા.આ ચૂંટણીમાં માસુંગભાઈ પટેલને ૭૧ મતો મળ્યા હતા .જયારે તેમના હરીફ ઉમેદવાર શંકરભાઈ માળવીને ૫૩ મતો મળતા ચૂંટણી અધિકારીએ માસુંગભાઈ પટેલને ૧૮ મતોની સરસાઈથી વિજેતા જાહેર કર્યા હતા.

સહકારી વિભાગની રસપ્રદ ચૂંટણીમાં આ વખતે પણ પૂર્વ ધારાસભ્ય જોઈતાભાઈ પટેલના માનીતા માસુંગભાઈનો વિજય થયો છે.વર્ષોથી ધાનેરાના સહકારી ક્ષેત્રના કિંગ ગણાતા જોઈતાભાઈ પટેલની ચાહના આ ચૂંટણીમાં કામ કરી ગઈ હોવાનો દાવો પણ તેમના સમર્થકો કરી રહ્યા છે.

ધાનેરા તાલુકાના માલોત્રા ગામના વતની માસુંગભાઈ પટેલનો વિજય થતા મતદાતાઓમાં પણ ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો. અને સૌએ તેમને શુભકામનાઓ પાઠવી હતી.ત્યારે માસુંગભાઈ પટેલે પણ દરેક મતદારો પ્રત્યે આભારની લાગણી વ્યક્ત કરી ખેડૂતોના હિતોની જાળવણી માટે સતત પ્રયાસરત રહેવાની ખાતરી આપી હતી.

ડીસામાં રોડને ...

પાના નં .૮ ચાલુ

શક્યતા સર્જાશે. જેથી આ વિસ્તારના રહીશોએ આ અંગે રોડ બનાવી રહેલા કોન્ટ્રકટરનો સંપર્ક કરી આ રોડને ખોદીને લેવલ કર્યા બાદ બનાવવાની રજૂઆત કરી હતી. ત્યારે કોન્ટ્રકટરે ખર્ચ બજેટ કરતા વધુ થતું હોવાનું જણાવતા આ વિસ્તારના રહીશો અહી કામકાજ અટકાવી દીધું છે.

આ વિસ્તારમાં સીસીરોડ બનાવતી વખતે સર્જાયેલી આ સમસ્યા અંગે ડીસા નગરપાલિકાના એન્જીનીયરની કામગીરી શંકાના દાયરામાં આવી જાય છે. કારણ કે પાલિકા દ્વારા આ માર્ગ મંજુર કરવામાં આવ્યો ત્યારે એન્જીનીયરે અહી આવીને કેવું નિરીક્ષણ કર્યું હતુ અને પ્રજાની સુવિધા માટે જ બનતો માર્ગ પ્રજા માટે મુશ્કેલી રૂપ બની જાય તો પાલિકા દ્વારા આ ખોટા ખર્ચ કરવાનો શું મતલબ રહે...!

ભાવ વધારાને લઇને વિરોધ પ્રદર્શન : સરકાર પર દબાણ

નવીદિલ્હી

પેટ્રોલ અને ડીઝલની કિંમતમાં વધતા જતા ભાવને લઈને વિરોધ પ્રદર્શનનો દોર શરૂ થઇ ગયો છે. દેશના જુદા જુદા શહેરોમાં લોકો હવે વિરોધ પ્રદર્શન માટે મેદાનમાં ઉતરી આવ્યા છે અને દેખાવો કરી રહ્યા છે. મોદી સરકારની ટિકા પણ કરી રહ્યા છે. મુંબઈમાં પેટ્રોલ ડીઝલને લઇને જોરદાર દેખાવો કરાયા છે. મુંબઈમાં પેટ્રોલની કિંમત વધીને ૮૫.૨૯ સુધી પહોંચી ગઈ છે. આંતરરાષ્ટ્રીય ક્રૂડની કિંમતમાં ઘટાડો થયો હોવા છતાં આજે વધારો કરવામાં આવ્યા બાદ આની ચર્ચા જોવા મળી રહી છે. કોંગ્રેસના નેતાઓનું કહેવું છે કે, મુંબઈમાં રહેતા લોકો પેટ્રોલ અને ડીઝલ માટે સૌથી વધુ કિંમત ચુકવી રહ્યા છે. દેશના અન્ય શહેરોમાં પણ પેટ્રોલ અને ડીઝલની કિંમતોને લઈને લોકો વિરોધ પ્રદર્શન કરી રહ્યા છે. એચપીસીએલના વડા મુકેશ સુરાણાનું કહેવું છે કે, પેટ્રોલ અને ડીઝલની કિંમતોને લઇને સમીક્ષા કરવામાં આવી રહી છે. ટેક્સની સમીક્ષા થઇ રહી છે. ગ્રાહકોને ટૂંકમાં જ રાહત આપવામાં આવશે. કોઇ ફોર્મ્યુલા ચોક્કસપણે શોધી કાઢવામાં આવશે. તેલ કંપનીઓના બજેટને સંતુલિત કરવાના પ્રયાસ કરવામાં આવશે. ગ્રાહકો અને સરકારને નુકસાન ન પડે તે તરફ પણ ધ્યાન આપવામાં આવશે. જો કે, હાલમાં પેટ્રોલ અને ડીઝલની કિંમતો ઉંચી રહી શકે છે. ઓપેકની બેઠકમાં ટૂંક સમયમાં જ મળનાર છે.

ઇશિતા નામની અભિનેત્રી બોલિવુડમાં આવવા તૈયાર

મુંબઈ

ગદર એક પ્રેમ કથા જેવી સુપરહિટ ફિલ્મ બનાવી ચુકેલા અનિલ શર્મા હવે વધુ એક શાનદાર ફિલ્મ બનાવવાની દિશામાં આગળ વધી રહ્યા છે. પ્રાપ્ત હેવાલ મુજબ અનિલ શર્મા જીનિયસ નામની ફિલ્મ બનાવી રહ્યા છે. ફિલ્મને ૨૪મી ઓગષ્ટના દિવસે રજૂ કરવામાં આવનાર છે. ફિલ્મમાં નવી અભિનેત્રી ઈશિતા કામ કરી રહી છે. તેની પસંદગી કરવામાં આવી ચુકી છે. ફિલ્મમાં ઈશિતા અનિલ શર્માના પુત્ર ઉત્કર્ષ સાથે નજરે પડી શકે છે. વર્ષ ૨૦૦૧માં રજૂ કરવામાં આવેલી ફિલ્મ ગદર એક પ્રેમ કથામાં ઉત્કર્ષ બાળ કલાકાર તરીકે નજરે પડ્યો હતો. ટ્વીટર પર આ સંબંધમાં જાહેરાત કરતા અનિલ શર્માએ કહ્યુ છે કે છેલ્લા કેટલાક સમયથી નવી અભિનેત્રીને લઈને શોધ ચાલી રહી હતી. અનિલ શર્માએ હવે ઈશિતાનો ફોટો પણ જારી કર્યો છે. ફિલ્મમાં જીનિયસ તરીકે ઉત્કર્ષ નજરે પડનાર છે. જીનિયસ ફિલ્મ વિજ્ઞાન પર આધારિત એક ફિલ્મ રહેશે. ઈશિતા પ્રથમ વખત બોલિવુડમાં એન્ટ્રી કરવા જઈ રહી છે. અનિલ શર્મા મોટા ભાગે એક્શન ફિલ્મ બનાવવા માટે જાણીતા રહ્યા છે. અનિલ શર્મા પહેલા ધર્મેન્દ્રને લઈને અને ત્યારબાદ સની દેઓલની સાથે ફિલ્મો બનાવતા રહ્યા છે. ફિલ્મમાં મિથુન ચક્રવર્તિ અને નવાઝુદ્દીન સિદ્ધીકી પણ નજરે પડનાર છે. જીનિયસ એક સાયન્સ ફિલ્મ છે. જેમાં એક યુવાન પોતાના પ્રયોગથી દુનિયા બદલી નાંખે છે. આ ફિલ્મ આગામી વર્ષે રજૂ કરવા માટેની તૈયારી કરવામાં આવી છે. અનિલ શર્માએ ફિલ્મમાં અન્ય કલાકારોને લઈને હજુ કોઈ વાત કરી નથી. જો કે અનિલ શર્માની એક્શન ફિલ્મ બનાવનાર ટોપ નિર્માતા નિર્દેશકોમાં પહેલાથી કરવામાં આવે છે.

સ્ટાર પરિણિતી ચોપડા હવે આઇટમ નંબર કરવા તૈયાર

મુંબઈ

સ્ટાર અભિનેત્રી પરિણિતી ચોપડા પાસે બે મોટી ફિલ્મો આવી ગઈ છે. જે પૈકી પ્રથમ ફિલ્મ અર્જુન કપુરની સાથે સંદીપ ઔર પિન્કી ફરાર છે. આ ફિલ્મ ત્રીજી ઓગષ્ટના દિવસે રજૂ કરવામાં આવનાર છે. આ ઉપરાંત તે અક્ષય કુમારની સાથે કેસરી ફિલ્મમાં કામ કરી રહી છે. ફિલ્મ કરણજોહર અને અક્ષય કુમારપ મળીને બનાવવામાં આવનાર છે. શરૂઆતમાં આઈટમ નંબર કરવા માટેનો સાફ ઈન્કાર કરીને તમામ નિર્માતા નિર્દેશકોને ચોંકાવી દેનાર પરિણિતી ચોપડા હવે આઈટમ નંબર કરવા માટે તૈયાર થઈ છે. તે પોતે આ અંગેની વાત કરી રહી છે. તે વધારે સેક્સી ફિગર મેળવી ચુકી છે. જેથી તે હવે આઈટમ નંબર કરવા ઉત્સુક બની છે. બીજી બાજુ તે સ્પર્ધામાં ટકી રહેવા માંગે છે. પ્રાપ્ત માહિતી મુજબ પરિણિતી ચોપડા પાસે હાલમાં કેટલાક નવા પ્રોજેક્ટ આવી રહ્યા છે. પરિણિતી હવે આઈટમ સોંગ કરવા માટે પણ તૈયાર છે. તે અન્ય અભિનેત્રીની જેમ આઈટમ સોંગ કરીને વધારે લોકપ્રિયતા મેળવી લેવા માટે તૈયાર છે. પરિણિતી ચોપડા પોતાની કેરિયરને લઉને હવે ગંભીર બની છે. તે પણ પોતાની બહેન પ્રિયંકા ચોપડા સાથે કેટલાક પ્રોજેક્ટમાં કામ કરવા માટે ઈચ્છુકછે. જો કે પરિણીતીએ હોલિવુડ ફિલ્મમાં કામ કરવાને લઈને હજુ સુધી કોઈ પ્રતિક્રિયા આપી નથી. તે રોહિત શેટ્ટીની ફિલ્મને લઈને આશાવાદી છે.

પ્રિયંકા

અનુસંધાન ૫ નું ચાલુ

લઈને ફિલ્મ બનાવવા માટેની જાહેરાત કરી હતી. આ ફિલ્મને રાની સ્કુવાલા અને સિદ્ધાર્થ રોય કપુર નિર્દેશન કરનાર છે. પ્રિયંકાને આ ફિલ્મની પટકથા એટલી પસંદ પડી છે કે આ ફિલ્મ તે તરત જ સ્વીકારી ચુકી છે. આ ફિલ્મમાં અભિનેતા તરીકે કોણ રહેશે તે અંગે હજુ સુધી કોઈ નિર્ણય કરવામાં આવ્યો નથી. ફિલ્મના સંબંધમાં શોનાલીએ કહ્યુ છે કે તે હાલમાં કલાકારોને શોધી રહી છે. શોનાલી તે પહેલા વર્ષ ૨૦૧૪માં ડ્રામા ફિલ્મ માર્ગરિટા વીથ ધ સ્ટ્રા નામની ફિલ્મ બનાવી ચુકી છે. આ પિલ્મ નેશનલ એવોર્ડ જીતી ગઈ હતી. ફિલ્મમાં કલ્કીએ લૈલાની ભૂમિકા અદા કરી હતી. જેને સેરેબ્રલ પાલ્સી નામની બિમારી હોય છે. તે અભ્યાસ માટે અમેરિકા જાય છે. જ્યાં તે એક અંધ યુવતિની સાથે સંબંધમાં આવે છે. જેની ભૂમિકા સયાની ગુપ્તાએ અદા કરી હતી. પ્રિયંકા ચોપડા સમગ્ર વિશ્વમાં હવે ટોપ સેલિબ્રિટી તરીકે ઉભરી ચુકી છે. તેની દુનિયામાં નોંધ લેવામાં આવી રહી છે. તે કેટલીક હોલિવુડ ફિલ્મોમાં પણ હાલમાં કામ કરી રહી છે.

રિતિક

અનુસંધાન ૫ નું ચાલુ

રિપોર્ટની વાત કરવામાં આવે તો રોહિત ધવન હાલમાં પટકથા પર કામ કરી રહ્યા છે. રિતિક રોશન સાથે વાતચીત ચાલી રહી છે. તેમને ફિલ્મની અભિનેત્રીની શોધ હતી. હવે આના માટે દિશાનો સંપર્ક કરવામાં આવ્યો છે. હાલમાં પેપર વર્કનુ કામ પૂર્ણ થયુ નથી. જેથી તમામ પાસા પર વાતચીત ચાલી રહી છે. એમ માનવામાં આવે છે કે દિશાએ ફિલ્મને લઈને તૈયારી દર્શાવી દીધી છે. આગામી મહિના સુધી તમામ ચીજો ફાઈનલ થઈ જશે. જુન અથવા તો જુલાઈમાં આ સંબંધમાં તમામ બાબતો નક્કી કરવામાં આવ્યા બાદ ફિલ્મનુ શુટિંગ શરૂ કરવામાં આવનાર છે.

સુપરસ્ટાર રિતિક હાલમાં સુપર-૩૦ ફિલ્મને લઈને શુટિંગમાં વ્યસ્ત છે. આ ફિલ્મ પૂર્ણ કરાયા બાદ તે ટાઈગર સાથે ફિલ્મ પર કામ શરૂ કરશે. જેમાં વાણી કપુર મુખ્ય અભિનેત્રી તરીકે કામ કરી રહી છે.

સલમાનની ભારતમાં દિશા પટની પણ હવે જોવા મળશે

બોલિવુડની રેસ-૩ ફિલ્મને લઈને હાલમાં વ્યસ્ત રહેલા સલમાન ખાનની આગામી ફિલ્મ ભારતમાં કેટલાક કલાકારોને લેવામાં આવી રહ્યા છે. બોલિવુડ અને હોલિવુડની ફિલ્મોમાં કામ કરી રહેલી પ્રિયંકા ચોપડાના નામની પસંદગી કરવામાં આવ્યા બાદ હવે ફિલ્મમાં ઉભરતી સ્ટાર દિશા પટનીની પણ પસંદગી કરવામાં આવી છે. સલમાન ખાન જેવા સુપરસ્ટાર સાથે ફિલ્મ મળ્યા બાદ તે ભારે ખુશ દેખાઈ રહી છે. હાલમાં રજૂ કરવામાં આવેલી તેની બાગી-૨ ફિલ્મ બોક્સ ઓફિસ પર સુપરહિટ સાબિત થઈ હતી. ધોનીની લાઈફ પર બનેલી ફિલ્મમાં પણ તે નજરે પડી હતી. તેની પાસે સારા સારા પ્રોજેક્ટ આવી રહ્યા છે. સલમાન ખાનની મોટી ફિલ્મ હાથ લાગ્યા બાદ તે ભારે ખુશખુશાલ દેખાય છે. સલમાન ખાનના પ્રોડક્શન હેઠળ જ આ ફિલ્મ બનાવવામાં આવી રહી છે. ફિલ્મમાં અન્ય કેટલાક મોટા સ્ટારની પસંદગી પણ કરવામાં આવનાર છે. ભારત ફિલ્મમાં રોલ મેળવી લેવા માટે શ્રદ્ધા કપુરે પણ તમામ તાકાત લગાવી હતી જો કે તેને સફળતા મળી નથી. બાગી-૨ ફિલ્મ બાદ દિશા પાસે હાલમાં કોઈ ફિલ્મ ન હતી જેથી તેની પસંદગી કરી લેવામાં આવી છે. સલમાન ખાનના સૌથી મોટા પ્રોજેક્ટ તરીકે આને ગણવામાં આવે છે. ફિલ્મમાં ભારતના ૭૦ વર્ષના ઈતિહાસનો ઉલ્લેખ કરવામાં આવનાર છે. જેમાં ભારત-પાકિસ્તાનના ભાગલાની વાર્તા પણ સામેલ છે. અહેવાલો પર વિશ્વાસ કરવામાં આવે તો ફિલ્મનુ શુટિંગ પાકિસ્તાન-ભારતની સરહદ પર કરવામાં આવનાર છે. પ્રિયંકા ચોપડા લાંબા સમય બાદ બોલિવુડની ફિલ્મમાં એન્ટ્રી કરવા જઈ રહી છે. તે હાલમાં હોલિવુડમાં વ્યસ્ત રહી છે.

હવે મીના કુમારીની ભૂમિકા અદા કરવા સની તૈયાર થઈ

બોલિવુડમાં ધીમે ધીમે લોકપ્રિય સ્ટાર તરીકે ઉભરી રહેલી સેક્સી સ્ટાર સની લિયોન હવે પડકારરૂપ ભૂમિકા અદા કરી રહી છે. તે મીનાકુમારીની લાઈફ પર બની રહેલી ફિલ્મમાં કામ કરશે. આના માટે તે તૈયાર થઈ ગઈ છે. તેને હાલમાં મોટી ઓફર મળી હોવાના હેવાલ મળ્યા છે. આ ઓફર મળ્યા બાદ તેની કેરિયરમાં ટર્નિંગ પોઈન્ટ આવી શકે છે. પ્રાપ્ત અહેવાલ મુજબ મીના કુમારીની ભૂમિકા અદા કરવા માટે અનેક ટોપની અભિનેત્રીઓને ઓફર કરવામાં આવી હતી. આ ઓફરને વિદ્યા બાલન જેવી અભિનેત્રી ફગાવી ચુકી છે. હકીકતમાં વિદ્યા બાલનને તુમ્હારી સુલુની સફળતા બાદ દિગ્ગજ અભિનેત્રી મીના કુમારીની બાયોપિક ફિલ્મમાં કામ કરવાની તક મળી હતી. જો કે વિદ્યા બાલને આ રોલ કરવાનો ઈન્કાર કરી દીધો હતો. એમ કહેવામાં આવે છે કે વિદ્યા બાલન પહેલા આ રોલની ઓફર માધુરી દિક્ષિતને પણ કરવામાં આવી હતી. જો કે વિદ્યા બાલન અને માધુરીએ રોલને કરવાનો ઈન્કાર કર્યો હતો. રિપોર્ટસ મુજબ હવે રાઈટર અને નિર્દેશક કરણ રાજદાને પટકથાને લઈને સની લિયોનની પાસે પહોંચ્યા હતા. એમ માનવામાં આવે છે કે ફિલ્મની પટકથા સની લિયોનને ખુબ પસંદ પડી છે. તે હવે મીના કુમારીના રોલમાં નજરે પડી શકે છે. હાલમાં સની લિયોનની રજૂ થયેલી ફિલ્મ તેરા ઈન્તજાર બોક્સ ઓફિસ પર ફલોપ સાબિત થઈ હતી. ફિલ્મમાં તેની સાથે અરબાજે ખાને ભૂમિકા અદા કરી હતી. સની લિયોન હાલમાં સાઉથની ફિલ્મોમાં પણ કામ કરી રહી છે. સની લિયોનની પાસે સતત સારી ફિલ્મો હાથમાં આવી રહી છે. શાહરૂખ ખાનની રઈસ ફિલ્મમાં તે આઈટમ સોંગ કરવામાં સફળત રહી હતી.

સ્થાનિક બજાર ભાવ

ચોકસી બજાર(કીલોના)
ચાંદી ચોરસા ૪૦૦૦૦-૪૦૫૦૦
રૂપુ કાચું ૪૦૦૦૦-૪૦૫૦૦
સોનુ તોલો ૩૧૫૦૦-૩૨૦૦૦
તેલ બજાર
રાધે પામોલીન ૧૨૦૦
પામોલીન ૧૨૦૦
સોયા રીફાઈન ૧૪૧૦
રાયડાતેલ ૧૫કી.૧૧૨૦-૧૨૪૦
સીંગતેલ૧૫ કી. ૧૪૭૦-૧૫૦૦
સીંગતેલ ૧૫ લી.૧૩૮૦
સીગતેલ ૫ લી. ૪૬૩-૪૬૫
તિરૂપતી કપા. ૧૩૬૦
૫ લીટર ૪૩૨
વનસ્પતિ ઘી ૧૦૪૦-૧૨૦૦
કોપરેલ ૧૫ કિલો ૩૩૦૦
૫ કે. કોપરેલ૧૧૫૦
૫લી. અંકુર સીંગતેલ ૪૬૫
૧૫ લીટર સનફલાય ૧૩૩૦
ટાયગર રાયડા તેલ ૧૫ કી. ૧૩૦૦
૫ લી. ૪૦૫
૨ લી. ૧૬૭
ચોખા-દાળ બજાર
(૧૦૦ કીલોના ભાવ)
કીચન ચેમ્પીયન કલાસીક ૮૫૦૦
કીચન ચેમ્પીયન સુપર ૭૭૦૦
કીચન ચેમ્પીયન તીબાર ૭૨૦૦
કીચન ચેમ્પીયન દુબાર ૬૯૦૦
કીચન ચેમ્પીયન રોજાના ૬૫૦૦
કીચન ચેમ્પીયનમીની દુબાર ૫૮૦૦
કીચન ચેમ્પીયન મોગર ૪૮૦૦
કીચન ચેમ્પીયન મીની મોગરા ૪૪૦૦
કીચન ચેમ્પીયન મીની મોગરા ૩૯૦૦
કીચન ચેમ્પીયન બ્રોકન ૩૦૦૦
દાવત ૧૧૨૧ કલાસીક ૯૫૦૦
દાવત ૧૧૨૧ કલાસીક ૯૫૦૦
દાવત સ્પેસીયલ ૭૮૦૦
દાવત ૭૭૦૦
દાવત તીબાર ૭૭૦૦
દાવત દિલખુશ ૭૮૦૦
દાવત રોજાના ૬૮૦૦
દાવત મોગરા ૪૮૦૦
દાવત મીની મોગરા ૪૦૦૦
ઈ.ગેટ કલાસીક ૨૫ કી.૧૪૦૦૦
ઈ.ગેટ કલાસીક ૧૦ કી.૧૪૨૦૦
ઈ.ગેટ કલાસીક ૫ કી.૧૪૨૦૦
ઈ.ગેટ કલાસીક ૧ કી.૧૪૪૦૦
ઈ.ગેટ સુપર ૨૫+૫ કી.૧૧૨૦૦
ઈ.ગેટ સુપર ૧૦ કી.૧૧૨૦૦
ઈ.ગેટ સુપર ૫ કી.૧૧૬૦૦
ઈ.ગેટ સુપર ૧ કી.૧૦૭૦૦
ઈ.ગેટતીબાર ૨૫ કી.૮૦૦૦
ઈ.ગેટ તી બાર ૧૦ કી.૮૧૦૦
ઈ.ગેટતીબાર ૫ કી.૮૫૦૦
ઈ.ગેટતીબાર ૧ કી.૮૫૦૦
ઈ.ગેટ દુબાર ૨૫ કી.૭૫૦૦
ઈ.ગેટ દુબાર ૧૦ કી.૮૦૦૦
ઈ.ગેટ દુબાર ૫ કી.૮૦૦૦
ઈ.ગેટ દુબાર ૧ કી.૮૦૦૦
દુન પ્રીમીયમ ૯૦૦૦
દુન તીબાર ૨૫ કી.૭૭૦૦
દુન તીબાર ૧૦ કી.૭૨૦૦
નર્મદા મગ પોલીસ ૫૯૫૦
મગદાળ નર્મદા સુપર ૬૦૦૦
નર્મદા મગ મોગર ૬૬૦૦
મગમોગરનર્મદાપ્રીમી ૬૯૦૦
નર્મદા અડદદાળ ૬૦૦૦
ઈન્ડિયા ગેટ મીની જુના ૪૫૦૦
ઈન્ડિયા ગેટ મોગરો ૪૪૦૦
ઈન્ડિયા ગેટ કણકી ૨૮૦૦
ઈન્ડિયા ગેટ ગોલ્ડન સેલા ૬૮૦૦
તુવરદાળ કૃષ્ણા ૭૦૦૦
તુવરદાળ રેંટીયો કિ.૫ ૯૦૦૦
તુવરદાળ ખીડીયાર ૬૧૦૦
લાલ કીલ્લો મેજીસ્ટીક ૯૦૦૦
લાલ કીલ્લો પ્રીમીયમ ૮૦૦૦
લાલ કીલ્લો તીબાર ૭૦૦૦
લાલ કિલ્લો દુબાર ૫૫૦૦
લાલ કિલ્લો મોગરો ૪૫૦૦
હેરીટેઝ એક્ષએક્ષએલ ૯૦૦૦
હેરીટેજ તીબાર ૮૦૦૦
હેરીટેજ દુબાર ૬૨૦૦
હેરીટેજ મીની દુબા ૫૦૦૦
કાયનાત પોપુલર ૬૪૦૦
કાયનાત સુપર ૮૧૦૦
કાયનાત ૬૮૦૦
કાયનાત પ્રીમીયમ ૮૮૦૦
રાજા બાસમતી ૪૦૦૦
કુરૂક્ષેત્ર ૫૮૦૦
પરી નં.૧ ૯૨૦૦
પરી નં. ૭ તીબાર ૮૨૦૦
પરી સુપર દુબાર ૭૪૦૦
કાયનાત ખેનીટાઈમ ૭૨૦૦
એપ્પલ પ્રીમીય ૪૮૦૦
ઓરેન્જ ૬૦૦૦
દાવત અપ્સરા ૫૦૦૦
જીરાસર ચંદન ૩૮૦૦
ચણાદાળ ૪૪૪ ૭૧૦૦
મગદાળ સમરદીપ ૭૨૦૦
મગમોગર રીયલ ૮૦૦૦
અડદદાળ અક્ષર ૮૩૦૦૦
મગ ૫૭૦૦
અંગુર તુવેરદાળ ૭૪૦૦
અંગુરતુવેરદાળઆયાતી ૬૪૦૦
ગાય છાપ તુવેરદાળ ૬૦૦૦
કિસાન તુવેરદાળ ૬૨૦૦
પરખ ગોલ્ડ પ્રીમીયમ ૬૦૦૦
પરખ સ્પેશીયલ ૫૨૦૦
લાલપરી તીબાર જુના ૪૨૦૦
લાલપરી દુબાર જુના ૩૮૦૦
લાલપરી સ્પેશી.નવા ૪૪૦૦
લાલપરી દુબાર નવા ૩૯૦૦
રોયલ ટેસ્ટ બાસમતી ૪૦૦૦
લાલમંદિર બાસમતી ૩૬૦૦
ખાંડ બજાર
(બોરીના ભાવ)
ખાંડ એસ. ૨૮૫૦-૨૯૦૦
ખાંડ એમ. ૨૯૫૦-૩૧૦૦
ખાંડએલ. ૩૦૫૦-૩૧૦૦
ચા-બજાર
સુરજ છાપ ચા ૩૦૦
હરણ છાપ ચા ૨૨૦
આખા મરચાં-હળદર
હળદર આખી રાજાપુરી ૭૦-૧૨૦
હળદર આખી રાજાપુરી ગટ્ટા ૧૦૦-૧૪૦
હળદર આખી સેલમ ૯૦
હળદર તળેલી સાંગલી ૮૦
મરચા વન્ડર હાટ ૨૦૫૦
મરચા વન્ડર મીડીયમ ૧૭૦૦
મરચા તેજા ૧૮૦૦
મરચું ગંતુર મીડીયમ ૧૯૦૦-૨૦૦૦
મરચા ટોમેટો ૨૨૦૦
મરચા ટોમેટો મીડીયમ ૧૯૦૦
કાશ્મીરી ૯૦
કાશ્મીરી મમરી ૯૦
સુપર પટની ૧૦૫
સુપર રજવાડી ૧૯૦
મરચા ડેડીકટ ૧૨૫
મરચાં ૫૮૦૦
ગોળ બજાર
વડેચા ગોલ્ડ ૧૦ કે ૪૪૦૦
વડેચા રજી ૧૦ કે. ૪૬૦૦
વડેચા ૫ કી. ૪૮૦૦
વડેચા ૧ કી. ૫૦૦૦
વડેચા ૨૫૦ ગ્રામ ૫૦૦૦
સાંગલી ૧૦ કે. ૪૩૦૦
ખોળ બજાર ૯૫૦-૧૦૦૦
દાણ ૭૦ કી.ગ્રા.૯૫૦-૧૦૦૦
મોરબી ખોળ ૧૦૫૦-૧૧૦૦
જીરાળુ ૧૪૨૦
ચૂની કોરમુ ૭૦ કિ.ગ્રા. ૯૨૦-૧૫૪૦
મકાઈ ૩૫ કી.ગ્રા. ૫૧૦
જવ ભરડો ૩૫ કી.ગ્રા.૫૭૦
પરચુરણ
સોજી ૭૮૦
મેંદો ૭૫૦
શ્રીફળ એમ. ૧૨૮૦
નિરમા સાબુ૫૨૫
મેદી ૬૦-૧૦૦
અજમો ૧૪૦-૧૭૦
સાકરીયા ૩૮૦૦
ખાંડ બુરૂ ૪૦૦૦
કોકમ ફુલ ૧૮૦
એલચી ૧૧૦૦-૧૪૦૦
મોરૈયો ૬૫-૮૦
તલ ૯૦-૧૦૦
ખસ-ખસ ૩૫૦-૫૮૦
સીંગદાણા ૬૫-૮૦
શાકભાજી(૨૦ કિલોના ભાવ)
દુધી ૮૦-૧૨૦
સુકી ડુંગળી ૧૮૦-૨૦૦
લસણ ૫૦૦-૬૦૦
ધાણા ૪૦૦-૫૦૦
મરચાં ૫૦૦-૬૦૦
લીંબુ ૭૦૦-૧૦૦૦
અડવી પત્તા ૨૦૦-૩૦૦
આદુ ૮૫-૧૦૦
રીંગણ ૩૦૦-૪૦૦
ટામેટા ૨૨૦-૨૬૦
ભીંડા ૨૦૦-૩૦૦
કોબી ૧૨૦-૧૪૦
વટાણા ૧૦૦૦
ટીંડસા ૫૦૦-૮૦૦
ગવાર ૨૪૦-૫૦૦
બાદશાહ બટાકા ૩૪૦-૪૦૦
સાંગા બટાકા ૨૦૦- ૨૪૦

ના માધ્યમથી તમારા લાડલાને અથવા સ્નેહીને જન્મદિન શુભેચ્છાઓ.....

હેપ્પી બર્થ-ડે પ્રિન્સ

પિતાઃગીરીશભાઈ
માતાઃભાવનાબેન
દાદાઃકિર્તીલાલ જયદેવરામ
દાદીઃલીલાબેન કે.
ભાઈઃબેન : રમેશ,નિરલ, વિધિ,આસ્થા, ઋત્વી, હેતુ, વિશ્વા
જન્મ તાઃ ૨૫/૦૫/૨૦૧૨
ઉ.વ.૬
ગામઃ થરાદ (બ.કાં.)

મહેસાણામાં ઝેરી દવા ગટાવનાર યુવકનું સારવાર દરમ્યાન મોત

મહેસાણા

મહેસાણામાં બે દિવસ પૂર્વે ઉંધઈ મારવાની દવા પી જનાર યુવકનું અમદાવાદ ખાતે સારવાર દરમ્યાન મોત નિપજ્યું હતું. આ અંગે શહેર એ ડિવીઝન પોલીસ મથકમાં અકસ્માતે મોતનો ગુનો નોંધ્યો હતો. જાણવા મળતી વિગતો અનુસાર મહેસાણાના કસ્બા વિસ્તારમાં રહેતા કમલેશ મણીલાલ સોલંકીએ ગત સોમવારે ઉંધઈ મારવાની દવા પી લીધી હતી. જેથી તેને મહેસાણા સિવીલમાં ખસેડવામાં આવેલ બાદમાં અમદાવાદ રિફર કરવામાં આવેલ જ્યાં સારવાર દરમ્યાન તેનું મોત થયું હતું.

કાંસા ગામે શ્રમિક મહિલા મિક્ષર મશીનમાં ફસાતા હાલત ગંભીર

મહેસાણા

વિસનગર તાલુકાના કાંસા ગામમાં કન્સ્ટ્રકશનની સાઈડ ઉપર કામ કરતી એક આધેડ મહિલા એકાએક મિક્ષર મશીનમાં ફસાઈ ગઈ હતી. જેનાથી તેણીને ગંભીર ઈજાઓ થતાં પ્રથમ મહેસાણાની સિવીલમાં અને ત્યારબાદ વધુ સારવાર અર્થે અમદાવાદ ખસેડવામાં આવી હતી. જાણવા મુજબ કાંસા ગામમાં થઈ રહેલા બાંધકામની સાઈડે ગત સોમવારે મંજુલાબેન જીવણભાઈ ચાવડા (ઉ.વ.૫૦) નામની શ્રમિક મહિલા કામ કરી રહી હતી ત્યારે અચાનક તે મિક્ષર મશીનમાં ફસાઈ જતાં તેણીને ગંભીર ઈજાઓ થઈ હતી. જેથી તેણીને સારવાર માટે મહેસાણા સિવીલમાં ખસેડવામાં આવી હતી બાદમાં વધુ સારવાર માટે અમદાવાદ રિફર કરાઈ હતી.

પાટણમાં આઈસ્ક્રીમની દુકાનમાં આગ લાગતા માલસામાન ખાખ

પાટણ

પાટણમાં ગત રવિવારે મોડી રાત્રે રેલવે સ્ટેશન રોડ પર આવેલ સિંધી માર્કેટની એક આઈસ્ક્રીમની દુકાનમાં કોઈ અગમ્ય કારણોસર શાર્ટ સર્કિટથી આગ ભભુકી ઉઠી હતી. જેના કારણે દુકાનમાં ઈલેક્ટ્રીક ઉપકરણો સહિત માલસામાન બળીને ખાખ થઈ ગયો હતો. પાટણના રેલવે સ્ટેશન રોડ પર સિંધી માર્કેટમાં રસરાજ આઈસ્ક્રીમની દુકાનમાં માલીક સુજાસભાઈ ઠક્કર ગત રવિવારે રાત્રે નિત્યક્રમ મુજબ રાત્રે ૧૧ વાગ્યાના અરસામાં દુકાન બંધ કરીને ઘરે ગયા હતા બાદમાં મોડી રાત્રે દુકાનના મીટરમાં સર્કીટમાં આગ લાગતા માલસામાન બળીને ખાખ થઈ ગયો હતો જો કે ફાયર ફાઈટર દ્વારા પાણીનો મારો ચલાવી આગને કાબુમાં લેવામાં આવી હતી. જો કે ફ્રીજ સહિત ઈલે. ઉપકરણો ખાખ થઈ ગયા હતા.

પાટણમાં ત્રણ દરવાજાથી શારદા સીનેમાનો રોડ પેવર બનાવવા માંગ

પાટણ

પાટણમાં ત્રણ દરવાજાથી જુના શારદા સીનેમા તરફનો રોડ વર્ષોથી સીંગલ પટ્ટીનો છે અને રોડ બંને સાઈડોમાંથી તૂટી ગયેલ હોવાથી દેવચકી વાહનો સ્લીપ થઈ અકસ્માત સર્જતા હોય છે. ત્યારે પાટણ પાલિકા દ્વારા વિકાસના કામો થાય છે ત્યારે જુના રોડ જે ઉબડ ખાબડ બની ગયા તેને પેવર બનાવવામાં આવ તો અકસ્માતના ભયને ટાળી શકાય આજ રીતે ત્રણ દરવાજાથી મદારસા અને કનસડા દરવાજા સુધીનો રોડ વિસ્તાર બની ગયો છે. વર્ષો જુના આ રોડને પેવર બનાવવા પાલિકામાં રજુઆત પણ કરવામાં આવી છે. આમ શહેરના અંદરના જુના રોડને પેવર કરવામાં આવે તો ચોમાસામાં પાણીનો ભરાવો થઈ શકશે નહિ.

વિવિધ બજાર ભાવ

પીલૂડા	
રાયડો :	૭૨૦ થી ૭૫૧
એરંડા :	૭૫૫ થી ૭૭૧
જીરું :	૨૬૨૫ થી ૨૯૧૧
સુવા :	૮૦૦ થી ૮૦૦
ઈસબગુલ :	૧૨૫૦ થી ૧૪૩૮
અજમો :	૧૫૨૦ થી ૨૦૧૧
ચીકુડી :	૧૧૪૫ થી ૧૨૭૦
અસાળીઓ	૮૭૦ થી ૮૭૦
રજકો	૨૩૫૦ થી ૨૬૨૬
ડીસા	
ઘઉં	૩૨૭-૩૫૨
બાજરી	૨૩૨-૨૬૫
રાજગરો	૧૦૫૧-૧૧૮૨
જીરૂ	૨૭૩૫-૨૭૬૫
તમાકુ	૧૦૭૧-૧૪૦૧
રાજગરો	૧૧૮૦-૧૨૭૩
ઈસ.	૧૨૪૨
એરંડા	૭૭૦-૭૮૦
રાયડો	૭૦૦-૭૩૨
લાખણી	
એરંડા	૭૫૭-૭૭૫
રાયડો	૭૦૦-૭૩૧
વરી.	૧૦૦૦-૧૩૮૫
ઈસ.	૧૧૦૦-૧૨૦૫
સુવા	૮૦૦-૮૯૦
રાજગરો	૧૧૨૩
અસાળીયો	૭૧૧
ચીકુડી	૧૧૫૦-૧૨૪૯
રજકો	૨૬૭૧
અજમો	૧૦૧૧
ગવાર	૬૮૦-૭૦૨
પાંથાવાડા	
ઘઉં	૨૮૦- ૩૬૨
બાજરી	૨૧૫- ૨૩૦
રાજગરો	૧૦૧૬-૧૧૫૧
ઈ.ગુલ	૧૧૫૦-૧૧૮૧
ચણા	૬૩૦
એરંડા	૭૬૦- ૭૭૦
રાયડો	૭૦૧- ૭૪૦
ધાનેરા	
ઘઉં	૩૧૧-૩૫૦
બાજરી	૨૩૦-૨૬૧
જવ	૨૯૦-૩૦૦
ગવાર	૭૧૨-૭૨૩
રાયડો	૬૭૦-૭૨૬
એરંડા	૭૬૧-૭૭૮
સુવા	૭૯૮-૯૧૨
વરી.	૧૦૯૨-૧૩૧૧
ઈસ.	૧૦૦૦-૧૪૫૪
તલ	૧૪૨૬-૧૫૦૦
રજકો	૨૩૧૨-૨૫૭૧
જીરૂ	૨૭૭૮-૨૯૦૫
રાજગરો	૧૦૦૦-૧૧૨૫
અજમો	૫૦૦-૧૬૦૦
ચીકુડી	૧૦૯૪-૧૨૭૦
રજકાબા.	૩૮૨-૪૧૫
થરા	
જીરૂ	૨૫૭૦-૩૨૫૩
એરંડા	૭૬૪-૭૮૧
રાયડો	૭૧૦-૭૧૫
ઘઉં	૩૨૦-૩૯૦
બાજરી	૨૩૫-૨૫૦
વરી.	૧૧૦૦-૧૫૮૫
ગવાર	૬૯૦-૭૦૦
સિધ્ધપુર	
જીરૂ	૨૭૩૬
વરી.	૧૨૩૧
ઈસ.	૭૫૫-૧૧૮૧
રાયડો	૬૯૧-૭૫૫
એરંડા	૭૩૦-૭૮૨
ઘઉં	૩૨૦-૪૪૦
મેથી	૫૧૫-૫૨૧
ગવાર	૭૦૬-૭૧૪
જુવાર	૬૨૨-૭૩૩
જવ	૨૭૦
કપાસ	૭૦૦-૯૦૦
બાજરી	૨૦૧-૨૬૨
સવા	૮૪૫-૮૬૨
પાટણ	
જીરૂ	૨૨૦૦-૨૮૭૧
વરીયાળી	૧૧૫૦-૧૬૮૦
મેથી	૩૦૦-૫૧૧
સુવા	૬૦૦-૧૦૩૦
રાયડો	૬૫૦-૭૬૬
એરંડા	૭૬૦-૭૮૨
ઈસ.	૧૦૦૦-૧૩૦૦
અજમો	૫૦૦-૧૧૨૦
ઘઉં	૩૦૦-૪૦૧
બાજરી	૨૦૦-૨૫૯
રજકો	૨૦૦૦-૨૮૫૧
જવ	૨૭૦-૨૮૭
ચીકુડી	૧૨૨૫-૧૨૯૫
ગવાર	૬૮૧-૭૨૦
થરાદ	
રાયડો	૭૨૩-૭૫૭
એરંડા	૭૬૦-૭૭૨
જીરુ	૨૫૦૦-૩૧૨૫
વરીયાળી	૧૧૪૦-૧૩૦૦
ચિકુડી	૯૫૦-૧૨૭૧
ઈસબગુલ	૧૩૦૦-૧૬૦૦
અજમો	૧૦૦૦-૨૦૦૦
મેથી	૪૫૧-૧૦૦૦
સોવા	૭૦૦-૮૭૧
ગવાર	૭૦૦-૭૧૫
રજકો	૨૦૦૦-૨૭૦૧
રાહ	
રાયડો	૭૦૦-૭૨૫
એરંડા	૭૬૦-૭૭૦
ચિકુડી	૧૧૦૦-૧૨૬૦
સોવા	૭૯૦-૮૪૫
બાજરી	૨૪૦-૨૬૫

ચાણસ્મા તાલુકામાં તલાટીઓની અનિયમિત હાજરીના કારણે લોકોને પરેશાની

પ્રતિ .ચાણસ્મા

ચાણસ્મા તાલુકામાં હાલમાં ફરજ બજાવતા રેવન્યુ અને પંચાયત તલાટીઓની અનિયમિત હાજરીને કારણે લોકો પારાવાર મુશ્કેલી વેઠી રહ્યા છે પંચાયતમાંથી રેન્યું તલાટીનું વિભાજન થયા બાદ આ તાલુકામાં ૪૨ ગામોએ પંચાયત તલાટી તરીકે ૩૬ અને રેવન્યુ તલાટી તરીકે ૧૨ કર્મચારીઓ તેમની ફરજ બજાવે છે. અને હાલમાં ૫ ગામોએ પંચાયત તલાટીઓની જગ્યાઓ ખાલી છે. મોટાભાગના ગામોએ રેવન્યુ તલાટીઓએ હાજર રહેવાને બદલે તમામ કામગીરીનું સંચાલન તાલુકા કચેરી કક્ષાએથી કરતા હોઈ લોકોને રોજ-બરોજ તાલુકા કચેરીના ચક્કર કાપવા પડે છે.

રાજ્યન પંચાયત વિભાગ દ્વારા પંચાયત અને રેવન્યુ એમ બે વિભાગમાં મહેકમ મુજબ તલાટીઓની નિમણુક કરી કામની જવાબદારી સોંપવામાં આવી છે. ચાણસ્મા તાલુકામાં રેવન્યુ તલાટી હાલમાં ૧૨ કર્મચારીઓ ફરજ બજાવે છે. પરંતુ તેમની નિમણુંક થતાની સાથે તમામ રેવન્યુ રેકર્ડ તાલુકા કક્ષાએ લાવી તેઓ ગામે જવાને બદલે અરજદારોને જરૂરી કામ માટે તાલુકામાં બોલાવે છે. એક પણ તલાટી ગામે હાજર રહેતા નથી પરીણામે અરજદારોમાં કચવાટની લાગણી ફેલાઈ છે.

પંચાયત તલાટી તરીકે ૩૬ કર્મચારીઓ ફરજ બજાવે છે. તેઓ પણ ફરજના સ્થળ પર અઠવાડિયામાં બે ત્રણ દિવસ માંડ હાજરી આપે છે. પરીણામે અરજદારોના જરૂરી કામો સમયસર થતા નથી. અનિયમિત હાજરીની સામે સરપંચ સહિત ગામ લોકોની ફરીયાદ હોવા છતાં જિલ્લા કક્ષાએથી કસુરવાર કર્મચારીઓ સામે કોઈ જ પગલાં લેવાતા નથી.

ચાણસ્મા તાલુકાના પાંચ ગામોમાં તલાટીની જગ્યાઓ ખાલી ચાણસ્મા તાલુકાના મહેકમ-પ્રમાણે નક્કી થયેલ ગામો પૈકી સેવાળા-બ્રાહ્મણવાડા-વસઈ-લણવા અને કારોડા ગામે છેલ્લા ૬ માસથી તલાટીઓની જગ્યાઓ ખાલી હોવાને કારણે અરજદારોને ભારે હાલાકી વેઠવી પડે છે. જેથી જિલ્લા વિકાસ અધિકારી પાટણ દ્વારા નવીન તલાટીઓની નિમણુંક સત્વરે કરવામાં આવે તેવું લોકો ઈચ્છી રહ્યા છે.

ગુજરાતમાં દારૂબંધી..!! બટાટાની ગુણીઓ નીચે સંતાડી લવાતો ૨૫ લાખનો દારૂ ઝડપાયો

મહેસાણા

ગુજરાતમાં દારૂબંધી હોવા છતાં પણ લાખો રૂપિયાની કિંમતનાં વિદેશી દારૂની હેરાફેરી દરરોજ ઝડપાઈ રહી છે.મહેસાણા એલસીબી અને તાલુકા પોલીસે સંયુક્ત ઓપરેશન હાથ ધરીને રામપુરા ચોકડી પાસેથી બટાટાની ગુણીઓ નીચે સંતાડેલી રૂપિયા ૨૪.૯૮ લાખની કિંમતની ૯૮૮૮ નંગ વિદેશી દારૂની બોટલો સાથે રાજસ્થાનનાં એક ઈસમને ઝડપી પાડ્યો હતો. પોલીસે વિદેશી દારૂ કબજે લઈને વિદેશી દારૂ ક્યાંથી આવ્યો હતો અને કોને ડીલીવરી આપવાની હતી તેવા સવાલોનાં જવાબ મેળવવા તપાસ હાથ ધરી છે.

મહેસાણા એલસીબીનાં પીએસઆઈ વાય.જે.રાઠોડ તેમજ સ્ટાફનાં માણસો હીરાજી, ચેતનકુમાર, રાજેન્દ્ર સિંહ, મહેન્દ્રકુમાર, નીલેશ કુમાર, રશ્મેન્દ્રસિંહ અને તાલુકા પીઆઈ જે.એ.બારોટ તેમજ સ્ટાફનાં માણસો નરેશકુમાર અને પિયુષકુમારને મળેલી ખાનગી બાતમીનાં આધારે સોમવારે મોડી રાત્રે રામપુરા ચોકડી પર વાહન ચેકીંગ કરતાં હતા તે દરમિયાન પાલાવાસણા ચોકડી તરફથી આવી રહેલાં RJ-31 GA-1209 નંબરનાં ટ્રેલરને રોકીને તપાસ કરતાં તેમાં બટાટાની ગુણીઓ ભરેલી હતી. બટાટાની ગુણીઓ હટાવાતાં તેમાંથી વિદેશી દારૂની પેટીઓ જોવા મળી હતી. જ્યાં બટાટાની ગુણીઓ ઉતારીને વિદેશી દારૂની પેટીઓની તપાસ કરતાં તેમાથી રૂપિયા ૨૪,૯૮,૪૦૦ ની કિંમતની ૬૦૮ પેટીઓમાંથી ૯૮૮૮ નંગ વિદેશી દારૂની બોટલો મળી આવી હતી.તેથી પોલીસે બે મોબાઈલ, રોકડ રકમ રૂપિયા ૧૪૫૦ તેમજ ટ્રેલર મળીને કુલ રૂપિયા ૩૫,૦૧,૯૫૦ નો મુદ્દામાલ કબજે લઈને આ વિદેશી દારૂ ક્યાંથી લાવવામાં આવ્યો હતો, કોને ડીલીવરી આપવાની હતી અને દારૂની હેરાફેરીમાં કોણ કોણ સંડોવાયેલું છે તે અંગે પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

સુજલામ સુફલામ અભિયાન- સમી તાલુકાના બાસ્પાના મહમદપુરામાં તળાવ ખોદકામમાં શ્રમજીવીઓ કામે લાગ્યા

પાટણ

રાજ્ય સરકારના જળસંચય અભિયાનમાં મનરેગા યોજના હેઠળ લોકો રોજગારી મેળવી રહ્યા છે. સુજલામ સુફલામ અભિયાન જળસંચય સાથે રોજગારીનું સર્જન કરનાર અભિયાન બન્યું છે. રોજગારી સાથે જળસંચયનો બેવડો લાભ આપતું આ અભિયાન પાટણ જિલ્લામાં આશિર્વાદ રૂપ બન્યું છે. આજે આપણે વાત કરીએ પાટણ જિલ્લાના સમી તાલુકાના બાસ્પાના મહમદપુરામાં ગામની. બાસ્પા ગામ ખેતી અને પશુપાલનના વ્યવસાય સાથે સંકળાયેલ છે. અંદાજીત ૩૦૦૦ની વસ્તી ધરાવતું આ ગામમાં તળોવનું ખોદકામ ચાલી રહ્યું છે બાસ્પા ગામના મહમદપુરામાં સર્વે નંબર ૧૦૫ અને ૧૧૦નું ખોદકામ કરવામાં આવી રહ્યું છે. ગામમાં ૪૭૦ થી વધુ શ્રમજીવીઓ કામે લાગ્યા છે. તળાવ ખોદકામ થયા બાદ ૨૨૮૩ સી.એમ.સી માટી નીકાળી ૨૨.૩૮ લાખ જળસંગ્રહ થવાનો છે જેનો સીધો ફાયદો ગ્રામજનોને મળનાર છે.

મહમદપુરાના શ્રમજીવીએ ઠાકોર વિષ્ણુ જી માધાજી જણાવ્યું હતું કે રાજ્ય સરકારનું જળસંચય અભિયાન અમારા જેવા શ્રમજીવીઓ માટે આશિર્વાદ રૂપ છે.

રોજગારી સાથે ગામનું ભલું થાય તેવો કાર્યક્રમ આજ સુધી મેં જોયો નથી.આ ઉપરાંત જે કામ કર્યું હોય તેના નાણાં સીધાં ખાતામાં જમા થાય છે. ગ્રામ વિકાસ એજન્સી નિયામક દિનેશ પરમારે જણાવ્યું હતું કે જિલ્લામાં મનરેગા યોજનાના ૨૦૪ કામો થઈ રહ્યા છે.

૧૦૬ તળાવો, ૧૯ આડબંધ, ૪૬ ખેતતલાવડી, ૨૧ બંધપાળા, ૪ હોલીયા, ૭ ચેકડેમ, અને ૧ જમીન સુધારણાના કામોમાં ૧૧,૬૦૨ શ્રમજીવીઓ જોડાયા છે. જિલ્લામાં મનરેગામાં ૬,૨૪૨ ઘનમીટર જથ્થો માટી નીકળી હજારો ઘનમીટર પાણીનો સંગ્રહ થવાનો છે.

- સંકલન ડી.પી.પટેલ

બ્રહ્માકુમારી દ્વારા વ્યસનમુક્તિ કાર્ય ખુબ સરાહનીય છે : સરપંચ

પાટણ

બ્રહ્માકુમારીઝ પાટણ દ્વારા વ્યસનમુક્તિની ખૂબ સુંદર ગામેગામ સંદેશ આપવાનો કાર્ય કરવામાં આવી વર્તમાન સમયની સૌથી મોટી સમસ્યા હોય તો તે છે વ્યસન , વ્યસન ઉધઈની જેમ પરિવારને કોરી ખાય છે આર્થિક શારીરિક સામાજિક કેટકેટલા નકશા નો આધાર વ્યસન છે સંડેર ગામ વતની ૪૫થી વધુ વર્ષોથી મુંબઈમાં થયેલા નારણભાઈ પટેલ અને તેમના બે દીકરાઓ દેવેન્દ્ર ભાઈ અને નરેન્દ્ર ભાઈ જેમને બ્રહ્માકુમારીઝ જ્ઞાન લઈને ઘરમાં રહેવા છતાં કમળ સમાન શુદ્ધ જીવન બનાવીને પોતે વ્યસનમુક્ત રહીને અનેક લોકોને વ્યસન મુક્ત બનાવવા નું બીડું ઉઠાવ્યું છે,વ્યસનના કારણે આર્થિક નુકસાન ઘણું બધું થાય છે, કેટલાય પરિવારોમાં સાંજ પડે દ્વેર્ક્ષ નથી સળગતો આવી પરિસ્થિતિમાં પણ હાય શરાબ છોડવા તૈયાર થતા નથી રોજ ઘરમાં લડાઈ-ઝઘડા હતી ના કારણે બાળકો પર પણ એકલા ખરાબ સંસ્કાર પડે છો અનેક લોકોને વ્યસન મુક્ત બનાવવા માટે હેર કેર અને ગામે ગામ જઈને વ્યસન છોડાવવાનો પ્રયાસ કરી રહ્યા છ બીડી સિગરેટ તમાકુ અને શરાબ વર્તમાન સમય ખૂબ ભરડો લીધો છે જેના કારણે સમાજમાં કેટલા દુષણો વધતા જઈ રહ્યા છે, વ્યસનના કારણે કેટલા યુવાનો મોતના મુખમાં હોમાઈ રહ્યા છે,

સંડેર માં હોળી ચકલા અને રામજી મંદિર પાસે ૧૬૦ લોકોએ લાભ લીધો ડાભડી મંદિરના મેદાનમાં અને પરામાં ભલગામ તાલુકા પંચાયત ઓફિસ સામે કુણઘેર દૂધ ડેરી સામે, રામજી મંદિરના સામે, રામદેવપીર ના મંદિર સામે પ્રાથમિક શાળાના ચોકમાં

બ્રહ્માકુમારી સેન્ટર ના ચોકમાં, ઓળખીએ માનપુર અડિયા ચંદ્રુમાણા કાદિપુર ખારીવાવડી તોરણીયા જેવા ગામોમાં જુદા-જુદા કાર્યક્રમો દ્વારા વ્યસનમુક્તિની સંદેશ આપતી સુંદર લઘુનાટિકા દ્વારા અનેક લોકોને વ્યસન મુક્ત બનવાનો સંદેશ આપવામાં આવ્યો હજારો લોકોએ આ કાર્યક્રમનો લાભ લીધો.., હેતલબેન, મોતીભાઈ ,અંકિત કુમાર, બાબુભાઈ, રણજીતભાઈ વગેરેએ ભારે જહેમત ઉઠાવી હતી.

પાટણની લોકમાતા રૂપેણ નદીને પુર્નઃજીવિત કરાશે

મનરેગા યોજના હેઠળ રૂ.૫૭.૩૩ લાખના ખર્ચે ૩૦ કામો કરાશે

પાટણ

લોકમાતા છે અમારી નદી,સહુની પ્યારી છે અમારી નદી.જનજીવનને પોષણ આપનારી રૂપેણ નદીને પુર્નઃજીવિત કરવાનું કામ રાજ્ય સરકારે સુજલામ સુફલામ અભિયાન તળે હાથ ધર્યું છે.પાટણ જિલ્લામાં મનરેગા યોજના હેઠળ રૂ.૫૭.૩૩ લાખના ખર્ચે નદીને પુર્નઃજીવિત કરાઇ છે. નદી પુર્નઃજીવિતથતાં કાંઠા વિસ્તારના ફતેપુરા ગામને સીધો ફાયદો મળનાર છે.

આ નદી ઉત્તરગુજરાતની મહત્વની નદીઓ પૈકીની એક ગણાય છે. રૂપેણ નદી કુંવારી નદીગણાય છે, કારણ કે આ નદીનું પાણી સમુદ્રમાં નથી મળી જતું પરંતુ, કચ્છનાનાનારણમાં જ સમાઇ જાય છે. પાટણ જિલ્લાના કાંઠા વિસ્તારમાંરૂપેણ નદીના કાંઠે ફતેપુરા ગામ આવેલું છે. રૂપેણ નદીને પાટણ જિલ્લાના ફતેપુરા ગામથી ૦૩ કિલોમીટર સુધી પુર્નઃજીવિત કરાઇ છે.નદી પુર્નઃજીવિત કરવાના ખાતમુહુર્ત પ્રસંગે રાજ્યના શ્રમ અને રોજગાર મંત્રીશ્રી દિલીપકુમાર ઠાકોર ઉપસ્થિત રહ્યા હતા.

રૂપેણ નદી તારંગા હીલમાંથી નીકળે છે. અને કચ્છલના નાના રણને મળે છે. નદીની લંબાઇ ૧૫૬ કિ.મી. છે અને સ્ત્રા વક્ષેત્ર ૨૫૦૦ ચો.કિ.મી. છે. રાજ્ય સરકારના મહત્વાકાંક્ષી સુજલામ સુફલામ જળ અભિયાન તળે રૂપેણ નદીને પુર્નઃજીવિત કરવાનું કામ થઇ રહ્યું છે. જેમાં૧૧ ચેકડેમ,૧ આડબંધ,૧૬ બંધપાળા,૧ જમીન સુધારણા અને ૧ તળાવ ઉંડું કરવાનું કામ થકી કુલ ૩૦ કામો થઇ રહ્યા છે.રૂપેણ નદી પુર્નઃજીવિત પ્રોજેક્ટમાં રૂ.૫૭.૩૩ લાખનો ખર્ચ કરાયો છે. જેમાંથી મજુરી ખર્ચ રૂ.૧૯.૯૫ લાખ અને જેનાથી ૧૦,૨૮૩ માનવદિન રોજગારી ઉત્પન્ન થનાર છે. આ કામમાં ૬ જે.સી.બી અને ૧૫ ટ્રેકટર થકી જનસમુદાયને જોડીને કામ કરાયું છે.

નદીને લોકમાતાનું સ્વરૂપે આપેલ છે. જિલ્લામાં રૂપેણ નદી પુર્નઃજીવિત પ્રોજેકટમાં જનસહયોગ મળી રહ્યો છે.ફતેપુરા ગામને સીધો ફાયદો મળનાર છે.આ પ્રોજેકટ થકી સિંચાઇની સુવિધા સહિત ભુગર્ભ જળસ્તર ઉંચા આવશે. આ ઉપરાંત આ પ્રોજેક્ટ થકી ફતેપુરા,ટુવડ અને ધનોરા ગામના ૪૨૯ શ્રમજીવીઓને સીધી રોજગારી મળી છે.

રૂપેણ નદી પુર્નઃજીવિત થવાથી જળસંગ્રહ સાથે ગ્રાઉન્ડ વોટર રીચાર્જ થઇ પાણીની સમસ્યા હલ થશે.આ ઉપરાંત પિયતમાં વધારો થવાથી પાક ઉત્પાદન સીધું વધશે.જિલ્લામાં આ મહાકાય પ્રોજેક્ટ થકી જમીન ધોવાણ અટકી ખારાશ ઘટનાર છે. જેના થકી પશુપાલન,બાગાયત,સ્વસહાય જુથોની પ્રવૃતિઓને વેગ મળી પર્યાવરણનું જતન થનાર છે.

- સંપાદન ડી.પી. પટેલ

ગુજરાતમાં જેઆઈએમ ખાતે મારુતિ સુઝુકીના પ્રતિભાશાળી વિદ્યાર્થી રાજ્ય સ્તરીય વર્લ્ડ સ્કીલ કોમ્પિટિશનમાં વિજેતા

મહેસાણા

મહેસાણાની ગણપત યુનિવર્સિટી ખાતે મારુતિ સુઝુકીના જાપાન ઇન્ડિયા ઇન્સ્ટિટ્યુટ ઓફ મેન્યુફેક્ચરિંગ (જેઆઇએમ)ના યુવાન અને પ્રતિભાશાળી વિદ્યાર્થી દર્શક લુણાગરિયાએ વર્લ્ડ સ્કિલ કોમ્પિટિશનમાં રાજ્ય સ્તરની કાર પેઇન્ટિંગ કેટેગરીમાં પ્રથમ ક્રમ હાંસલ કર્યો છે ૧૮ વર્ષના દર્શક જેઆઇએમ ખાતે પ્રથમ બેચના વિદ્યાર્થીઓ પૈકીના એક છે અને તેમને રૂ. ૫૦,૦૦૦નું ઈનામ એનાયત કરવામાં આવશે. આ સિદ્ધિ પહેલાં તેમણે ઝોનલ રાઉન્ડ્સમાં પણ પ્રથમ ક્રમ હાંસલ કર્યો હતો અને તેનાથી તેમને રાજ્ય સ્તરીય સ્પર્ધામાં આગળ વધવાની તક મળી. હવે દર્શક ૨૫મી મે, ૨૦૧૮ના રોજ જયપુર ખાતે યોજનારી રિજનલ લેવલ કોમ્પિટિશનમાં ગુજરાતનું પ્રતિનિધિત્વ કરશે. ઉલ્લેખનીય છે કે નેશનલ સ્કીલ ડેવલપમેન્ટ કોર્પોરેશન (એનએસડીસી) દ્વારા યુવાનોમાં કૌશલ્યોને પ્રોત્સાહન આપવાના પ્રયાસરૂપે દેશભરમાં વર્લ્ડ સ્કીલ કોમ્પિટિશનનું આયોજન કરાઇ રહ્યું છે. કાર પેઇન્ટિંગ કેટેગરીમાં દર્શકે ૮૭ સહભાગીઓમાંથી ટોચનો ક્રમ હાંસલ કર્યો હતો.રાજકોટના રહેવાસી દર્શક જેઆઇએમ ખાતે મિકેનિક ઓટો બોડી પેઇન્ટ (એમએબીપી)નો કોર્સ કરી રહ્યાં છે. ઉલ્લેખનીય છે કે ગુજરાત વાર્ષિક ૧૦ લાખ વિહિકલના યુનિટની ઉત્પાદન ક્ષમતા સાથે દેશમાં ઓટોમોબાઇલ મેન્યુફેક્ચરિંગનું હબ બની રહ્યું છે. રાજયમાં આશરે ૩૦ ઓટોમેટિવ ક્લસ્ટર્સ છે. જેઆઇએમ જેવી ઇન્સ્ટિટ્યુટથી ઓટોમોબાઇલ કંપનીઓ માટે કુશળ કામદારો તૈયાર કરવામાં મદદ મળી રહેશે.

સાબરકાંઠા જિલ્લાનો પ્રિ-મોન્સૂન એકશન પ્લાન તૈયાર

હિંમતનગર

પુર વાવાઝોડા તથા અન્ય જોખમો અંગેની પૂર્વ તૈયારીના ભાગરૂપે સાબરકાંઠા જિલ્લા ડિઝાસ્ટર વિભાગ દ્વારા પ્રિ-મોન્સૂનના આયોજન અંગેની બેઠક જિલ્લા સમાહર્તા શ્રી પ્રવિણા ડી.કેની અધ્યક્ષતામાં કલેકટર કચેરી ખાતે યોજાઇ હતી.

જેમાં દરેક તાલુકાના તાલુકા ડીઝાસ્ટર મેનેજમેન્ટ પ્લાન મામલતદાર ધ્વારા ,શહેરી વિસ્તારના સીટી ડીઝાસ્ટર મેનેજમેન્ટ પ્લાન ચીફ ઓફિસર ધ્વારા અને વિલેજ ડીઝાસ્ટર મેનેજમેન્ટ પ્લાન ટીડીઓ ધ્વારા ઓનલાઈન અપડેટ કરવાની કામગીરી હાથ ધરવા કલેકટર શ્રી પ્રવિણા ડીકે જણાવ્યું હતું. જેમાં જીલ્લા ના દરેક વિભાગોના ડીઝાસ્ટર પ્લાન તૈયાર કરવા ભાર આપ્યો હતો.

આ ઉપરાંત ચોમાસા દરમિયાન જીલ્લામાં કુલ ૫૪ આપદા મિત્રો ને એસઆરપી કેમ્પ ખાતે તાલીમ આપી તૈયાર તથા તાલુકા દીઠ ૬ અને જીલ્લાના ૬ એમ કુલ ૫૪ આપદામિત્રો તંત્ર ને સહાયરૂપ બને તે દિશામાં કામ કરવા જણાવ્યું હતું.

બેઠક દરમિયાન સિંચાઈ વિભાગ ધ્વારા વાયરલેસ થી દર બે કલાકે સ્થિતિ ની જાણકારી આપવા અને પોશીના ,ખેડબ્રહ્મા અને વિજયનગર જેવા તાલુકાઓમાં માર્ગ અને મકાન વિભાગ તથા સિંચાઈ વિભાગ કોઝ વે પર ઊંડાઈ દર્શાવતા બોર્ડ મુકવા જણાવ્યું હતું જયારે દર સોમવારે લાયઝન અધિકારી વરસાદની પરિસ્થિતિ નું મૂલ્યાંકન કરવા જણાવ્યું હતું.

તેમણે મામલતદારોને દરેક ગામોની ૧૦ વ્યક્તિઓની સંપર્ક સૂચી તૈયાર કરવામાં અને જીલ્લા મત્સ્યઉદ્યોગ વિભાગ તાલુકા મામલતદાર ને બોટો અંગેની અધતન માહિતી પૂરી પાડવા જણાવ્યું હતલ

જિલ્લામાં ૧ લી જુન થી તાલુકાના અને જીલ્લાનો કન્ટ્રોલ રૂમ રાઉન્ડ ધી કલોક શરૂ કરવા ખાસ તકેદારી રાખવા જણાવ્યું હતું જ્યાં નદી કિનારાના ગામો ,તરવૈયાનું લીસ્ટ ,પ્લાન ની નકલ ,સાધનો ની વિગત સહિતની તમામ માહિતી ઉપલબ્ધ હોય તે જરૂરી ગણાવ્યું હતું

અતિવૃષ્ટિની પરિસ્થિતિમાં તાલુકા વાઈઝ નુકશાન સર્વેની ટીમો ની રચના થાય અને દરેક નગરપાલિકા ફાયર બ્રિગેડ ધ્વારા આપ્દામીત્રો ને સાથે રાખી ક્વિક રિસ્પોન્સ ટીમ બનાવાય તેમ ભારપૂર્વક જણાવ્યું હતું. જયારે ચોમાસા પહેલા દરેક તાલુકા કક્ષાએ લાયઝન અધિકારી ધ્વારા મોકડ્રીલ યોજીને સતર્કતા દાખવાની કામગીરી કરવા જણાવ્યું હતું બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારી શ્રી સ્તુતિ ચારણ, પ્રાંત અધિકારીશ્રીઓ, તમામ મામલતદાર-તાલુકા વિકાસ અધિકારી, ચીફ ઓફિસર સહિત અન્ય અમલીકરણ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.